ઝરથુસ્તી દીનના ભેદની મૂળ કુંચી,

ભાગ ૧ લો.

રચનાર
સુરત, રૂસ્તમપુરાના
બહેરામજી ડોસાભાઇ બસલા,
જુબિલી કવિતા, અંતર જગત પ્રવાસ, તથા યથા,
અષેમ, યેડંહે હાતાંમના ભેદના કર્ત્તા.

“ હે દીનદારો ! અહુરમઝદી દીન જે તમને પાછી મળી છે તેને નાબુદ કરતા ના, (૨) બરહક દીનના કલામોને છોડી દેતાં સાવચેત રહેજો, (૩) તેને ઠોકર મારતાં સાવધ રહેજો. ”—મોટા દારા પાદશાહના અસ્તોદાન પરનો લેખ.

Key to the Mysteries of Zoroastrian Religion, Part I,

by
BEHRAMJI DOSABHAI BASLA,
of SURAT, Rustompura,
Author of Jubilee Poems, Travels in the World Within, and Yathà, Ashem, & Yenghe Hátám.

1899.

ગોધરા—રેવાકાંઠા સમાચાર છાપખાનામાં તથા
અમદાવાદ સમશેર બહાદુર છાપખાનામાં છાપ્યો.
પ્રગટ કરનાર નસરવાનજી ડોસાભાઇ
(અમદાવાદ અસ્તોદયા ચકલો.)
૧૮૯૯
કિમ્મત રૂ. ૨—૦—૦

This heav'n-bright Sun, whose failing rays in west
Have dappled now those cloudy sheets at rest,
Was by the Ram, and by Ram 'tis this time.
To make thy mind, dipp'd into woes, sublime
<u>By-Ram</u> <u>Do-so-boy</u> <u>Bass-lay</u> sweet mind there,
And drown in friendly circles' chears thy care.—

Author's autobiographical juvenile Poems.

દીબાચો.

છપ્પો.

સ્વર્ગ નર્કનું જ્ઞાન, જોષી-રાજ તણી વાતો;
અવતાર પણ નિદાન, યોગીની કરામાતો;
જતિ કહે નિર્વાણ, કૃતિ સુધર્યાજ કેડે;
કયામતનું તો ભાન, આવે જગતના છેડે;
ત્યારે આવે તજ ધ્યાન શું, તારા આત્માની વળે ?
વિજ્ઞાન તોય ધર કાન તું, નિરંત જીવને તો મળે.

કર્તાનો **ધર્મ-વિલાસ.**

માણસના ગુજરી ગયા પછી તેના જાનનું શું થાય છે તે બાબતના વિષય જુદા પ્રગટ કરવાને અંતર જગત પ્રવાસના ૧૩૫) મા પાને કહી ગયા મુજબ હાલના પુસ્તકમાં તે વિચાર બહાર પાડવામાં આવ્યા છે. અંતર જગત પ્રવાસમાં આદરબાદગાનના સાલેકના વિચારો દેખાડયા છે. આ પુસ્તકમાં મૂળ ઇરાની પરેઝગાર, નજુમી, તથા ફિલ્સુફોના વિચાર દેખાડયા છે. તે પુસ્તકમાં શુદ્ધ હિંદુ ભાષા વાપરી છે. આ પુસ્તકમાં શુદ્ધ પારસી ભાષા વાપરીછે. આ પુસ્તકની ઉત્પત્તિ ૯૪મા પાને દેખાડેલા માઠા બનાવથી થઇ છે. ગમ એવો દ્રઢ રહેછે કે તે ખડકની માફક બીજા શાણપણના વિચારોના મોજા ગમે તેવા તેને ઉઠલાવવા કરે પણ તે તળ માત્ર પણ ચશકતો નથી. માટે આ પુસ્તકમાં દેખાડેલા ઘણાજ ઉંડા ને માથા ફૂટયા વિચારોમાં ઉતરી ગમને એક બાજુ તરછોડતાં કદીમ નેઆગાનોની ખૂબીવંત ફિલ્સુફી, ઉંડા વિચારોમાં મચ્યા રહેતાં, હાથ આવી છે, તે વાંચનારને દેખાડી છે. હાલના દીનદારોમાં સલુક યાને યોગ વિદ્યા, તથા ઇલ્મે ઇલાહી યાને ઇશ્વરજ્ઞાન (Theology) ના અભ્યાસની શરૂઆત કર્ત્તાથી થઇ છે. એથી એકજ બાબતની શોધ ખોળ ક

રતાં કંઇક ખામી અભ્યાસીઓને જણાશે. પણ તે ખામીઓ વિશેષ શો-ધ ખોળ મૂળ ખૂબીને છેવટ દીપાવશે. ટુંક લખાણમાં ઘણીક બાબતોની ખૂબી સમજાવવામાં આવી છે. વાંચનારને જો એ વિચારો રૂચશે તો દીન-ની ફિલ્સુફીના બીજા ખૂબીવંત વિષયો એક પછી એક પ્રગટ કરવામાં આ-વશે. કદીમ દીનદારોની ફિલ્સુફીના ટુકડા, કટાતા પડેલા શોધી કાઢી, એકઠા કરી તેમના વખતની વિદ્યાનાં હાડ તપાસી તપાસીને, હાલની વિદ્યાને અ-નુસરતાં, મેળવ્યાં છે. જ્યાં આધાર બતાવ્યા છે તે સિવાયના વિચાર કર્ત્તા-ના સમજવાના છે. દીનની ફિલ્સુફી હાલની વિદ્યાથી જુદીજ છે. લાંબા વ-ખતની અથાગ મહેનતની બુઝ આલેમો કરશે તો દીનના ભેદના અનેક પડ એક પછી એક ખોલી વાંચનાર અગાડી ધરવામાં આવશે, અને આ પુસ્તકના પાછલા ભાગ તરીકે જુદા જુદા વિષયોના રૂપે બહાર પાડવામાં આવશે.

હાંસોટ, જીલ્લે ભરૂચ,
રોજ ૨૭ મા, માહ મહેર
૧૨૬૮, યઝદેઝરદી.
તા. ૯મી એપ્રિલ સને ૧૮૯૯

બહેરામજી ડોસાભાઇ બસલા
કર્ત્તા.

ઝરથુસ્તી દીનના ભેદની પ્રથમ કુંચી.

ભાગ ૧)લો. પ્રકરણ ૧)લું.

આંકડાના ભેદ.

પીથાગોરસ નામના યુનાની ફિલસુફ તથા સાલેકને કમ્બુજિય (Cambyses) પાદશાહના વખતમાં બંધવા તરીકે ઈ. સ. પૂ. પર૯–પર૭) માં બેબિલનમાં લઈ જવામાં આવ્યો હતો. તે ઝરથુસ્ત્ર નામના પરેઝગાર પાસેથી સલુકનો તથા બીજો છરાની ઇલમ ત્યાં શિખ્યો હતો. એ ફિલસુફ એમ માનતો કે "સંખ્યાના મેળ તાળથી આખું જગત પેદા થયું છે". જમશેદ, ફરેદુન જેવા સાલેકો આંકડાના મેળવાળાં તાવીજ બનાવી દરદીની બાજુએ બંધાવી દરદો ટાળતા, ને એવાં તાવીજો જામાસ્પીમાં હજી છે. અહુરમઝદી દીન, હોશંગી દીન, જરથુસ્તી દીનના ફરમાનો અને આપણી ફરઝયાત બંદગીઓ તથા ક્રિયાઓ આંકડામાં રહેલા ભેદના પાયા પર છે. અને તેમાંજ તેમની ખુબી તથા દરદને મારવાની કે હટાવવાની શકિત રહીછે.

૧ (એકનો આંકડો)" મધ્ય બિંદુ, એકજ, સર્વથી ઉત્તમ, વડું, સામટું મળી એકરૂપ;" બતાવે છે; જેમકે—મઝ્દા (=મધ્+દા=મધ્ય ધારણ કરનાર, મધ્યમાં રહેનાર), અહુરમઝદ, મગજની મધ્યમાં રહેતો પાક જાન, બ્રહ્માંડમાં રહેતો આત્મા. અહૂ-વઇર્ય (=એક હયાત), અપા વહિસ્તા (=મૂળ વડી અપોઇ). સ્પેન્તા મીનો (દિલની જહાનનો), ત્રિ-મૂર્તિ (Trinity), ત્રણ શરીરવાળો જોહાક (ગોશ યસ્ત–૧૪).

૨ (બેનો આંકડો) "જોડ–જોડકાં, ગતિ તથા ઉત્પત્તિ, ફેલાવો" બતાવે છે. જેમકે—પેદા કરનારા બે જોડિયા (જમ્યાદ યસ્ત–૮), સ્પેન્તા મીનો તથા અંગ્ર મીનોનું જોડકુ (=રવાન તથા નફ્સ)=રૂહ-જાન (જુઓ સ્રઓશ યસ્ત–૭); અહુર તથા મઝદ=અહુરમઝદ; જોતી તથા રતુ: અમરતા મેળવવા જમશેદની મુરાદ ત્રણ જોડમાં— "ભુખ ને તરસ, બુઢાપો ને મોત, નાશકારક ઠંડી ને લૂ હટાઉં"— (ગોશ યસ્ત–૨); જમશેદના ગુફામાં એક મરદ ઓરતને ૪૦ વરસની ઉમ્મરે છોકરા–છોકરીનું જોડકું પેદા થતું, તેમજ ગોસ્પંદને જોડિયાં

બચ્ચાં પેદા થતાં (વંદીદાદ-૨). મશ્યિ (=આદમ)ને જોડકાં પેદા થયાં હતાં (બુન દેહશ્ને). ફ્રેશો, ઘેહ સારણું, આફ્રિગાન બે મોબેદે જોડમાં પઢવું; નસેસાલાર બેબેની જોડમાં રહેવું; બે આદમી સંજોગે; બાજ ધરી પેવંદ વળગી જોડમાં અવલમંજલમાં ચાલવું.

ઈસાકની બાયડીને બે જોડિયા છોકરા પેદા થયા, તેમાંથી બે પ્રજા થઇ (જેનેસિસ-૨૫); દરીઆઈ વનસ્પતિમાં પ્રથમ બે ઝાડ—હોમે સફેદ તથા હર-વિસ્પ-તોખમ (બુન દેહશ્ને); બે મીનો યઝતના જોડકાં—બે ગ્રહની જોડ, જેમકે મહેર તથા અહુર (યશ્ન-૨); નખેતરોનાં જોડકાં, ફિજ (Double Stars).

૩ (ત્રણનો આંકડો) "અષોઇવાળી કે બદી ભરેલી વૃધ્ધિ-વધારો" બનાવે છે; જેમકે ત્રણ દાદાર—દેપઆદર, દેપમહેર, તથા દેપદીન; ત્રણ યથા અહેમ એ ૩ દાદાર માટે; સુવાવડીએ ખોરાક લેતાં પહેલાં તરાના ૩-૬-૯ ટીપાં લે (વંદીદાદ-૮); અષોઇ તોડનારે ૩ દહાડા ૩ રાત સરોષને આરાધવો (વંદીદાદ-૯); જે રસ્તા પરથી મુડદું લઇ જવાય તે રસ્તા પર ૩-૬-૯ વાર ચાર આંખવાળો કુતરો ફેરવે તો તે રસ્તો પાક થાય (વંદીદાદ-૮); એક ગાયમાંથી પ્રથમ મોટાં ગોસ્પંદની ત્રણ જોડ બચ્ચાં-બકરાં તથા ઘેટાં, ઉંટ તથા સુવર, ઘોડા તથા ગધેડાં-પેદા થયાં (બુન દેહશ્ને); ખર તલાઓને ત્રણ આંખ માથાં પર, ત્રણ ખાંધ પર, અને ત્રણ પેટ પર આંખ (બુન દેહશ્ને), અહુર મઝદે દુનિયામાં ૩ ચીજ બરતર પેદા કીધી—ધંબાર, મેજ સાથેનું જશન, ખએતુ-દથ એટલે સગાંમાં શાદી (બુન દેહશ્ને); માણસના શરીરમાં પ્રથમ ૩ મીનો —કલેજામાં નફ્સ, અંતઃકરણમાં ફરોહર, ને મગજમાં જાન-રૂહ (દસાતીર); ૩-૫-૭-૯ બહેસ્ત,—ત્રણ તે અવસ્તામાં કહેલાં ગરોથ્માન, બહેસ્ત, તથા અનઘ્ર-રોશન, તેમજ હુ-મત, હુખ્ત તથા હુવરસ્ત; પાંચ જુઓ ૫માં; સાત, તે બુન દેહશ્ને માં પાંચ કહ્યાં છે તે અને બાદ પાયા (હવા) તથા સપહર પાયા (વાદળ) છે (કુરાન-૨૩); ૯ તે નવ આસ્માન છે તે (જુઓ જામે કેખુશરો); કુસ્તીના ત્રણ આંટા, ૩ લડ, દરેક લડની ૩ લડી; ૩૦૦ ત્રણસો ચાલીસાં સુધીની ત્રણ વાર જમશેદ પાદશાહે અમર્ગી તથા આબાદી માંગી (વંદીદાદ-૨).

૩ દોરાની જનોઇ, દરેક દોરામાં ૩ દોરી, દરેક દોરીમાં ૩ તાર; ત્રિગુણ–સત્વ, રજ, ને તમ; ત્રિમૂર્ત્તિ–બ્રહ્મા, વિષ્ણુ ને શિવ; કે અગ્નિ, આદિત્ય, ને ઈંદ્ર; યમ રાયના કુતરાને ૩ માથાં; Cerberus, the dog of Pluto =જમ), was three headed; પિતા, પૂત્ર. તથા પવિત્ર આત્મા એ ત્રણ સામટાં મળી ઈશ્વર છે, એમ ખ્રિસ્તીઓ માને છે; યુનાનીઓએ સુરજના ત્રણ નામ પાડયાં હતાં--Appollo, Sol, & Liber; ચંદ્રના ત્રણ નામ Diana, Luna, Hecate. ત્રિભુવન, ત્રિલોક, દેવતાના ત્રણ વર્ગ.

૪ (ચારના આંકડો) "પાયો" બતાવેછે, જેમકે ૪થે પગલે પાપી માણસ પર દેવી ગલ્બો કરે છે (વંદીદાદ–૧૮); અહુંર્ઈસુર માટે ૪ ચીજ જોઈએ–પવન, વરસાદ, વાદળ તથા કરાં—(આબાં યસ્ત-૨૮); મહેર યઝતના રથમાં ૪ ઘોડા જોતરેલા હોય છે (મહેર યસ્ત–૩૧) ૪+૪૦+૨૦૦ +૨૦૦૦=૨૨૪૪ પહાડો ઇરાનીઓની ભૂગોળમાં ગણાતા (જમ્યાદ યસ્ત-૧); ૪ ગાંઠવાળું હોરમઝદનાં ૭૨ નામ વાળું પ્રમાણ—[(૩×૩)+(૩×૫) +(૩×૭)+(૩×૯)=૭૨]; બૃસ્પતિને ૪ ઉપગ્રહ=દેપ મહેર યઝતના રથના ૪ સફેદ ઘોડા (મહેર યસ્ત–૩૧);

ખોદા સાથે ૪ ચીજ છે—ખુદ પોતે, ઝમાનો, દીન અને અરશ તખ્ત; ૪ મોટા શિતારા સઘળી પેદાયશને માથે–ઉગમણે તેશ્તર શિતારો, પશ્ચિમે સતવસ, દક્ષિણે વનંત, ઉત્તરે હફતોઇરંગ; ૪ મહીના સુધી ચંદ્ર ૩૦ દહાડે દેખાય (ખુન દેહશ્ને.); નાશકારક ઠંડી, લૂ, રોગ, તથા (અકાળ) મોત એ ચારની નબુદી જમશેદે અમરતા ફેલાવવાને વાસ્તે અહુરમઝદ પાસે માંગી (વંદીદાદ–૨); ચાર નદી વચ્ચે ઇરાનવેજ; ચાર બહેશ્ત–હુમત, હુખ્ત, હુવર્શ્તે, તથા અનગ્ર રોચડંહ, એ ૪ બહેશ્ત માટે રૂવાનની ક્રિયાના ૪ દાહેકા–દશમું, માસીસો, છમસી, તથા વરસી; છોકરાની બાજમાં નાના ૪ દરૂન, ૪ વનોત, સીરોજામાં ૪ મોટા દરૂન; રેક વનોત પર ૪ કાપ; માસીસાનાં ચપટાં ૪ આકારનાં; મોબેદ બાજ ધરતાં ૪ ચીટિયાં, દાડમના ૪ દાણા, બરસમના ૪ તાર રાખે છે; ચહારમની બાજમાં ૪ કેળાં તથા ૪ ઇંડાં; ૪ દહાડે ચહારમ; સરોષના ચાર ઘોડા, ચરન, કસ્તીના ૪ ગાંઠ; જમશેદે લોકની પ્રથમ ચાર જાત પાડી—

અથોરનાન (દીનદારો), રથએસ્તાર (=સિપાઇગીરી કરનારા), વાસ્ત્રિગોસ (=ખેડુત), હુતોખ્શ (=કારીગરો); યથાના ૨૧ બોલના ત્રણ વિભાગ, ૪ ચારના અંતરના આંકડાવાળા—૩—૭—૧૧; ૪ દસી (=દશવાડિયાં)નું ચાલીસું; ખાલ્ડી જોશીઓ ઓછામાં - ઓછા ૪ અંશ (degees) નું ચોકડું" (Term) ગણુતા; ૪ ચોખ્ખા પાડવા.

હિંદુમાં પ્રથમ ૪ જાત—બ્રાહ્મણુ, ક્ષત્રિ, વૈશ્ય, ને શુદ્ર: ચાર યુગ, ચાર નાડીમાં આત્મા ફરે છે (સનતકુમાર સંહિતા-૩૯); ચતુર્થાશ્રમ; ચાર મહીને ગર્ભમાં જીવ; ૧૦નો પુરો આંકડો ચાર મૂળ આંકડા—૧+૨+૩+૪—નો બનેલોછે.

૫ (પાંચનો આંકડો)" ઘટતું, જોઇએ તેટલુંજ; એ—એબ (perfect) " બતાવેછે; જેમકે પાંચ માણુસની પંચ; પાંચ ઈંદ્રિ, પાંચ પાંચ આંગળાં; દહાડાની પાંચ ઘેહ; પાંચ પાંચ દહાડાનો અફ્રેકો ઘંબાર; ગુનેહગારને ઉપાઝન તથા અઓષો—ચરનાની શિક્ષા ૫)થી શરૂ (વંદીદાદ—૪); પાંચ વાત ખરતિને પસંદ, ને પાંચ વાત નાપસંદ (વંદીદાદ—૪); પાંચ દુઃખ ફરેદુને બાંધ્યાં —બેમારી, તાવની અગન, પેટની ગલીચી, ટાઢિયો તાવ, તથા વશિકરણુ (ફરવરદીન યશ્ત—૨૯); બુનદેહશ્નેમાં કહ્યા પ્રમાણે બહેસ્તના પાંચ પાયા—સતર પાયા (તારાઓ), માહ પાયા (ચંદ્ર), ખુરશેદ પાયા (સૂર્ય), ગરોથ્માન પાયા(ગ્રહોના ફરવાની હદની બહારની જગા=ethereal world), પશુમ અખાન (=હમેશ પાક રોશનીવાળી ઉંચી જગા, empyrean world); પાંચ પાંચ ગણી ચાર તબકકે વધીને અનાજની ૫૫) જાત પેદા થઈ; [(૧×૫) + (૨×૫)+(૩×૫)+(૪×૫)=૫૫); પાંચ જાતનાં નાના ગોસ્પંદમાંથી પ્રથમ સઘળાં જાનવર પેદા થયાં; પાંચ જાતના આતશ—હોરમઝદની નજદીક રહેનાર, જાનવરના તનમાં રહેનાર, ઝાડમાં રહેનાર, વાદળમાં રહેનાર, તથા આતશ બહેરામનો; પાંચ હુકમ હેરેમને દેવોને કીધા કે—દુનિયાની પેદાયશ ખરાબ કરો, પાણી ઘટાડો, ઝાડને ખરાબ કરો, આદમીના ઘરમાં સુખ—વક્તિ ઘટાડો; જંગલમાં જઈ અષો સ.સેક પર વિપત્તિ પાડો; પાંચ વાર સઓષ્યોસ પેગમ્બર આખર જમાને ઇજશ્ને કરશે ને પાંચવાર થોડાં થોડાં કરી ગુજરેલાં રૂવાનોને ઉઠાડશે. સરોષ યશ્ત હાદોખ્તના ૫) કરદા; ઈરાનવેજમાં પાંચ માસ શિયાળો (વંદીદાદ—૧); પાં-

ચ જાતનું પાપ (વંદીદાદ–૧૫); પાંચ આત્મ-તત્વ—જાન, રવાન, અખો, બોધો, તથા ફરોહર (ફરવરદીન યશ્ત–૧૧); પાંચ પેઢી સુધી ગુજરેલાં સગાં માટે પઢવાની ફરજ—૫)મી પેઢીના ગુજરેલાં સગાં માટે ૫)બંદગી, અને દર ઉતરતી પેઢીએ પાંચ. પાંચ. બંદગી વધતી કરવી, એટલે ૪)થી પેઢીએ ૧૦ બંદગી, ૩)જીએ ૧૫, ૨)જીએ ૨૦, અને ૧)લીએ ૨૫) બંદગી (વંદીદાદ–૧૨); એકની એક નસિહત સાલેક પાંચવાર કહેતા! (જયાક્રામ–દસાતીર).

મોડામાં મોડો પાંચમે મહીને ગર્ભમાં જીવ પડવો; પંચ માસિયું; હિંદુમાં પંચ તત્વ, પંચ અગ્નિ, પંચ કોશ, પંચ ગવ્ય, પંચ પ્રાણ, પંચ સ્નાન. પંચ+અમૃત. ધણામાં ધણી પાંચ જનોઇ પહેરવી.

૬ (છનો આંકડો)" એકંદરના મોટા ભાગ" બતાવેછે; જેમકે–૬ ધંબાર; છમસી; ૬ દરાનની સરોષની બાજ; અષો શેઠની નૈયતે છમાસ સુધી બંદગી કરવી (વંદીદાદ–૧૨); છ મુરાદ હોમ ઇજદ પાસે ઝરથુસ્તે માગી–બહેસ્તી જીંદગી, તન દરૂસ્તી, લાંબું આયુષ્ય, ખોટારૂં ટાળવાની હિંમત, ખોટારાં પર રાખવાની હિંમત, અને ચોર લશ્કર તથા વરૂના આવી પહોંચવાની અગમચેતી; છ જોર—મનશ્ની, ગવશ્ની, કુનશ્ની, યાદ–દાસ્ત, હોશ, તથા અક્કલ (દુઆ નામ સેતાયસ્તે); જમશેદના ગુફાના વચલા તળકામાં છ પોળ; વચન છ જાતનાં (વંદીદાદ–૪); મષિ (=આદમ)ના છોકરાના છોકરા ફરાવકને પેટ ૫) જોડિયાં છોકરાં થયાં, તેમાં ૯ કાળાં દેવ જેવાં ને ૬ જોડકાં ગોરાં આદમી જેવાં, ને તે છ મુલકમાં ઉતર્યા; તેમાંથી હોષંગ બાદશાહ પેદા થયો હતો; આદમી જેવાં છ જાનવર—આદમી, જળમાણુસ, ગોપ્તશાહ (Homotaur), કુતરાના માથાંવાળું, ઘોડાના મોં વાળું (બુન દેહશ્ને); મોબેદ ખજુરીના છટિયાંની પાતરીના છ તાર કાઢી બરસમના તાર બાંધે છે.

હિંદુમાં જન્મ પછી છઠ્ઠે દિવસે છઠ્ઠીના લેખ; છ ઋતુ; છગુણ, છશત્રુ, ષટ કર્મ. મુસલમાનમાં ૬ સાઠી=૧ વરસ.

૭ (સાતનો આંકડો) "અષોઇની વૃદ્ધિ કરનાર, એકમાંથી અનેક" બતાવે છે, જેમકે—મષિ (=આદમ)ને સાત જોડિયાં છોકરાં થયાં હતાં (બુનદેહશ્ને); સાત મુઠી મટોડીનું આદમનું પૂતળું (કુરાન--૨)ની શરેહ);

૭ અમશાસ્પંદ; ગાથાના ૭ ભાગ; યસ્ન હપ્તડ'હાઇતિ સાત હાની; હપતં-ગ યશ્તમાં "યાતુજી" નો કરદો ૭ વાર પઢવો; હામીન (=ખુશ્ક રૂતુ)ના ૭ માસ; ગોશ તથા દીન યશ્તના ૭ કરદા; સાત પ્રવાહી પદાર્થ શરીરમાં– શુક્ર, લોહી, ચરબી, દુધ, મની, પરસેવો, અને બાળક અવતરતાં પાણી પડે તે. (બુનદેહશ્ને); ૭ કેશ્વર(=દ્વિપ;) હોરમઝદના ૧૦૦૧ નામનો પાયો ૭ પર—૭×૧૧×૧૩; સાત દેખીતા તારા વાળો હપ્તોરંગ શિતારો.

બાઇબલમાં, ખોદાની આસપાસ ૭ ફરેસ્તા (Rev. 8); ઇસાની સાત આંખ (Rev. 5), ઇસાના ૭ સ્તંભ (Prov. 9) નૂહ (Noah) ના આરકાંમાં સાત સાત પ્રાણી દરેક જાતના (Gen. 5). ૭×૭=૪૯ વર્ષની વય પછી જુબીલી; ૭ ઝાડનું જંગલ.

હિંદુમાં સપ્ત દ્વિપ, સપ્ત ધાતુ, સપ્ત નદ, સપ્ત પર્વત, સપ્ત પાતાળ, સપ્ત ભૂમિ, સપ્ત લોક, સપ્ત સાગર, સપ્તાહ, સાત ગ્રહ સાત ઘોડાના રથમાં સૂર્ય; ૭×૭=૪૯ મરૂત, સપ્ત ઋષિ, સતમાસિયું. યહુદીઓનો એવો મત હતો કે ૭ માસે છોકરૂં જીવતુ જન્મી શકે છે; સાત દહાડે નાડિયો ખરી પડે છે; ૭ મહિને દાંતરી ફુટે છે; બીજા ૭ માસે તે ટટાર બેસી શકેછે; ત્રીજા સાત માસે બોલવા કરે છે; ચોથા સાત માસે ઉભું રહી તથા ચાલી શકે છે; પાંચમાં સાત માસે ધાવણું છોડી શકેછે;

સાત વરસે તેના દુધિયા દાંત પડે છે; બીજાં સાત વરસે તેના અ-વયવ મજબુતી પકડે છે; ત્રીજાં સાત વરસે મરદીમાં આવે છે; ચોથાં ૭ વરસે ઠાઠું ૭ હાથ સુધી ઉંચું થઇ શકેછે; ૫)મા સાત વરસે જુવાનીનું જોર આવી રહેછે; ૭)મા સાત વરસે પુરૂં ડહાપણ આવી રહેછે, દશમા ૭ વરસે અવસ્થા શરૂ થાયછે, ૧૭ હફ્તે આયુષ્ય પુરૂં થઇ રહેવા આવેછે.

૮ (આઠનો આંકડો) "પ્રથમ વર્ગ કે વિભાગ" બતાવેછે, જેમકે– કસ્તીની લડી આઠ આઠ તારની; બુનદેહસ્નેમાં કહ્યું છે કે મુરગની પ્રથમ આઠ જાતમાંથી ૧૧૦ જાત પેદા થઇ; ૮ જાતના પ્રથમ પંખી; ૮ જાતન નોળિયા; ૮ જાતની બિલાડી; પ્રથમ માણસનાં આઠ જોડાં આઠ મુલક— તુર્કસ્તાન, સેલમ, અર્બસ્તાન, રૂમ, સીંધ, ચીન, દાહા, અને ઇરાન-માં ઉતર્યાં.

બાજમાં આઠ દરાન; અર્દુઈસુરના તાજના ૮ પાસાં (આવાં યસ્ત-

૩૦); મહેર યઝતના ૮ દોસ્ત (મહેર યસ્ત—૧૦); દેપાદર ૮ મો રોજ; મોએદના આઠ વર્ગ–હાવનાન, આતરે–વખ્શ, ફ્રએરેત, આબેરત, આસ્નાતા, રએથવિસ્કર, સ્રઓષાવરેઝ (વંદીદાદ–૫); ખાલ્ડી (Chaldean) જોશી ૮ અંશનું એક ચોકડું (term) ગણતા; માસ ચંદ્ર.૨૯ દહાડે દેખાય. યહુધીઓ છોકરાની સુન્નત જન્મ્યા પછી ૮ દહાડે કરતા (Gen–17); હિંદુમાં—દેવતાની આઠ જાત, અઠવાડિયું, આઠ જામ, આઠ વસુદેવ; અષ્ટ–અંગ: અવધાન શક્તિ આઠથી શરૂ. આઠ ચોઘડીઆં. દિવસના આઠ ભાગ–ક્ષણુ, લવ, નિમેષ, કાસ્થ, અતિપળ, વિપળ, પળ ને ડંડ, દરેક સાઠ સાઠનો.

૯ (નવનો આંકડો) (ત્રણની વૃદ્ધિ, ૩×૩) "અમરતા, અષોઇ" બતાવે છે, જેમકે–જમસેદના ગુફામાં ઉપલા તબકકામાં ૯ પોળ, અને તે ગુફામાં નવ વાનાં લઈ ગયો–દુધના ઢોર, ભર બરદારી હેવાન, માણસ, કુતરા, મુરગ, રોશન રાતો આતશ,મેવાના ઝાડ, ખોરાક, તથા પાણી, (વંદીદાદ–૨); બરસમના ૩–૫–૭–૯ તાર (સરોષ યસ્ત–૨). હોમ યઝદને ૯ ઢોરની અષોદાત આપી (વંદીદાદ–૨૨); શિયાળામાં જે ઘરમાં કોઇ ગુજર્યું હોય ત્યાં ૯ રાત પછી આતશ લાવે (વંદીદાદ–૫); સુવાવડીને તરાનાં ૩–૫–૭–૯ ટીપાં ખાક સાથે પીવાડવાં (વંદીદાદ–૫); વાયુનો પોશાક નવ વાનાંનો (રામ-યસ્ત–૧૧): નવ રાતનું બરશ્નુમ; ૯ લડી કુસ્તીમાં; હોમ ગાળવાની ચાળણીમાં ૯ સુરાખ; સાહુડી મારનાર પર તેના રૂવાનની હાય તેની ૯ પેઢી સુધી (વંદીદાદ–૧૩); જે રસ્તા પરથી મુડદું લઇ જવાય તે રસ્તા પર ૩–૫–૭–૯વાર ચાર આંખ વાળો પીળા વાળનો કુતરો ફેરવેતો તે રસ્તો પાક થાય (વંદીદાદ–૮); ૯ રાત પછી ૯ ખાડિયાએ સુવાવડી નાહીને પાક થાય (વંદીદાદ–૫); ૯ હઝાર વરસ સુધી શેતાન હોરમઝ-દની સામો રહેશે (બુનદેહશ્ને); બરસમ ગાહ ૯ વામ લાંબી ૯ વામ પહોળી (વંદીદાદ–૧૯); વંદીદાદમાં ૯ પરગરદ (૧૨–૧૪ તથા ૧૭–૨૨) પાક જાનની હકીકતના સંબંધમાં; ખર તલાટાને ૯ મોં; નવ આસ્માન; નવ કશ દોરીને સાલેક બેસે; નો–ગરેહની લાકડીમાં ૯ ગાંઠ; સદરામાં નવ સાંધા; ૯ ને ગમે તે આંકડે ગુણે તોય ગુણાકારના આંકડાનો સ-ધાળો ૯જ આવશે. ભેજાંમાંથી નિકળતા મોટા તંતુ ૯; ૯ માસે છોકરૂં

જન્મે. કુસ્તી કરતાં ૯ અંદગી, આદમ પછી ૯મી પેઢીએ જમશેદ; હખામનની વંશમાં ૯મો પાદશાહ દારા; તેણે પોતાના દખ્મા પર કોતરાવેલા લેખમાં દીનની રાહે ચાલવાને આપેલી નસીહત ૯ ફકરામાં. સ્પેન્તમાન નામના અષો પરેઝગારના ખાંનદાનમાં ૯મી ઓલાદે ઝરથુસ્ત હતો, માટે ઝરથુસ્તનો પ્યારો આંકડો ૯ હતો.

હિંદુમાં જનોઈના ૩ દોરા ને તેની ૩×૩=૯ દોરી; નવ ખંડ; નવ ગ્રહ; નવ નિધિ; નવ ભક્તિ; ૯ રત્ન. સૂર્યના રસ્તાથી ૯ અંશ સુધી રાશિ ચક્ર; ૯ રાત્રિ–નવ રાત.

૧૦ (દશનો આંકડો)" આખરી, પુરેપુરૂં) Complete), પરિપૂર્ણતા" બતાવેછે; જેમકે–દશમુ; ફરવરદેગાનના ૧૦ દહાડા; બુનદેહશ્નેમાં કહ્યું છે કે ક્યામત વખતે માણુસ એક રોટલી ખાઇ દશ રાત ને દશ દહાડા ધરાયલો રહેશે; બાર માસમાં ૧૧૦ મુરગ પેદા થયાં, તેમાં પહેલે મહીને ૧૦ મુરગ થયાં; દશ જાતના પ્રથમ આદમી હતાં. રેલની ગણત્રીવાળાં વરસના ૧૦મા મહીનામાં ઝરથુસ્ત જન્મ્યો હતો; અશીસંગ યસ્તના ૧૦ કરદા; બહેરામ યઝત (=મંગળ ગ્રહ)ના ૧૦ રૂપ (બહેરામ યસ્ત જુઓ); ઇરાનવેજમાં ૧૦ માસ સુધી સુરજ બપોરે માથે રહેતો નથી. (વંદીદાદ–૧); આવા ન્યાયશમાં ૧૦ યથા, અહુરમઝદ યસ્તમાં ૧૦ દશ યથા અષેમ; સલુક પ્રમાણે ન ચલાય તેવી દશ એબ (વંદીદાદ–૨); હોરમઝદ યસ્તમાં ૭૨ નામમાં બેવડાં નામની ૧૦ જોડ; દશ દશ રાતે તેસ્તર યઝત પોતાની સુરત આકાશમા બદલે છે (તીર યસ્ત–૧); તેસ્તર ઇઝદનું જશન કીધાથી તેને ૧૦ ઘોડા, ૧૦ પહાડ જેટલું જોર, આવે છે (તીર યસ્ત–૬): ઢોરની ૧૦ તાંતે બાંધેલા મહેર યઝતના કામઠાં હોય છે (મહેર યસ્ત–૩૧); દેશદાર ૧૦ મો માહ; પાદશાહ દારા, શાહપૂર પહેલા, તથા શાહપૂર બીજાએ પોત પોતાના કોતરાવેલા લેખોમાં પોતાની મોટાઇ તથા નામવર ખાનદાન જણાવાને દશ દશ ઓળખ આપી છે. નસાવાળા રીમન કુવાનું પાણી ૧૩ મહીના ને ૧૩ દહાડા સુધી ન પીવું, એ ૪૦૮ દિવસના પ્રમાણના દશ ગાંઠ–(૧×૩)+(૭×૩)+(૯×૩)+(૧૧×૩)+(૧૩×૩)+(૧૫×૩)+(૧૭×૩)+(૧૯×૩)+(૨૧×૩)+(૨૩×૩)=૪૦૮; એ પ્રમાણુ ૩

૩ દાદાર+૭ અમશાસ્પંદના પાયા પર છે (જુઓ અંતર જગત પ્રવાસ પાનું-૧૪૯); સુત્રાવડી ૧૦ દહાડે પાક થાય (વંદીદાદ-૫); દશમું, માસીસો, છમસી, તથા વરસીના **દાહેકા** દશં દશ દહાડાના પાયા પર, કારણકે એ દાહેકાના છેલા દિવસને હજીએ "દ્રિસી" કહે છે; દીન પર એકીનવાળા પર મહેર યઝદ ૧૦ ગણો શક્તિવંત (મહેર યસ્ત-૨૯); દેહાક (=ઝોહાક)માં દશ એબ;—ઢીંગણો, મગરૂર, લોભી, બે-હયા, ખાઉધર, ઉતાવળો, નાપાક, જુલમી, બદ જુબાની, તથા હેમક; દરીઆઇ કુતરાને મારનારે ૧૦ હઝાર સાપ, વીછુ, ઉંદર, કીડી મારવી (વંદીદાદ-૧૪); મહેર યઝદ ૧૦ હઝાર આંખવાળો (મહેર ન્યાયશ); દશ દહાડાનું એક ગામ=દાહેકો. ઇરાનવેજમાં જરથુસ્ત ૧૦ વરસ હોમ ઇજદ પાસે ઇલમ શિખ્યો (બુનદેહશ્ને). કસ્તીની નિરંગમાં ૧૦ બોલ. યુનાની તથા ખાલ્ડી (Chaldean) જોશીઓ દશ દશ અંશનો દાહેકો ગણતા; દશ માહતાબી માસે છોકરૂં જન્મે; ઇરાનમાં જરથોસ્તીઓમાં જીવતું છોકરૂં જણનાર સ્ત્રી ૧૦ દહાડા અને મુએલું જણનાર ૪૦ દહાડા પછી નાહી પાક થાય છે; (મી. કા. દી. કયાસની ઇરાનની મુસાફરી). હિંદુમાં—દશ પ્રજાપતિ દશ દહાડા સુતક; કાયાનગરને ૧૦ દરવાજા; ૧૦ દિક્પાળ; દશ કંઠ, દશ ગ્રીવ; દશ દાન, દશ દિશા, દશ મુખ, દશ-અવતાર; દશાહ્ન, દશાહર, દશ-ઇંદ્રિ. બાઈબલમાં–જીંદગીની ચોપડીના ૧૦ પાનાં, દુઃખના ૧૦ દહાડા, રૂમી પોપના ૧૦ આંગળાં (=રાજ), રૂમી દેવલના ૧૦ તાજવાળાં શિંગડાં.

૧૧ (અગ્યારનો આંકડો) "ટુકડી, વિભાગ," બતાવે છે, જેમકે—ખોદાના ૯૯ (=૯×૧૧) નામ (દસાતીર); ગયો મરદ પર (૭×૧૧×૧૩=) ૧૦૦૧ દરદ શેતાને નાખ્યાં (બુનદેહશ્ને); વંદીદાદમાં (૩--૧૧, ૧૫--૧૬=) ૧૧ ફરગરદ પાકીઝગી મેળવવાની બાબતમાં, રામ યસ્તમાં ૧૧ કરદા; અહુનુઅદ્ ગાથાના પહેલા વિભાગમાં ૩ હા, દરેક ૧૧ કડીનો. હિંદુમાં–ત્રિભુવનના ૩૩ દેવતામાંથી ૧૧ અગ્યાર દેવતા દરેક ભુવનમાં, મોક્ષદા એકાદશી, ૧૧ રૂદ્ર, ૧૧ આદિત્ય, અગ્યારમું.

૧૨ (બારનો આંકડો) "યઝતી, દેવતાઇ" બતાવે છે, જેમકે—૧૨ રાશિ; ૧૨ મહીના; અંષેમવોહુના ૧૨ શબ્દ; હોશબામ તથા પપેતમાં ૧૨ અષેમ; ગુનેહગાર શેઠ માટે નોકરે ૧૨ માસ સુધી બંદગી કરવી (વંદીદાદ--૧૨); પહેલવાનના ૧૨ ઓજાર અષોદાતમાં આપવાં (વંદીદાદ--૧૪); બુનદેહશ્નેમાં કહ્યું છે કે હોરમઝદે પ્રથમ ૧૨ વસ્તુ આતશ વડે પેદા કીધી; ૧૨ જાતના ઝાડ પેદા કીધાં; હોરમઝદથી ૧૨ કદમ દૂર ઉભું રહેલું જમશેદનું રવાન જરથુસ્તે જોયું; આદમી રૂપી ઝાડને બાર જાતના ફળ થયાં; દુનિયાની પેદાયશ ૧૨ હઝારા સુધીની છે;

૧૨) હઝાર ચર્મ-પત્ર પર સુસ્તાસ્પે જરથુસ્તના નુસ્ક સોના રૂપાના હરફે ઉતરાવી ઈસ્તખ્રની દર-નીગીસ્ત (=પુસ્તકશાળા)માં રખાવ્યાં હતાં (Nineveh & Persipolis); ૧૨ દાહેકા=૧૨૦ દહાડા=૪ મહીને ગર્ભમાં જીવ પડે છે. દરીઆઇ ઘોડી તથા મગરના સંબંધે પેદા થયલો ૧૨ પગવાળો હોષંગ બાદશાહનો અજમતી ઘોડો જે પર બેસી દેવ દરુજને તે મારતો; વરસી. તખ્તે જમશેદ (=Persipolis) શહેરમાં દારા પાદશાહ (Darius Hystaspes) જે ઈ. સ. પૂ. ૫૪૯થી ૪૮૬ સુધીમાં થઇ ગયો તેના મહેલના દરવાજાની અંદરની બાજુએ તેના છોકરા ખ્શયારસા (=Xerxes) પાદશાહની દરબારી સભા કોતરાવી છે તેમાં તે પાંચ પાંચ માણસની બે હારે બન્ને હાથે ઉંચકી રાખેલાં તખત પર એક ખુરસી પર બેસી બન્ને પગ સ્ટૂલ પર મુકી. જામો પહેરી જમણા હાથમાં રાજ-ડંડ જેવી લાકડી ને ડાબા હાથમાં નાનું આતશનું ઢાંકેલું ધુપદાનિયું રાખી બંદગી કરે છે અને તેની સામે બે ઢાંકેલા લાંબાં ધૂપદાનો સુગંધ સાથના ધુમાડાવાળાં બળતાં રાખ્યાં છે. એ પાદશાહની પીઠે ચમરી ધરી એક છોકરો ઉભો છે. આ દશ હમાલ, એક ચમરીધર, ને પાદશાહ મળી બાર માણસો છે તે પરથી તે "યઝતી પેદાયશનો " (એટલે તખ્તે-બોસ્તાનના લેખમાં બહેરામ પાદશાહના બોલમાં " યઝતોની જાતનો, આકાશથી ઉતરી આવેલો, આકાશી ટોળાંનો, પવિત્ર ગોહર)" જણાય છે. આ દરબારી બેઠકની ટોચે જાનવરની બે હાર છે. ઉપલી હારમાં ૧૨ ગેંડા છે તેમાં છ જાનવરે પશ્ચિમે મોં રાખ્યું છે ને બીજાં છએ પૂર્વ ભણી મોં રાખ્યું છે. એ ૧૨ ગેંડાની નિચે સિંહની એક હાર છે તેમાં વચ્ચે ફરોહરની પાંખવાળું ઉતારીને મુકેલું ખાલી ખોળયું છે. એમાં પાંચ સિંહ પશ્ચિમ ભણી મોં રાખી ઉભા છે ને ચાર પૂર્વ ભણી મોં કરી ઉભા છે. આ ૧૨ ગેંડા અને ૯ સિંહ એવું બતાવે છે કે પાદશાહ " એખલે હાથે યઝતી હિમતે લડનાર " અને " હમેશનો દિલાવર " છે. શાહની પાસે તથા સામે ધૂપ અને તેના માથાંની ઉંચે ફરોહરની પાંખવાળું ખોળિયું એવું બતાવે છે કે. એવો દિલે શાહ દરબારી ખટપટમાં છે અને દમ ઉપર ચઢાવી પોતાના "પાક ફરોહરને બહાર ઉડાવી શકતો નથી." આ તસ્વીર "વખાણ ગાવા લાયકની" જણાવવા એમાં ૩૩(=૧૦ હમાલ+૧ ચમરીદાર+૧ પાદશાહ+૧૨ ગેંડા+૯સિંહ)પ્રાણી છે એ પાદશાહનો પ્યારો આંકડો ૬ તથા ૧૦ જણાયછે. ચહેલ મીનારમાં તેમજ પોતાના મહેલમાં પણ ૭૭ સ્તંભ છે અને સદ-સૌતૂન એટલે ૧૦૦ સ્તંભવાળી ઇમારતમાં દશ દશ સ્તંભોની એણે દરેક હાર બાંધી છે.

હિંદુમાં—બાર વરસનું તપ; ૧૨ વરસે બૃહસ્પતિ ગ્રહ પોતાનો માર્ગ પુરો કરી રહે; બાર આંગળનું એક માપ કરીતે પર ૧૮ આંટા સુતરની

દોરી લપેટી દખણી બ્રાહ્મણ જનોઇ બનાવે છે; બારમું.

બાઈબલમાં—યહુધીની ૧૨ જાત, ઇસુના ૧૨ ચેલા, જરૂસેલમને ૧૨ દરવાજા, ૧૨ રોટલી મુસાએ પ્રસાદમાં મુકી.

૧૩ (તેરનો આંકડો) "પાકું, છેવટનું" બનાવે છે, જેમકે— ૧૩ માસને ૧૩ દહાડે રીમન કુવો પાક થાય; ૧૩ મહીનાનું સંવતસર અધિક વરસ=દરાઝ સાલ; ૧૩ તેર ફરેહૈરની એક ટોળી મીનોઇમાં હોય છે (જાએ કેખુશરૂ), ચાર જાતનાં ૧૩ તેર ચપટાં માસીસા, છમસી તથા વરસીપર; સરોષ યસ્ત રાતની વડીમાં ૧૩ કરદા: પિસાબ કીધા પછી (સરોષની બાજ=)૩ અષેમ+૨)વાર હુમતનામ+૩ વાર હુ-ખ્ષથ્રો તેમાય+૪ યથા+૧ યડ્હે હાતાંમ (=૧૩ બંદગી) પઢે-(વંદીદાદ-૧૮). આથી જણાશે કે જરથુસ્તના વખતમાં પિસાબની બાજ હાલના રૂપમાં ૧૫ બંદગીવાળી ન હતી. ૧૦૦૧ દરદ કે હોરમઝદના નામ ૧૩ થી પુરાં થાય છે, એટલે કે ૭×૧૧×૧૩=૧૦૦૧. હિંદુમાં—૧૩ મહીનાના પુરષોત્તમ માસે કે કબીસાવાળા માહે આફ્તાબી સાલ મલી રહે છે; તેરમું એટલે જે દીવસે પુણ્યાત્મા યમપૂરી જઇ પહોંચે તે દિવસ; દશમાને દહાડે સ્નાનની જગાપર બારેશ એટલે પાણીના ૯—૧૧--૧૩ ઘડા; આપણાં ઉઠમણાંની ત્રણ રાત હિંદુઓ દશમા જોડે પકડી લે છે તેથી એ ૧૩ દહાડા થાય છે. જમશેદી નોરોઝનો તહેવાર ૧૩ દહાડા સુધી ઇરાનીઓ પાળે છે, પહેલા ૬ દહાડાને 'નોરોઝે આમ' અને પછીના દહાડાને 'નોરોઝે ખાસ' કહે છે. કુલ વસ્તિના દર હજાર માણસે ચાલીસ વરસની ઉમરવાળાં ૧૩ માણસ દર વરસે મરે.

૧૪ (ચૌદનો આંકડો) "મૂળથી પાક–પવિત્ર." બતાવેછે; જેમકે—યઝતના દરજ્જાવાળા ૧૪ ફરેસ્તા તીશે રોજમાં; દરીઆઈ કુતરાને મારી નાખનારે અષો-દાતમાં પાક આતશ માટે વપરાતાં (૭×૨=) ૧૪ આલાત આપે (વંદીદાદ--૧૪); ગોશ (=ઝંગેઉશ=પાક જાન) તે ૧૪મો રોજ; કુતરાને ૧૪ દાંત, ને તે ૧૪ દહાડા અગાઉથી આફતની અગમચેતી આપે છે (બુનદેહસ્ને); સુસ્વાટ મારી નાખનારે પસ્તાવો કરી જાનની પાકી મેળવવા અષો-દાતમાં ૧૪ ગોસ્પંદ કે ૧૪ કુતરાં આપે, ૧૪ પુલ બાંધે (વંદીદાદ--૧૪); અહુનુઅદ ગાથામાં ૭+૭ હા; ગાથાની કવિતા રૂપી ૮૯૬ (=૪×૪×૪×૧૪)લીટી "બહેસ્તના ત્રણ પાયા (=૪) સારૂ મૂળથી પાક (=૧૪)" બતાવેછે, તેમાં ૫૧)મા હાની ચાલુ ઇબારતની ૧૪ લીટી ઉમેરતાં ખરેખરા ગાથાની ૯૧૦(=૧૩×૫×૧૪) લીટી થાયછે તે "છેવટના(=૧૩) ગાથા ધંબાર (=૫)મૂળથી પાક (=૧૪)" બતાવેછે. ગાથાની કવિતાની કડી ૨૩૮=૧૭×૧૪. તેમાં ચાલુ ઈબારતવાળી ૧૪ લીટી (verses) ૫૧)મા હાની છે તે મળી ૧૮×૧૪ થઇ ગાથા "તમામ પાકી" વાળા સમજાયછે.

૧૪ નાની બંદગી મળીને દરએક ઘેહ; ખુરશેદ ન્યાયશમાં ખુરશેદ +મહેર માટે મૂળ ૧૪×૨=૨૮ નાની બંદગીછે, પણ આદરબાદ દસ્તુરે ત્રણ દદારનો વિચાર ધ્યાન પર રાખી ૧૪×૩=૪૨ બંદગી મેળવી ખોરશેદ ન્યાયશ બનાવીછે. અષેમવોહુમાં ૧૪ મૂળાઅક્ષરો; માહ-આબાદી એટલે સનુકવાળી દીનમાં ૧૪ પેગમ્બર થયા (દસાતીર); હોરમઝદ યસ્તની નિરંગમાં ૧૪ બોલ દારાએ પોતાના દુખ્માના દરવાજા અગાડીના ચિતારમાં પાક આતશના પાત્રાંના તખ્તને ચૌદ ચૌદ માણસોએ ઉઠાવ્યું છે. દશ બળવાખોરને જેર કીધેલાનો ચિતાર જે દારાએ બીસ્તૂનના ડુંગર પર કોતરાવ્યોછે તેમાં પણ ૧૪ માણસનું મંડળ કોતરાવ્યું છે. અષો દિલના પાકીઝેહ પાદશાહ અર્દેશરે પોતાના છોકરા શાહપૂરશાહને તાજ આપતાં ઝરથુસ્તી દીન પર ચુસ્ત રહી તે પ્રમાણે ચાલવાનું યાદ રાખવાને પોતાની તસ્વીર જોડે ઝરથુસ્ત પેગમ્બરની તસ્વીર કોતરાવીછે. તેમાં શાહપૂરના ડાબા હાથ ભણી અર્દેશર અને જમણા હાથભણી એ પાક પેગમ્બર છે. ઝરથુસ્ત તેમાં (૭×૨૪=)૧૬૮ આંગળ લાંબો છે, ને તેની છાતીનો ઘેરાવો (૧½×૨૪=)૩૬ આગળછે. આ ૧૨×૧૪=૧૬૮ આંગળ એવું બતાવેછે કે એ અષો પેગમ્બર "યઝતી મૂળ પાકીવાળો" છે; અને ૯×૪=૩૬ આંગળ "અમર મૂળનો", અથવા શાહપૂરશાહની બોલીમાં કહેતાં "આકાશી ટોળાંનું પાક ગોહર" બનાવે છે. એના માથાં પર ઇજમની નૂરના ૨૨ કિરણ છે અને તેના માથે બાંધેલા દુપટાના લટકતા ૭૨ આંગળ લાંબા બે છેડામાં ૨૨) લીટી છે તે "તદન અષોઇ ભરેલું તથા દરૂજની સામા. થવાનું સાધન" હતું એમ બનાવે છે. એણે પોતાના ડાબી બાજુએ નોગરેહની ઇજમતી લાકડી બન્ને હાથે દશે આંગળ વડે (=પુરેપુરી) પકડીછે તેમાં નિચે જમણો હાથ ને તેની ઉપર ડાબો હાથછે. એ લાકડી (૬ઈંચ=) ૧૨ આંગળ પહોળી ને (૩×૨૪=) ૭૨ આંગળ લાંબી છે. એ ૧૨ "યઝતની મળેલી" અને ૭૨ "અખંડ અષોઇવાળી" બતાવછે આ લાકડી વેંત પહોળી કોતરી છે તે તેનાથી મોટી ડાંગ પણ હઠે, તે તેમ પહોળી નથી: ફકત આ ભેદ દેખાડવાને તેટલી પહોળી કોતરી છે એમ સમજુંછું. તે હઝારી ફુલપર ઉભો છે. એ ફુલ અરધું છે ને તેની નિચે ત્રણ ખુણાનું પાતરૂં રાખી ઉભેલો છે તેની ૯ પાંખડી બતાવી છે. તે અરધાં ફુલમાં એક હારમાં મોટી દેખાતી પાંચ પાંખડી અને તેની પછવાડે વળી ચાર પાંખડી છે. આ પાતરૂં ને નવ પાંખડી તેનો પ્યારો ૯નો "અમર અષોઇવાળો" આંકડો બતાવેછે, ને તે હઝારી પંથનો હતો એમ સિદ્ધ કરેછે. એ ૯ પાંખડીનું જાણે ભોંયમાંથી ઉગી નિકળેલું હોય તેવું ઉભું જાડી ડાંડીવાળું ફુલ પગ તળે છે તેથી જણાય છે કે એની સઘળી ફિલસુફી ૯ના પાયા પર છે. હિંદુમાં—૧૪ મનુ; ૧૪ રત્ન; ૧૪ ભુવન; ૧૪ વિધ્યા,

આહસુના ૧૪ કર્મ, દરેક હાથના આગળાંમાં ૧૪ વેઢા; ૧૪ જાતિ (૮) દેવતાની+૧ મનુષ્યની+૫)પશુની).

૧૫ (પંદરનો આંકડો) "ઘટતી પવિત્રાઈ, ચોખ્ખાઇ," (પાંચની વૃદ્ધિ, ૫×૩) બતાવે છે, જેમકે—અડકાયલીએ નજર ન પડવા માટે પાક આતશ, પાણી, બરસમ, અશો માણસથી ૧૫)કદમ દૂર રહેવું (વંદીદાદ–૧૬); મુડદાંને અડકનાર ૧૫)વાર નાહે ત્યારે ચોખ્ખું થાય (વંદીદાદ–૮); દુનિયાની અશોઇ વધારવા ૧૫ દહાડા માહ બોખ્તાર વધે છે (માહ ન્યાયશ); ગુનેહગારે અશોઇ માટે પોતાની ૧૫ વરસની કન્યા અશો માણસ જોડે પરણાવવી (વંદીદાદ–૧૪); ૧૫) વરસની ઉમરનો માણસ કસ્તી વગર ચાલી પાપ કરે છે તો તેને શેતાન વળગે છે (વંદીદાદ–૧૮); ભલી દીનનાં ગુજરેલાં બાળકો કયામત વખતે ૧૫ વરસની ઉમર જેવડાં ફરેસ્તા મિસાલ રહેશે (બુનદેહશ્ને); અને અશો માણસોના ૧૫ જોડાં સઓશ્યોસ પેગમબરની યારીએ આવશે (બુનદેહશ્ને); જગતરેલની ગણત્રીવાળાં વરસના દે મહીનાના ૧૫) મા રોજે જરથુસ્ત જન્મ્યો, અને તે ખોરદાદ મહીનાના ૧૫)મા રોજે ઈરાનવેજમાં પ્રથમ પુગ્યો (બુનદેહશ્ને); ૧૫)મા રોજે દેપમહેરનો હમકારો; તીર યસ્તના ૧૫) કરદા; પિશાબની બાજમાં કુલ ૧૫) નાની બંદગી, તેમાં કુ-ખ્ષથ્રોતેમાઈ બંદગીના ૧૫ શબ્દ અને યથ્હે હાતાંમ બંદગીના ૧૫ શબ્દ. "ચા" (=અને) એ શબ્દને જરથુસ્તે યથા અહૂ વેર્યોમાં(ખ્ષથ્રેમ્ચા શબ્દમાં) પ્રત્યય તરીકે ગણી લીધો છે તેમ આદરબાદ દસ્તુરે તેને પ્રત્યય ગણી એ બંદગીઓમાં ૧૮ શબ્દ છે તે આ પ્રમાણે ૧૫ ગણી હાલની પિસાબની બાજ બનાવી છે. ૧૫ જાતની ગાય (બુનદેહશ્ને).

હિંદુમાં—શ્રાદ્ધ પક્ષ ૧૫) દહાડા; પુનમ.

૧૭ (સત્તરનો આંકડો) "અશો આખર" બતાવે છે, જેમકે હોષંગી દીનવાળાઓમાં પુરાં આયુષ્યના ૧૭ હફતા વરસ; અહુર મઝદી દીનના ગાથાની તુક (verses) ૧૭ સપ્તા, તેમજ સાત હાની યસ્ન હપ્તડ.હાઇતિના ચરણ ૧૭ સપ્તા; ઝરથુસ્તના ગાથાની તુક દુપટ–સપ્તા (=ઝં. બિશ-હપ્ત=૭×૨=૧૪); રીમન થયલા માણસની "રીમની ઉતારી અશોઇ લાવવા" ગાથાના જુદા જુદા મળી "૧૭ કલીમ" (૧૦ બેવાર+૪ ત્રણવાર+૩ ચારવાર=) "૪૪ (=૨૨×૨) વાર" પઢે (વંદીદાદ–૧૦).

૧૮ (અરાડનો આંકડો) "અખંડ, આખું (entire)" (૬કેળની વૃદ્ધિ) બતાવે છે, જેમકે દરીઆઈ કુતરાને મારી નાખનારે પોતાના જાનની અશોઇ અંખડ રાખવા માટે ૧૮ જગા આબાદ કરે, ૧૮ કુતરીને દુઃખથી છોડવે, ૧૮ અશો આદમીને સીધું આપે (વંદીદાદ–૧૪), તથા ૧૮ હઝાર ખરવસ્તર મારે (સદદર–૬૨); જમશેદન

ગુરઝમાં (૯+૬+૩=) ૧૮ મહોલ્લા (વંદીદાદ-૨); આતશ બહેરામ પરસ્તાં ૧૬ કે ૧૮ જાતના આતશ મેળવવા (વંદીદાદ-૮); પિસાબની બાઝમાં ૧૮ અશાઇ શબ્દ વાળી ૩ બંદગી—હુમતનામ, હુ-ખ્તાશ્રેતેમાઇ, તથા વડંહુ હાતાંમ; ૧૮ મો વરસે અફ્રાસુરૂજ પેદા થયો (બુનદેહસ્ને); બરૂખ નદીના ૧૮ નાળાં (Imperial Gazetteer, Vol. 2) કસ્તીની ૧૮ લડી; ૧૮ દહાડા મુકતાદ; ૧૮ વારાશીએ (=૧૮×૨૦=૩૬૦ દહાડા) વરસી થાય ત્યારે પાક રવાનના બહેસ્તના માર્ગની મંજલ પુરી થઇ રહે. ૧૮ દસી (૧૮×૧૦=૧૮૦ દહાડા) એ પાક રવાન ગરોથ્માન બહેસ્તમાં પુગે છે. અરદીબહેસ્ત યસ્તની નીરંગમાં ૫૪ બોલ ત્રણ વાર (૫૪×૩=૧૬૨=૧૮×૯) પઢવાથી દરૂજ દફે થઇ અનોઇ અખંડ રહે છે. દારા પાદશાહે બેહસ્તુનના ડુંગરા પર કોતરેલી તકતીઓમાં ચોથી તકતીમાં લેખ વાંચનારને સઘળી જાતના નસીયત કીધા છે તેમાં તે નસીયતનો લેખ "અખંડ રહ" તે માટે ૧૮ ફકરા પાડી લખ્યું છે. ઈજસ્નેના ત્રણ ભાગ છે તેમાં સરોશો-ચરનાવાળાં છેવટ ભાગમાં (૫૪-૭૧, કે ૫૫-૭૨=) ૧૮હા ઇજસ્ને "તમામ થઇ" બતાવે છે. વિસ્પરદ એટલે તમામ ઉપરીઓ, તેના ૨૭હા અને (૧૮×૧૯=) ૩૪૨ ચરણ=વર્ગની હદમાં રહેલા તમામ ઉપરીઓ.

હિંદુમાં—૧૮ વરણ; ૧૮ પુરાણ; ૪ ચાર આંગળના પોંચા એવા ૩ પોંચાનું ચોંગા નામનું માપ બનાવી દખણી બ્રાહ્મણ સ્વચ્છ સુતરના ૧૮ આંટા તે પર વિટાળી જનોઇના તારની લંબાઈ ૩ (બેવડાં)×૨×૧૮=૧૦૮ પોંચા કરે છે, એમ શિવના ૧૦૮ નામ તથા માળામાં ૧૦૮ મણકા; ઉંટના ૧૮ અંગ; દેવાલયના આકાર ૧૮ પ્રકારના (વિશ્વ કર્મ પુરાણ)

૧૯ "છેવટ હદ" બતાવેછે, જેમકે—કયામતને ૫૭(=૧૯×૩) વરસ બાકી રહેશે ત્યારે ૩ પેગમબર-હોશેદર, હોશેદરમાહ તથા સઓષ્યોસ થશે, અને ના મુરાદ મરેલાં બાળકોના રવાનને ઉઠાડશે (બુનદેહશ્ન); પાક જાનને હરકત કરવા માણસના શરીરમાં હેરેમને ૯+૯૦+૯૦૦+૯૦૦૦+૧૯૦૦૦ દરદ મુક્યાં (વંદીદાદ-૨૨); ૧૯(=૫૪-૭૨) હાએ ઈજસ્નેની સમાપ્તિ; અહુર-મઝદી દીનની ૭હાની ઇજસ્નેના છેલ્લા હાના બે ભાગ છે: એક ૧૭ તુકનો ને બીજો ૧૯ તુક (verses) નો. જરથુસ્તે તેમનો ૪૧મો તથા ૪૨મો હા બનાવ્યોછે. ૧૯ના અર્થે ૧૭ અહુરમઝદી દીનમાં છે. સરોષ બાજમાં ૧૯ બંદગી; ફરવરદીન રોજ ૧૯મો કારણકે ફરોહર એ આદમીનું છેવટ તત્વછે; ચંદ્ર ઇરાનીઓની ખગોળમાં છેવટ ગ્રહ હોવાથી માહ બોખતારની ન્યાયશમાં મૂળ ૧૯ નાની બંદગી; સરોષ યસ્ત વડીમાં (૧૯×૨=)૩૮ નાની બંદગી; હોરમઝદ યસ્તમાં "અહે નર્શ" ના કરદામાં (૧૯×૩=)૫૭ બોલ ત્રણ વાર પઢવા તે નવ કશ માટે (૫૭×૩=૧૭૧=૧૯×૯).

૧૯ વરસે પાછું જેનું તે અંક ગુ, યહુદીઓ ૧૯ વરસના વરસ—ચક્રમાં ૧૯મું વરસ અધિક માસવાળું. મુસલમાનોમાં ૩૦ વરસના વરસ ચક્રમાં ૧૯ માહતાબી વરસ ૩૫૪ દહાડાવાળાં અને ૧૧ વરસ ૩૫૫ વાળાં; શાહપૂર શહેરના પહાડમાં. શાહપૂરની તસ્વીરમાં તેની પાછળ ૫૭ (=૧૯×૩)ખિદમતગાર ને ૭૩ ખંડિયાઓછે તેમાં ત્રણ ખંડિયા તેના મોં આગળછે (G. Rawlinson): બહેસ્તુન પહાડ પર કોતરાવેલા લેખમાં કહ્યા પ્રમાણે દારા પાદશાહ જેવા સાલેકને અષો જીંદગી ગુજારતાં ૧૯ જંગ બળવાખોરો સામા કરવી પડી ને તેમાં ૯ પાદશાહને કેદ પકડયા. પોતાના વંશમાંથી છીનવી લેવાયલી ઇરાનની રાજ—ગાદી હોરમઝદની એબાદત વડે કેવી રાતે મેળવી તેની હકીકત દારાએ પહેલી તકતીમાં ૧૯ ફકરામાં કહીછે.

૨૦ (વીશનો આંકડો) (૧૦×૨, દસીનો વધારો—વૃદ્ધિ.) "ફતેહમંદી વધારો" બતાવેછે, જેમકે—ઉસ્તવાર દોસ્તોમાં મહેર યઝત ૨૦ ગણો જોરાવર (મહેર યસ્ત—૨૯); મહેર યઝતનું જશન કરનાર બે દહાડા ૨૦ બંદગી કરે (મહેર યસ્ત-૩૦): અષો બપાવા બપાઇ, મમાવા મમાઇ, અષો કાકા કાકીની નૈયતે ૨૦ બંદગી કરે (વંદીદાદ—૧૨); હોરમઝદના ૨૦ નામ હોરમઝદ યસ્તમાં; આતશની ન્યાયશમાં ૨૦ બંદગી; બહેરામ યઝત ફતેહમંદી આપનારો તેથી બહેરામ રોજ ૨૦)મો; જરથુસ્તની મા દોગદોને ગર્ભમાં જીવ પડયા પછી ૨૦ દહાડે (એટલે ૧૭૦મા દહાડે) જરથુસ્તના પેદા થવાની અગમચેતી આપનાર ખોઆબ તેને આવ્યો હતો; હાથ પગના ૨૦ આંગળાં; દશમાં પછી એક વીશી (=૨૦ દહાડા) એ માસીસો, ૯ વીશીએ છમસી, ને ૧૮ વીશીએ વરસી.

યહુદીઓમાં સ્ત્રી જો છોકરી જણે તો બે હફતા દૂર બેસે, પછી ત્રણ વીશી ને ૭ દહાડે પાક થાય (Lev. 12); મુસલમાનોમાં દશમા પછી વીશમું (=મરણ પછી વીશ દહાડાની ક્રિયા).

૨૧ (૭×૩, એટલે અનેકતાની વૃદ્ધિ), "બહુગણું" બતાવેછે, જેમકે—એકના એકવીશ છોકરા થાય એવી દુઆ; યથા અહુવેરીઆમાં ૨૧ શબ્દ; જરથુસ્તના નુસ્ક ૨૧; બરસમના તાર ૨૧; હોશબામ તથા પપેતમાં ૨૧ યથા; ૭ અમસાસ્પંદ+૧૪ યઝદ સીરોઝામાં; દારા પાદશાહના તખ્તે જમશેદ શહેરમાંના મહેલમાં તેના દીકરા (Xerxes)એ પોતાની દરબારી તશવીરની ટોચે ૧૨ ગેંડા તથા ૯ સિંહ=૨૧ જાનવર પાડયાં છે તે "યઝતી હિમત વડે બહુમણી બહાદુરી" બતાવે છે. બેહસ્તુન ડુંગર પર કોતરાવેલા લેખમાં કહ્યા મુજબ દારા પાદશાહનું રાજ ૨૧ પ્રાંત પર ચાલતું. હિંદુમાં—મનુએ નર્ક ૨૧ કહ્યાંછે.

૨૨ "(દરૂજની) સામા ઇલાજનું સાધન" બતાવેછે, જેમકે—ગયોમરદની પેઢીમાં ઉતરેલો ૨૨)મો પરહેજગાર જરથોસ્ત પેગમબર

હતો; જરથુસ્તની તશવીરમાં તેને માથે ૨૨)કિરણુ; જરથુસ્તે માથે બાંધેલા દુપટના લટકતા છેડે લખાણુ જેવી (૧૧×૨=)૨૨ લીટી; ઈરાનમાં કમદાન શહેર તરફ "ગંજ–નામા" નામના દારાએ તથા તેના દિકરાએ કોતરાવેલા લેખમાં દરેક તખ્તીમાં ૨૨)લીટી; ૨૨)હફ્તા બીજી હાવન; વંદીદાદની ૨૨ ફ્રગર્દ; બહેરામ યસ્તના ૨૨ કરદા; સરોષબાજમા ૨૨)નાની બંદગી; સતુદગર, વહેશ્ત માંથ્ર, બઘ, ઝરસ્ત નુસ્કમાં ૨૨) હા; ૧૭ યઝદ+૫)મીનો મળી ૨૨; શિકસ્તે શૈતાનની બાજમાં ૨૨ શબ્દ; હપ્તોરંગ નખેતરમાં કુલે ૨૨)તારા. હોમ યસ્તની નિરંગમાં (૩૨+૧૨=)૪૪ બોલ (૨૨×૨)તનની તથા જાનની નાપાકી દફે થવા.

૨૭ (સતાવીશનો આકડો.) "(૯×૩) અમરતાવાળી અમોઈની વૃદ્ધિ–વધારો" કરનાર બતાવેછે, જેમકે–વિસ્પરદના ૨૭ હા: ઈજશ્નેના ત્રણુ ભાગ—ઇજશ્ને, ગાથા, તથા સરોષો–ચરના—છે તેમાં ઇજશ્નેના ૨૭ હા; અને ગાથાના (૨૫)હા+૨)વધારો=)૨૭હા; અહુરમઝદી દીનની સાત હાની ઈજશ્નેના પહેલા હામાં ૧૫ ચરણુછે તેમાં જરથુસ્તે પોતાની ઇજશ્નેનો સંબંધ રાખવા શરૂમાં ૧૨ ચરણુ ઉમેરી ૨૭ ચરણુ કીધાછે; સરોષ યસ્ત વડીમાં મૂળ ૨૭ બંદગી; પોતાના માર્ગમાં ફરતાં ચંદ્ર જે નખેતરથી નિકળ્યોતે નખેતરમાં ૨૭ દહાડે પાછો આવેછે. સરોષ યસ્તની નિરંગમાં (૩૨+૧૨=)૫૪ બોલ તન તથા જાનની આબાદ વધારવા (૨૭×૨)માટે. હિંદુમાં—જનેઇમાં ૨૭ તાર, ૨૭ નક્ષત્ર, ૨૭ યોગ,

૨૮ "મૂળ પાકીની વૃદ્ધિ–વધારો (૧૪×૨)" બતાવેછે, જેમકે—રાશિ ચક્રની ઉત્તરમાં ૨૮ નખેતરો ઈરાની વિદ્વાનો ગણુતા (બુનદેહશ્ને); અષેમવોહુ ૫૬)અક્ષરોનો, તેમાં ૨૮ સ્વરને ૨૮ વ્યંજન, એના બમણુા હરફો એટલે ૧૧૨ હરફોનો યથા અહૂ વેર્યોછે, તેમાં ૫૬ સ્વર ને ૫૬ વ્યંજનછે; ખોરશેદની ન્યાયશમાં મૂળ ૨૮ નાની બંદગી; સરોષ યશ્નમાં ૨૮ બંદગી. દુઆ વિસ્પ હુમતમાં (૪૪+૧૨=)૫૬ બોલ તે મૂળથી પાક ખોરશેદ તથા મહેર એ બે યઝત (૨૮×૨)માટે; યોગીના આસન ૨૮×૩=૮૪; દારાના દખ્માના દરવાજા અગાડી દારાએ કોતરાવેલા ચિતારમાં આતશના પાત્રાંના તખ્તને ચૌદ ચૌદ માણુસોની બે હારે ઉઠાવેલુંછે.

૨૯ "બાંધી હદ"બતાવેછે, જેમકે—જ્યારે ગુરૂ ૭૨ આંટા ફરેછે ને શનિ ૨૯ આંટા ફરી રહેછે ત્યારે છેક ૬૫૫)વરસે તેઓ બન્ને ગ્રહ એક નક્ષત્રમાં મળેછે (Chambers' Astronomy); બેકકીવાળો મહીનો ૨૯ દહાડાનો (મુસલમાનોમાં) ને હિંદુમાં તોલાથી કુંભ રાશિ સુધીની દરેક રાશિમાં સૂર્ય ૨૯ દહાડા રહેછે. દારા પાદશાહ પોતાના દખ્મા પર કોતરાવેલા લેખમાં ૨૯ દેશ જીતેલાં દેખાડેછે.

૭ વરસને ૩ મહીના (=૮૭મહીના=૨૯×૩)નું ભોકરું ગુજરેતો સેઆ

રનું આંગણું કરવું (સદદર–૧૩), કેમના મઝહબમાં (૨૯×૩=)૮૭ બોલ

૩૦ (ત્રીસનો આંકડો) "પાકીઝગી" બતાવેછે. જેમકે વરસમાં ૬ ધંબારના ૩૦ પાક દહાડા (દરેક ધંબારના ૫ દહાડાના હિસાબે); એક લોહીનાં અથવા ગુજરેલાં સગાં—બાપ દિકરા, ભાઈ બહેન, મા દિકરી—પાછળ ૩૦ બંદગી કરવી (વંદીદાદ–૧૨); આતશ, પાણી તથા પાક મરદથી રીમન તેમજ અડકાયલું માણસ ૩૦ કદમ દૂર રહે (વંદીદાદ–૯); અડકાયલી જોડે સહોબત કરનારે ૩૦ પૂલ બાંધવા (વંદીદાદ–૧૮); હુનાળામાં ૩૦ દહાડા પછી જે ઘરમાં મરણ નિપજ્યું હોય ત્યાં આતશ લાવે (વંદીદાદ–૫); મહેરનું જશન કરનારે ૩૦ બંદગી કરવી (મહેર યશ્ત–૩૦); ૩૦ વરસ સુધી તેહમુરસ પાદશાહે હેરેમનને ઘોડાની માફક વશ રાખ્યો (જમ્યાદ યશ્ત–૬); કાગડા યા ગીધે ખાધેલા નસાને અડકનાર ૩૦ વાર નિરંગ ચોપડી નાહે ત્યારે પાક (વંદીદાદ–૮); હાદોખ્ત નુસ્કમાં ૩૦ હા; બહમન મહીનાના ત્રીસે દહાડા પરેઝી ખાણું; બુનદેહસ્નેમાં કહ્યું છે કે ત્રણ હઝાર વરસમાં ૩૦ વરસ બાકી રહ્યાં ત્યાંસુધી ગેગો મરદના ફરોહરે ખોદાની બંદગી કર્યા કીધી, ને તે ૩૦ વરસ આ જહાનમાં સતા ભાગતી ગુજર્યો હતો; મષિ મષ્યાનિ (એટલે આદમ તથા હવાનું પહેલાં માણસનું જોડું) ૩૦ દિવસે બકરાંનું દુધ પીતાં, ૩૦ દિવસે મેવો ખાતાં, ને ૩૦ દિવસે બકરાંનું ગોસ્ત ભુજીને ખાતાં; જરથુસ્ત ૩૦ વરસની ઉમ્મરે રે શહેરમાંથી ઇરાનવેજમાં ગયો; ગુસ્તાસ્પની ૩૦ વરસની પાદશાહી થઇ ત્યારે જરથુસ્ત પેદા થયો; હોશેદરમાહ પેગમબર ૩૦ વરસનો થશે ત્યારે અહુરમઝદ જોડે સવાલ જવાબ કરશે, ને તેમજ સઓશ્યોસ પેગમબર પણ આખર જમાને કરશે.

રપિથ્વનના ૩૦ હફતા=યહુદીઓનો ૧ હફતામાહ. ૩૦ દહાડે માસીસો; આવાં તથા રશ્ને યશ્તમાં ૩૦ કરદા; આવાં યઝતનો પોશાક ૩૦ સુસ્માટનો બનાવેલો (આવાં યશ્ત–૩૦); આતશની ન્યાયશમાં કુલ ૩૦ નાની બંદગી; સરોશ યશ્તની નિરંગમાં ૩૦ બોલ.

યહુદીમાં છોકરાની સુન્નત જન્મ્યા પછી ૮)મે દહાડે કીધા પછી સુવાવડી ૩૦ અને ત્રણ દહાડે પાક થાય (Lev. 12); મુસા પેગંબરના મરણ પછી યહુદીઓએ ૩૦ દહાડા રાખ્યો (Deut.-34); નૂહ પેગમ્બરનું વાહણ ૩૦ હાથ ઉંચું, (૩૦×૧૦=) ૩૦૦ હાથ લાંબું, ને ૫૦ હાથ પહોળું હતું (Gen.-5); ખાલ્ડી (Chaldean) જોશીઓ ગ્રહના માર્ગ નિચે ૩૦ શેતારા ગણતા.

હિંદુમાં ૩૦ માસે પુરષોત્તમ માસ.

૩૩ (તેત્રીસનો આંકડો) ૧૧ની વૃદ્ધિ, ૧૧×૩) "ઇજવા-સ્તુતિ કરવા લાયક" બતાવેછે, જેમકે ૩૩ ઇજદ; ઇજસ્નેના ૩૩ આલાત; સ્તુદ યશ્ત નુસ્ક-

માં ૩૩ હા; આખર ઝમાને સઓશ્યોસ પેગમબર ઈજસ્તે કરશે ત્યારે જમીન ૩૩,૩૩૩ નેન ઉંચી ચઢી જમીન આસમાન એક થશે (બુનદેહેશ્ન); ઉસ્તુવઃ ગાથાની (૩૩×૨=)૬૬ કડી ને (૩૩×૧૦=)૩૩૦ લીટી છે તે માણુસ ગુજરતાં પઢવાનો અને પછી ઉઠમણા સુધી તેનું રવાન પઢશે માટે તે "એવડી સ્તુતિવાળો" હોવાથી "પુરો વખાણવા લાયક" છે. (૩૩×૩=)૯૯ નામ હોરમઝદના (દસાતીર); ૪×૧૭×૩૩=૨૨૪૪ પહાડો છરાતાઓની ભૂગોળમા (જમ્યાદ યસ્ત–૧); બુન દેહેશ્નેમાં કહ્યું છે કે મોટા તારા કદમાં ૩૩ ગજ છે; યથા અહૂવૈર્યોના પહેલા ભાગમાં ૩૩ હરફ: પહેલા ગાથાના પહેલા ભાગના ૩ હા ને ૩૩ કડી (વિસ્પરદ–૧૫); જમીન ૩૩ જગુમની બની છે. તખ્તે જમશેદ શહેરમાં દારાના મહેલમાં બતારસા (=X ૩૮X૩૩) પાદશાહે પોતાની દરબારી તસવીરમાં પોતે, ૧ ચમરદાર, ૧૦ તખ્ત ઉંચકનાર હમાલ, ૧૨ ગેંડા તથા ૯ સિંહ મળી ૩૩ જાત કોતરાવ્યા છે. રીમન શરીરના ૩૩ ભાગ ધોય ત્યારે તે શરીર પાક (વંદીદાદ–૮) હિંદુમાં ૩૩ દેવતા.

૪૦ (ચાળીશનો આંકડો) (૧૨ રાશિ+૨૮ નખેતર=૪૦ અષોઇ વધારનારાં નખેતરાને બારાખતરા સાથેનું ચાળીસું)–"અષોઇની વૃદ્ધિ માટે પાયો" (૪×૧૦) બતાવે છે, જેમકે-દારા પાદશાહે નક્શે રુસ્તમવાળા પહાડમાં પોતાના દુખમાના દરવાજા અગાડી એક લેખ સાથની તકતી કોતરી છે તેમાં તે આતશના પાત્રાંની સામે ઉભા રહી બંદગી કરે છે. એ પાત્રાંના તખ્તને ૧૪ ચોક માણુસની બે હારોએ ઉંચા હાથે ઉપાડી રાખ્યું છે. આતશ "ગૂન પાકી વધારનાર" તેથી આ ૧૪×૨=૨૮ માણસે એ તખ્ત ઉંચક્યું છે. એ તખ્તને બે છેડે ગોધાના માથાવાળાં બે સ્તંભો છે તે માણુસની અસલ પેદાશ બતાવે છે. એ સ્તંભોના પાયાપાસે બે માણસો છે. એ તખ્તની એક બાજુએ દારાની પેઠે ભાલા સાથના ત્રણ પહેરેગીરો છે, અને દારાની સામેની તખ્તની બાજુએ વળી બીજા ત્રણ પરેજગારો જામાનો એક વચલો છેડો બન્ને હાથે ધરી દુઆ ગુજારે છે. શાહના ડાબા હાથમાં કામઠું છે ને પોંચાએ તાવીજ બાંધેલા જમણા હાથે આતશ કે જે 'ત્રણ' તબકાની બેઠક પર અને 'ત્રણ' હાથ ઉંચો છે તેની પાસે દુઆ ગુજારે છે. દારાની સામે પાક આતશનું ફરોહર (કે પોતાનું અષો ફરોહર) ઉડતું રહ્યું છે; ને ફરોહરે ડાબા હાથમાં "જ્યાંથી આવ્યું ત્યાં પાછું જવાનું" દેખાડવાને કડું ધર્યું છે. ને જમણા હાથમાં ફુલના હાર સાથે હાથ ઉંચો કર્યો છે. તે ફરોહરની પીઠે ચાંદરાતનો ચંદ્રમા છે તે ફરોહરનું "મૂળ રહેઠાણ" બતાવે છે. એમ ૨૮ તખ્ત ઉંચકનાર +૨) સ્તંભના પાયાના માણસ+૩ પહેરેગીર+૩ પરેજગાર+દારા=૩૭ માણસના ચિતાર; અને ફરોહર, ચંદ્રમા અને અને આતશનું પાત્રું મળી ચાળીશ ચિતાર થયા, હવે આ ત્રણ—ફરોહર આતશ, ને ચંદ્ર—

નિર્જીવ પદાર્થો જેવા હોવાથી, વળી તે પરેઝગારોની બાજુ તરફ ફરી બીજાં ત્રણુ માણુસે. કોતરેલાં છે કે ચાલીશનો મેળ સમજમાં હમેશ રહે. આ પરથી દારા પાદશાહ ચાલીસાંના મતવાળો હતો એમ ખુલ્લું જણાય છે.

૪૦ દહાડા, ૪૦ હફ્તા, ૪૦ મહીના, ૪૦ વરસ, કે કોઈ પણ ગ્રહના ૪૦ વરસનું ચાલીસું. જમશેદના ગુફામાં રહેનારાં મરદ ઓરત ને ૪૦ વરસની ઉમ્મરે છોકરા છોકરીનું જોડકું પેદા થતું ને તેમજ પશુને જોડિયાં બચ્ચાં પેદા થતાં (વંદીદાદ–૨); ૪૦ દહાડા સુધી આવાં મઝતની બંદગી કરવી (આવાં ન્યાયશ): આવાં ન્યાયશમાં કુલ ૪૦ બંદગી; ૪૦ દહાડે સુવાવડી નાહે; ૪૦ વરસ સુધી હોપંગની પાદશાહી રહી (બુનદેહસ્ને);કયામતના રોજે મોટાં બાળકો ૪૦ વરસની ઉમરજેવડાં મોટાં થશે(બુનદેહસ્ને); ત્રણ ચાલીસાં (=૪૦×૩=૧૨૦ દહાડા) એ ગર્ભમાં જીવ પડવો; ૪૦ અઠવાડિયાં પછી છોકરાંનો જન્મ; પહેલાં ચાલીસાંએ તોખમનું ગર્ભસ્થાનમાં માંસ થઈ, બીજાં ચાલીસાંએ હાડકાં, ત્રીજાં ચાલીસાંએ ગર્ભમાં જીવ, સાતમાં ચાલીસાંએ છોકરૂં પુરૂં જન્મી શકે. બુનદેહસ્નેમાં કહ્યું છેકે ગયો મરદે બૃસ્પતિ ગ્રહના વરસના એક ચાલીસાં સુધી બંદગી કીધી; જરથુસ્તે ૪૦મા વરસની ઉમરે પેગમ્બરી જાહેર કીધી; ૪૦ દહાડા સુધી જમશેદના વખતમાં વરસાદ પડયાથી રેલ આવી; આવાં અર્દેસુરનો પંથ ૪૦ દહાડાની મંજલનો; ચાલીસાંને અવસ્તામાં "ઝિમ" તથા "અઈરિ–ગામ" કહ્યું છે. જમશેદના વર–જમ–કર્દ ગુફાવાળા મહેલના નમુને દારા વિસ્તાસ્પના દિકરા .ખ્યાયારસા (=Xerxes) પાદશાહે પોતાના બાપના વતન, ફારસમાં છ ગંબારની ખુબીને પાયે છછની હારનો બંધાવેલો ૪૦ થાંભલાંવાળો ચહેલ–મીનાર અને તેનું દરેક સ્તંભ ૪૦ હાથ ઉંચું;

બાઇબલમાં—યહુદીઓ ત્રણ ચાલીસાં (૪૦×૩=૧૨૦)વરસનું માણુસનું આયુષ્ય ગણુતા (Gen.-6), જગત–રેલનો વરસાદ ૪૦ દહાડા સુધી વરસ્યો (Gen. 7);નરોઝ પછી એક હફ્તો ગુજર્યા પછી ૪૦ દિવસ સુધી વરસાદ. મુસાએ ત્રણવાર ૪૦ ચાલીશ દિવસ સુધી અપવાસ કીધો (Deut 9; Exod 24 & 34); નિનેવેહ પાયમાલ થવાને ૪૦ દિવસની મહેતલ આપી (Jon. 3); ૪૦ દિવસ (=૧ હફ્તો+૩૦ +૩ દહાડા)પછી સુવાવડી પાક (Lev 12); ૩૦ દિવસ સધી ઈસા પેગમબરને શેતાને લલચાવ્યો (Math. 4. Mark,1); ઇસો ગુજરી ગયા પછી પાછો ઉઠી ૪૦ દહાડા આ દુનિયામાં રહ્યા (Act.-1), ઇસાના મરણ પછી ૪૦ વરસ સુધી યહુદીઓનું દેવલ રહ્યું; યાકુબના મરણ ઝારે મીસરી લોકે ૪૦ દહાડા શોક રાખ્યો (Gen-50); મુસલમાનોમાં મરણ પછીના ૪૦ દિવસ=ઘડી; નૂહની પેગમબરી કેટલાક રૂરૂલમ

ન ફ્રાઝેગ્રો ૪૦ વરસની ઉમ્મરથી ગણેછે(કુરાન-૭) આ પરથી જણાશેકે આ ચાલીસાંનો મત તુરાન, મિડિયા, તથા અર્બાન દેશમાં વધારે ફેલાયલો હતો તોય મૂળ ઇરાનવેજમાંથીજ નિકળેલોછે. હજીએ હિંદુમાં ૪૦ દહાડા સુવાવડ રહેછે તે પરથી એ મતનું મૂળ બહુ પુરાણું જણાયછે.

૫૦ (પચાસનો આંકડો) "(૫×૧૦)મહત્વ-મોટાઇ-પૂર્ણતાના પાકો પાયો" બતાવેછે, જેમકે—મહેર યજતનું જશન કરનારમાં મહેરયઝત ૫૦ ગણો શક્તિવંત રહે (મહેર યસ્ત-૨૯); ભલા યઝતે. જોડે એટલે ૫૦ જોડે-૧૦૦ જોડે-૧૦૦૦ જોડે-૧૦૦૦૦જોડે અગણિત જોડે-હે પાક હોરમઝદ તું આ.ડે આવ (તીરસ્તર-૫); આફ્રતમાં બહેરામ યઝતની નૈવત ઇજેની મજમાંથી જો કોઇ ચંડાળ કંઇ ખાયછે તો ૫૦ વિઘ્ન યા દેવ ૧૦૦ જનને મારેછે, ૧૦૦ દેવ ૧૦૦૦ જનને મારેછે, ૧૦૦૦ દેવ દશ હજાર જનને મારેછે, ને દશ હઝાર અસંખ્ય મારનારાઓને મારેછે (બહેરામ યસ્ત-૧૭); તુસે આવાં યઝંત પાસે માગ્યું કે ૧૦૦ તુરાની લડવૈયામાંથી ૫૦ ને મારૂં, ૧૦૦૦માંથી ૧૦૦ને મારૂં, ૧૦૦૦૦માંથી ૧૦૦૦ને મારૂં, અગણિતમાંથી દશ હઝારને મારૂં (આવાં યસ્ત-૧૪) ૫૦)વરસની ઉમ્મરે મશિ (=આદમ)ને છોકરાં થયાં (બુનદેહસ્તે); જરથુસ્તની મા દોગદોને ગર્ભમાં જીવ પડયા પછી ૫૦મા દિવસે (એટલે ૧૭૦મા દિવસે)જરથુસ્તની પેદા થવાનો અને તેની મોટાઇ દેખાડનાર અગમ ચેતીવાળો ખોઆબ આવ્યો; જે જમીનમા મુડદું દાટયું હોય તે ૫૦)વરસે પાક થાય (વંદીદાદ-૭); પંચ-સદ-વર=૫૦ ગુફાવાળી પાક જગા (યસ્ન-૪૧). આ ૫૦નો આંકડો ઈરાનીઓમાં જેવો અસો ગણાતો તેવો તુરાની તથા મિડિયનોમાં ૪૦નો આંકડો ગણાતો. નૂહની પેગમબરી તેના ૫૦)મા વરસની ઉમરથી જાહેર થઇ (કુરાન-૭ની શરેહ), નૂહનું અરકું ૫૦)હાથ પહોળું (Gen.-5), યહુદીઓમાં ૫૦)મા વરસની ઉમરે જુબીલી.

૬૦ (સાઠનો આંકડો.) "પાયરીનું છેવટ પગલું" બતાવેછે. જેમકે-પૃથ્વીથી સુરજ સુધીના છેટાંનો એક ટપ્પો,.ને એવા ૬૦મા ટપ્પાએ અનંત્ર રોશની બહેસ્ત; ૬૦ દહાડાની એક સાઠી ને એ હઝાર સાઠીનું માણસનું આયુષ્ય (તુરાનીમાં);ઈરાનવેજમાં દશ મહીના સુરજ માથેથી નમતો ને બે મહીના (=૬૦ દહાડા)માથે રહેછે (વંદીદાદ-૧);તીર્યાંનના વરસમાં ૬૦ દહાડાવાળો મેદીઓશેમ ઘંબાર છેલો; હિંદુની ગણત્રીમાં ૮ ભાગ-ક્ષણ, લવ, નિમેષ, કાસ્થ, અતિપળ, વિપળ, પળ, ડંડ,—મળે ને ૬૦ સાઠ વિભાગનો એક ભાગ, એટલે ૬૦ ક્ષણ=લવ; ૬૦ લવ=૧ નિમેષ; ૬૦ નિમેષ=૧ કાસ્થ

૭૨ (બોતેરનો આંકડો) (૧૮×૪) "અખંડ, તુટક વગર અંશે

બતાવછે; જેમકે–રાશ–ચક્રની ઉત્તરે ૨૮ નક્ષત્ર તથા દક્ષિણે ૪૪ નખેતર મળી ૭૨ નખેતર સારી રીતનીવડે અષોઇ વધારેછે(મીનો ખીરદ); ઈજશ્નેના ૭૨ હા, હોરમઝદના ૭૨ નામ (હોરમઝદ યસ્તમાં), બૃહસ્પતિ ગ્રહ ૭૨ આંટા ફરે ત્યારે શાન જાડે મળે; પાંચ પાંચ દહાડાના ૭૨ ઘંબાર (terms)ના બાર માસ; કસ્તીના ૭૨) તારઃ નહના આરકાંમાં ચોપગાંની ૭૨ જાત; શાહપૂર શાહે બોસ્તાન પહાડ પર કોતરાવેલી જરથુસ્તની તશવીરમાં તેની નો-ગરે ૭૨ આંગળ લાંબી: તેને માથે લપેટેલા દુપટાના લટકતા છેડા ૭૨ આંગળ: ચહેલ-મનારમાં ૭૨ સ્તંભ.

૯૦ (નેવુંનો આંકડો) "બહેસ્તી અષોઈનો મૂળ પ્રથમ પાયો" (૯×૧૦) બતાવછે, જેમકે ૯૦ દહાડા (=ઝ. ઝરેમય)ની મધ્યમાં (=૪૫ દહાડે) મેદયો-ઝરેમ ઘંબાર; કુસ્તીની નિરંગમાં ૯૦ બોલ; ત્રણ ૯૦ દહાડા સદરો કસ્તી દિલ પર ન રાખેતા સદા કાળ દોઝખ મળે (વંદીદાદ–૧૮).

૯૯ (નવ્વાણુંનો આંકડો) "બેશુમાર કે જાવેદાનીનો પહેલો ભાગ–પાયો" બતાવછે, જેમકે ખોદાના ૯૯ નામ (દસાતીર); અપ્ત્ય નામનો કાળો દેવ સઘળાને ૯૯ સવાલ પુછી પીડવતો (આવાં યશ્ત–૨૦); ઈજશ્ને તથા વીસ્પરદના (૭૨+૨૭=)૯૯ હા; ૯૯, ૯૯૯ ફ્રોહર; અહુનુઅદ ગાથાનો પહેલો ભાગ ૯૯ લીટી (verses)નો; યાસાન પેગમબર પછી ૯૯ સલમ વરસો થયાં ત્યારે ગગોમરદ (દસાતીર);

૧૦૧ (એકસોનેએકનો આંકડો) "અગણિતમાંથી અમુક" બતાવેછે, જેમકે–ખોદાના ૧૦૧ નામ: હિંદુ યોગી ૧૦૧ નાડીની ઉપાસના કરેછે (સનત્કુમાર સંહિતા–૩૯); બૃહસ્પતિના ૭૨ આંટા ને શનિના ૨૯ આંટા મળી (૭૨+૨૯) ૧૦૧ આંટા થાય ત્યારે તેઓ એક ઠેકાણે મળી રહે.

૧૨૦ (એકસો વીશનો આંકડો) (૪૦×૩) "પાકી સાથે પુરેપુરૂં, જોર શોરનું સમી જવું" (૭×૧૭). બતાવછે. એ આંકડો તુરાનીઓ તથા મીડિયનોમાં બહુજ અષો ગણાતો. જેમકે–૧૨૦ વરસનુ (યહુદીઓમાં) આયુષ્ય (Gen. 6); બંડખોર એબિલોનિયાનો પ્રાંત તાબે કીધા પછી મોટા દારા પાદશાહે તે પર ૧૨૦ હાકેમ નેમ્યા (Daniel–6); સૂર્ય-માર્ગમાં ૧૨૦ અંશે (degrees) મેદિયો-શેમ ઘંબાર; મુસા પેગમબરનું ૧૨૦ વરસનું આયુષ્ય (Deut. 34); જગત-રેલ આવવા માટે પાપી લોકને નૂહે આપેલી ૧૨૦ વરસ (=ચાલીસાં)ની મહેતલ, એટલીજ મુદ્દતે તેનું આરકું કે જમશીદનો ગુફો બંધાઇ રહ્યો હોય. અહુરમઝદી દીનની સાત હાની છજશ્નેમાં (૧૫+૧૬+૧૦+૧૫+૧૪+૧૧+૩૬=) ૧૨૦ ચરણ; તેના મૂળ ગાથામાં ૧૨૦ કડી; "વંદીદાદ સાદે"માં ૧૨૦ બાબ, એટલે વંદીદાદની ૨૨)ફરગર્દ+વીસ્પરદના ૨૭ હા+ઈજશ્નેના૭૧ હા. આ ૧૨૦) બાબના મેળ માટે ૪૧ તથા ૪૨)મા હાને સાંધી

લઇ એક (૪૧મો) કરી દીધોછે. ફેરેશ્તાસ્પ પહેલવાને ૧૨૦ ડરામણાં સંકટ ટાળ્યાં (બુનદેહશ્ને); સુલેહ સંપ તથા ખોદાની મહેરબાનીની માટે માનતામાં સુલેમાન પાદશાહે ૧૨૦ હઝાર ઘેટાંનુ બળિદાન આપ્યું (1.king-8): જમશેદના રાજમાં ૧૨૦ હઝારની વસ્તી; આબાદ જમીન ૧૨૦ હઝાર ફરસંગ (બુનદેહશ્ને) ૧૨૦ વરસે કબીસો.

૧૫૦ (દોઢસોનો આંકડો.) (૧૫×૧૦, વૃદ્ધિ રૂપ)- "પાકે પાયે પુરેપુરૂં" બતાવેછે, જેમકે—દોઢસો વરસ જીવો એવા મા બાપના દુઆ, જમશેદના ગુફામાં આયુષ્યની મુદ્દત દોઢસો વરસની— દોઢસો વરસના થયા! એવી ગાળ; હોશેદર બામી પેગમબર આખર જમાને ૧૫૦ વરસ જીવશે (બુનદેહશ્ને); જગત રેલ દોઢસો દહાડા સુધી જમીન પર રહી (Gen-7); મિડિયન તથા તુરાનીઓમાં ૧૨૦ના આંકડા માફક ઈસાની સાલેકોમાં આ આંકડો બહુ અચ્છો ગણાતો; ૧૫ વરસની ઉમરે શરીર પુખ્ત થઇ તેના "૧૦ ગણા" વરસે "આખર" પહોંચેછે.

૧૦૦૧ (એકહઝાર એકનો આંકડો) "અનેક અને વગર ગણત્રીનું પુરેપુરૂં શક્તિવત" બતાવેછે, જેમકે—શેતાને ગયો મરદ પર ૧૦૦૧ દરદ નાખ્યાં (બુનદેહશ્ને); અહુરમઝદના ૧૦૦૧ નામ (દસાતીર); એ સંખ્યાનો પાયો ૭ પરછે, ૭×૧૧×૧૩=૧૦૦૧ તેથી હિંદુમાં શિવના ૧૦૦૧+૭=૧૦૦૮ નામ છે (શિવ પુરાણ); ખાલ્ડી (Childean) લોકમાં (Isis) દેવના હઝાર નામ.

૧૯૦૦૦+૯,૯૯૯—"અમર ચાલ્યા કરતું ને બે-શુમાર તોપણ હદમ રાખી શકાય તેવું" બતાવેછે. ૧૯ હઝાર તથા ૯૯૯૯ દરદ (વંદીદાદ-૨૨).

૯૯,૯૯૯—"બેશુમાર પણ અમર—જાવેદાની, હમેશહૈયાતની વૃદ્ધિ" બતાવેછે, જેમકે અષો ફરોહર ૯૯,૯૯૯ (ફરવરદીન યશ્ત-૧૩), ૯૯,૯૯૯ રોગ (વંદીદાદ-૨૨); ૯૯૯૯૯ દેવ તથા પરી દોઝખમાં (મીનોખેરદ)- પરવરદેગાર જોડે દશ હઝાર પાક ફરેશતો રહેછે (Jude-1, Deut.-33, Rev.-1; સરખાવો ફરવરદીન યશ્ત-૨૨.) આ સંખ્યા વૃદ્ધિરૂપે ૯ તથા ૧૦ના પાયા પરછે:—(૯×૧)+(૯×૧૦)+(૯×૧૦૦)+(૯×૧૦૦૦)+(૯×૧૦૦૦૦)=૯૯૯૯૯. આવી વૃદ્ધિવાળું ૩૩, ૩૩૩નું પ્રમાણછે. મુક્તાદ અગાડી પાણીના બહેડાંમાં અને આજુબાજુ ગુલગોટાના ફુલ મુકેછે તથા જરથુસ્તના દીસાને દહાડે ક્રિયામાં દાડમડીના હઝારા ફુલને મુકેછે. તે આ બેશુમાર "હઝારો હઝાર ફરેહસ" તે વેળા આપણાં તરફ આવેલાં હોયછે તેની યાદ આપવા તેમની નિશાની તરીકે આ ફુલ વપરાતાં હોય- એ સઘળા આંકડાઓમાં પોત પોતાના મત પ્રમાણે હોપંગે ૩,૪,૭ને ૯, તથા ૭માં; તેહમુરસે ૩૦માં; ગયો મરદ તથા જમશેદે ૪૦માં; ઝોહાકે ૩ તથા ૧૦માં; ફરેદુને ૧૫-૨૯-૩૦માં, જરથુસ્તે ૩ તથા ૯માં; જરથુસ્તના ગુરૂ હોમે ૯માં; દારાએ ૧૪ તથા ૪૦માં; અને ખષયારસા

(*Xerxes*) એ ૬, ૧૦, તથા ૪૦માં અપોહ્નના સંબંધની ખુબી મુકીછે.


બહેસ્તુનં પહાડ પરના લેખના ભેદ.

મીડિયામાં ચાલતી હોઅંગ્રી દીન મોટા દારા પાદશાહ બહુ પરેઝગારીથી પાળતો, તેથી ત્યાં બહેસ્તુન પહાડની એક તાંકમાં તશવીર સાથે લેખો કોતરેલાછે તેમાં સપાટ પથર પર ચાર મોટાં તકતાછે. સૌથી મોટા તકતો જેમાં તસ્વીરોછે તે લંબાઇમાં ૭૨૦ આંગળ અને ઉંચાઈમાં ૬૨૪ આંગળ છે. ૭૨૦(=૭૨×૧૦) "અપોહ્નમાં-પૂર," અને ૬૨૪ (=૧૩×૧૨× ૪) "પાકો-યઝતી-મૂળથી" બતાવેછે. તસ્વીરની તક્તી ૩૩૬ આંગળ છે અને એ તકતી પાછી ૨૨) આંગળના બેડના પર છે. ૩૩૬ (=૧૨× ૨૮) "યઝતી-મૂળ-પાકી વધારનારો" અને ૨૨) "દરૂજને ટાળનાર" બતાવેછે. એ તકતાના બાકીના ભાગમાં ખીલા લોકીહરફનાં ચાર આસન છે. દરેક આસનમાં ૯૬ લીટીછે અને ૧૫૨ આંગળ પહોળુંછે. ૯૬ (= ૧૨×૨×૪) "યઝતિ-પેદાયશનું-તત્વ" વિષેનું, અને ૧૫૨ (=૪×૨×૧૯) "ચારે તરફની-એવડો-છેવટ-હદ" માં રાખેલું બતાવેછે. એની ડાબી બાજુએ એક બીજી તકતી મોખરે આવી રહીછે. તે ૫૦૪ આંગળ લાબીછે ને તેમાં ત્રણ આસન પાડી ઉપલાં લખાણની નકલ તેમની ચાલું ભાષાના હરફે કરીછે (જુઓ Turkish Arabia, p. 179). ૩ "મૂળનો વધારો" અને ૫૦૪ (=૨૧×૧૨×૨) "બહુગણુ-યઝતી-એવડેલા" કલામ બતાવેછે. એ મોટા પાદશાહની તશવીર વાળી તકતીમાં ૧૩ માણસોછે. તેમાં એક પાદશાહ ત્રણ તેના દરબારી નોકર અને દશ લડાઇના બંધવા છેઃ ૯ બંધવાના હાથ બાંધેલા ને દોરડું દરેક બંધવાને ગળે પોરવેલું છે. દશમાને ઉંધો પાડી તેના પર પોતાનો ડાબો પગ ખુલ્લો મુક્યો છે. એ (૧૪=)મૂળ પાકીના મરદે (૯=) હમેશને માટે દુશમનને (૧૦=) પુરેપુરો (ખુલ્લા પગે=) પોતાના જાતી જોરે જેર કીધો, એમ હું સમજુંછું. આ તશવીર તથા લેખ ડુંગરાની તળેટીથી ૩૦૦ ફુટ (=૭૨૦૦ આંગળ)ની ઉંચાઇએ છે. એવાજ ભેદ ૯,૧૦,૧૨,૧૪,૧૮,૧૯,૨૧,૨૨,૨૮, ૩૩,૪૦,૭૨,)માં જોવાં.


—— ✻o✻O✻o✻ ——

પ્રકરણ-૨)બીજું.


પાક જાન સાથે સંબંધ રાખનાર અહુરમઝદી. દીનની આકૃતિઓના ભેદ



સમબાજુચોરસ-"બીજી વસ્તુ સમાવનાર, 'ખોળિયું'" બતાવેછે, જેમકે—સદરો, ગરીબાન, સાલેકની બાજુએ તાવીજ; પઢતાં જનમાની બાંહે હાથ ઉપરાંત કાઢી તેનો ચાર આંગળ છેડો સમ ચોરસ કરી પકડી રાખેલો બાંહેનો ભાગ. વરજમકર્દ ગુફો, બવડું પદાન, શરીરના ઢાઠાંમાં જીગર-બંધ; જગા પાક કરતાં ખરપટાંની ચોકડી; સમબાજુ ચોરસ ચપટી,-૧૩ તેર સીરોજામાં ચપટાં, પાવી, સિંહાસન. એ બધા આકારો એવું બતાવેછે કે બહેસ્તમાંથી ફરોહર આવી શરીરના ઢાઠાંમાં ઉતરી પાક જાનનો દેખાવ દેછે.




ત્રિકોણ" રવાનની પાછી મંજલ" બતાવે છે, એટલે કે ૧ આગળની મીનોમાંથી ફરોહર આવી ૨-૩ સુધી ફાની દુનિયામાં જીંદગીનો માર્ગ પુરો કરી ૩-૧ તરફ પાછી કુચ કરવા માંડી એની આકૃતિ આ છેઃ—સદરાની પીઠ પર ગીરદો, પાવી, રવાનની પઞાંડી, દસ્તુરની ટોપીની બે બાજુનાં ખુણા, આતશ બહેરામ અગાડી પગેઝગારનું દો-ઝાનુ (પછાડી વાળેલા પગનું) આસન, ત્રણ ખુણ્યાં ૧૩ ચપટાં સીરોજામાં—કુર્દીસ્તાનમાં બહેશ્તુનના ડુંગરમાં એક ત્રણ ખુણાવાળા પથરા પર મીડિયાના લોકે ત્રણ માણસની તસ્વીર કોતરીછે તમાં એક પ્યાદા-સિપાઇ કામઠું હાથમાં રાખી આગળ આવતો હોય તેવો કોતર્યો છે. તેમાં જરથુસ્તે જમણાં હાથમાં ગોળો ધરી હાથ લાંબો ધરી રાખ્યોછે, ડાબા હાથમાં હાવનીમ (=હોમ કૂટેલી ખાણી) રાખી તે હાથ શરીરે અડકાવ્યોછે (જુઓ Turkish Arabia). આ તસ્વીરમાં બન્ને હાથમાં ચારે જાતની આકૃતિઓ સમાઇ છે.



ગોળાર્ધ—"રવાનની બહેશ્ત તરફ મંજલની-શરૂ પાયરી" બતાવે છે. માહાઓખ્તારનો અરધો ગોળો તેજ ને રોશન રહેછે તે પર (ગઓચિથ=આત્મ-તત્વ=) અષો ફરોહર રહેછે (જુઓ માહ-યાયશ કે Zoroastrian & some other Ancient Systems

by Dh. J. Medhora).
દસ્માને દહાડે ઉપસેલાં પડવાળાં પાપડાં; બાજમાં બે ખુણાવાળી અરધી ગોળ ચપટી તથા મલિદાની હુડી; સીરોઝામાં બે ખુણાવાળાં અરધાં ગોળ ૧૩ ચપટાં; સદરાનું પીઠપરનું ગળું; બેસતાં થાકી ગયાથી બરડો ઉંધો વાળી ચંદ્રાકાર શરીર રાખી એબાદત કરવાનું ઓલિયાનું આસન.

આ બધું અષો ફરોહર પૃથ્વિનો વાસો છોડી માહબોખ્તાર પર પહોંચેછે તે બતાવે છે.




કુંડાળું—જ્યાંથી નિકળ્યા ત્યાંજ ફરી ફરી પાછા પહોંચવું તે બતાવેછે. પાક ફરોહર ખોરશેદ પાયામાંથી નિકળી માહપર રહી પૃથ્વિપર વાસો કરી ત્યાંજ પાછું જાયછે તેનો માર્ગ (દસાતીર-જમશેદ); પેગમબરોનું સાલેક તરીકે એબાદત કરવાનું આસન, એટલે કે બરડો ઉંધો વાળી પગની તરફ માથું લાવી આસ્માન તરફ મેં રાખી સૂવું તે; ગોળ દરૂન; પાક જગાએ ચઢાવેલા બે હારમાં છછ મુકેલા યહુદીઓના દરાન (show-bread);

સીરોઝામાં ૧૩ ગોળ ચપટાં; પરેઝગારનો ઊનનો ગોળ ચાકળો; પરેઝગારના કસ; જશનને દહાડે પેવંદ વળગી આતશની ન્યાયશ કરતા મોબેદોનું કુંડાળું; સાલેકોએ સૃષ્ટિને આપેલું મેહ-મર્દનું રૂપ (દસાતીર-જમશેદ); જમશેદને વચન-સિધ્ધિની ફત્તેહમંદી માટે સાલેક પાસેથી મળેલું ગોળ કડું (વંદીદાદ-૨).

પાર્સિપોલિસ એટલે તખ્તે જમશેદ શહેરથી અરધા માઇલપર આવેલા નક્ષે રજબ નામના ડુંગરાપર અર્દેશર બાબેગાન તથા શાહપૂર શાહની તશ્વીર છે. તેમાં પાક અર્દેશર પોતાના ડાબા હાથે સાલેકનો ડંડ ઉભો રાખી પોતાના દિકરા શાહપૂરને તાજ આપતી વેળા નસીયત કરતો સાલેકનું કડું જમણા હાથે તેને આપેછે; એજ મુજબ તાકે બોસ્તાનવાળા ડુંગરાપર એ અષો અર્દેશરે જમણી બાજુએ અષો ઝરથુસ્તની તશ્વીર રજુ રાખી પોતે ડાબી બાજુ રહી એવીજ ક્રિયા સાથે સાલેકની ફત્તેહમંદી વાળું કડું શાહપૂરશાહને વચ્ચે ઉભો રાખી આપેલાંનો ચિતાર છે. એજ નેમપર હોષંગ પાદશાહ જશનના દહાડે એક વીંટી તથા અંગુઠી પહેરતો (તઝિકરત-ઉલ-હુકમા).


બહેશ્તુનના ડુંગરાપર મોટા દારા પાદશાહની તશ્વીર છે. એ તશ્વીરમાં પાક ફરોહર પોતાની આગળ રજુ છે. એ ફરોહરને સદરો કસ્તી છે અને તેની આસપાસ તેના પાક તેજનું કુંડાળુ છે. તેના ડાબા હાથમાં ઉભું કડું અને જમણો હાથ વાંકો, આંગળાં ઉભાં, ને આંગળી આકાશ તરફ કીધી છે. (Turkish Arabia by J. F. Jones).

આ સઘળું ફરોહર ખોરશેદ પાયામાંથી નિકળી પાછું ત્યાંજ ગયાનો માર્ગ બતાવે છે.



ઉપલી ચારે આકૃતિ આપણા સદરાના ગળાંમાં સમાવેલી છે. ૧–ગીરદો; ૨–પીદપરનો અરધો ભાગ; ૩–ખોરિયું દીધેલું આખું ગળું; ને ૪–ગીરેબાન છે.

મીડિયાના નજુમીઓની ફિલસુફી મુજબ કહેતાં, ગીરદો એવું બતાવેછે કે બહેશ્તમાંથી ફરોહર આવી, ગીરેહબાન એટલે શરીરના ખોળિયાંમાં રહ્યું, અને પીડપરનું અરધું ગળું એટલે આ દુનિઆમાં પોતાનું આયુષ્યા પુરૂં કરી માહ પાયાના અરધા રોશન માહ પર મુકામ કીધો, ને ત્યાંથી આખું ગળું એટલે ખોરશેદ પાયા બહેશ્ત જ્યાંથી તે પ્રથમ નિકળ્યું હતું ત્યાં તે પહોંચ્યું. પણ ચપટાં તથા એ સદરાના ગળાં જોડે સંબંધ છે. માટે ઈરાનીઓના મતની ફિલસુફી મીનોઇના સંબંધ વાળી ૮ તથા ૯ મા પ્રકરણમાં જોવી.



ઈંડાંનો આકાર " મીનોઈમાં ફરનાર–રહેનાર " બતાવેછે, જેમકે નવ આસ્માન ઇંડાંના આકારના (જામે કેખુશરો); જગતનો ગોળો ઇંડાંના આકારનો; બાજ, આફ્રિગાન, સીરોઝામાં ઇંડાં ઇજાવવાં; બાજમાં મલિદાની હુડી; ખોરશેદ રોજના પરબે ૭ મલિદાની હુંડીખોરશે-

દને વધાવવી. ચેહારમની બાજમાં ચપટી નહિં પણ મલિદાની હુંડી મુકવી.

પ્રકરણ—૩) જું

રંગોના ભેદં.

સફેદ—"નિર્ગુણ તથા અષોઇ" બતાવે છે; જેમકે મહેર ય-ઝતના ૪ ઘોડા સફેદ (મેહેર યશ્ત—૩૧); સફેદ સેઆવ; સફેદ સદરો, પાઘડી, વરસિયો; સદરો પહેરાવતાં સફેદ કોપરાંની કાતરી તથા સફેદ ચોખા છાંટવા; પીળા કાનનો સફેદ કુતરો સગ—દીદ માટે સરસ (વંદીદાદ—૮); સફેદ હોમ; સફેદ ફુલ હોરમઝદ તથા તીર યઝતની નૈયતે ઇજાય (બુનદેહેશ્ને); મીનો અલબરૂઝ કોહની નકલે જમશેદે બનાવેલો અરધો કાળો ને અરધો સફેદ ગુંબઝ, તે પર ઉઠમણાની બામદાદે બહેશ્તી ગુજરનારનો છાયો સફેદ પડતો ને દોઝખીનો કાળો પડતો (બુનદેહશ્ને); યઝદ સફેદ વાદળ પર બેઠેલો દેખાયો (Revelation —14).

રાતો—"નેમમાં સફળતા" બતાવે છે; જેમકે જમશેદ પોતાના ગુફામાં સુર્ખ રંગનો પાક આતશ લઇ ગયો (વંદીદાદ—૨); સુર્ખ આતશ વડે અહુરમઝદ લડાઇમાં ફતેહમંદી આપેછે (યશ્ન—૩૧); પલ્લી પઠાવતાં, આતશ બહેરામ સુખડ ચડાવતાં, કે ઘરનું મૂહર્ત કરતાં બરસાકપર કંકુ તથા હળદના ખરપટાંના પટા; સદરો પહેરાવતાં, પરણતાં, અદરાતાં છોકરાને ટીલો ને છોકરીને પીયર; આર્શિવાદ દેતાં દાડમના રાતા દાણા તથા ચોખા છાંટવા; મેહેર યઝતની નૈયતે ગુલાબ, સરોષ યઝતની નૈયતે રાતાં ખીરાંનું, ને ફરવરદીન યઝતની નૈયતે ગુલ મેહેરનાં ફુલ મુકાયછે (બુનદેહશ્ને).

પીળો—"(દેવ દરૂજને મારી હઠાવવામાં) ફતેહમંદી "બતાવે છે, જેમકે સગદીદ માટે પીળા કાન વાળો સફેદ કુતરો, કે ચાર આંખવાળો પીળા બાલનો કુતરો સરસ (વંદીદાદ—૮); તેશ્તર શિતારો મહીનાના ત્રીજા દશ દહાડા પીળા કાન વાળા સોનેરી સાજના ઘોડા જેવો દેખાય છે (તીર યશ્ત—૬); મેહેર યઝતનો ગુરૂઝ પીળો, સોનેરી (મેહેર યશ્ત—૩૧); પીળાં ઊનનો પરેઝગારનો ચાકળો; હળદ તથા આટાનાં ખરપટાંના પાક કરેલી જગા પર કાઢેલા ચો-પટા; પીળો નિરંગ; નસા-સાલારને ઓળંગવાની લાકડાંની જગાપર પીળી મકોડી

પાંથરવી; તીર તેમજ બહેરામ યઝદના જશનમાં હોમના રંગની ખુશબો આતશ પર બાળવી (તીર યશ્ત-૧૫; બહેરામ યશ્ત-૧૭); બહમન યઝતની નૈયતે પીળા ચાંપાનું, દએપ મહેર યઝતની નૈયતે કેવડાનું, અને રામ યઝતની નૈયતે પીળાં બેરાંનું ફુલ ઇજાર છે (બુનદેહશ્ને); પરેઝગારની તશબીહ પીળા કેરબાની; ઘહુના અખ્પાણાનો થાળી મરનાર પરેઝગારની અગાડી ભરવી; તખ્તે જમશેદ શહેરમાં ચેહલ મીનાર પીળા રંગના; એઝિકીલ નામના યહુદીઓના પેગમબરે યઝદાંનું તેજ કેરબાના રંગનું દીઠું(Exekiel-8).

સોનેરી, ભુરૂં—"બધી તરફથી પાક" બતાવે છે, જેમકે સોનેરી ભુરા રંગની ખુશબો આતશ પર બાળવી (તીર યશ્ત-૧૫); જમશેદનો ડંડ ભુરા સોનેરી રંગનો (વંદીદાદ-૨), હોમ સોનેરી રંગનો (હોમ યશ્ત); મહેર યઝત સોનેરી રંગનો (મહેર યશ્ત-૪); અમષાસ્પંદોની જગા સોનેરી (વંદીદાદ-૧૯); ભુરા સોનેરી રંગના પથ્થરના હિંદોળા પર સોનેરી રંગની ગાદીએ બેસી સાલેક તથા પરેઝગાર અહુરમઝદે, હોષંગે, જમશેદે, ઝોહાકે, ફરેદુને, કેરેશાસ્પે, ઝરથુસ્તની બાયડી હુતઓષે રામ યઝતની બંદગી કીધી હતી. બહેરામ યઝતનું પહેલું રૂપ સોનેરી કાન તથા સોનેરી ખરી વાળા ગોધાનું; બીજું રૂપ સોનેરી ઘોડાવાળું; દશમું રૂપ સોનેરી મુઠવાળી તરવાર સાથના મરદનું હોયછે. તેશ્તર શિતારો મહીનાના બીજા દશ દહાડા સુધી પીળા કાન તથા સોનેરી ખરીવાળા ગોધા જેવો, ને ત્રીજા દશ દહાડા સુધી પીળા કાન તથા સોનેરી સાજવાળા ઘોડા જેવો (તીર યશ્ત-૬); વાયુનો પોશાક, બખ્તર, જોડા, કસ્તી એ સઘળાં સોનેરી ભુરા રંગનાં (રામ યશ્ત-૧૧); આબે ઝર (=તરો); પરેઝગારની તશબીહ કેરબાની; આવાં યઝતનો પોશાક બદામી ભુરા રંગનો (આવાં યશ્ત-૩૦); પોહ ફાટતી વખતે હોમ યઝદ ઝરથુસ્તને મળ્યો (યશ્ન-૯); મુકતાદ અગાડી તથા દીન યઝતની નૈયતે ગુલગોટાના ફુલ મુકવાં (બુન દેહશ્ને).

યહુદીઓના યાકુબ નબીએ પોતાના મુસારા બદલ ભુરા રંગના ઘેટાં લીધાં. દરાન મુકવાની મેજ, ધુપની જગા, દેવલનાં થાંભલાં તથા બારવટિયા સોનાએ મઢેલા. સોનેરી તાજ સાથે સફેદ વાદળપર યઝદ દેખાયો (Rev- 14); એઝીકીલ નબીએ યઝદાં કેરાબાના રંગનો દીઠો (Exekiel-8.)

હિંદુમાં નારાયણી પંથવાળાનાં ભગવાં કપડાં, દુર્વેશનો ભુરા રંગનો પોશાક. હિરણ્ય ગર્ભ (=સોનેરી પ્રકાશ-તત્વ).

લીલો—"વખાણવા લાયક, અમર હાલત" બતાવે છે, જેમકે—દાડમડી, ખજુરી, કે છોગીનાં લીલાં પાતરાંવાળી ડાંખલીની બરસમ બાંધવી; આફ્રીગાનમાં દાડમડીનાં લીલાં પાતરાં મુકવાં અને ખોરૂ પીતાં તે ચાવવાં; ખજુરીનાં લીલાં છટિયાંન. છ તારની દોરી ફરી બરસમના તાર બાંધવા; અર્દીબહેશ્ત તથા આસ્માન યઝતની નેયતે અને ઉડમાણામાં લીલી રેહાન મુકવી; માહતાબ લીલોત્રી વરસાવેછે (માહ ન્યાયશ).


કાળુ—અંધારૂં—"બદી તથા નુકસાની ભરેલું" બતાવેછે જેમકે, દેવો અંધારી દુનિયાના (વંદીદાદ-૧૮); હેરેમને દેવોને કહ્યું રાતના વખતે દુનિયામાં જઇ ખરાબી કરો (બુનદેહશ્ને); વરસાદ બાંધનાર અપઓશ દેવ તાળ પહેલા કાળા ઘોડાના આકારનો (તીર યશ્ત-૬); પાપી માટે કાળો અંધારો ઠામ (વંદીદાદ-૫); કાબુલમાં આવેલા શાયમંદ પહાડનો છાયો. જેપર પડે છે તેને નુકસાન પુગે છે (બુનદેહશ્ને); શેતાને દુનિયા ફના કરવા પાણીમાં જઈ પાણી કાળાં કીધાં (બુનદેહશ્ને); કાળી વિદ્યા, કાળાં કર્મ.

પ્રકરણ ૪) થું.

અહુરમઝદી દીનના બહેશ્તના પાયા તથા મીનોઇ જહાનમાં રવાનની મુસાફરી.

મીનો જહાનના પંથના તબક્કા તથા તે દરેકનું માપ

ગયોમરદ અને તેની અગાડીનાં નજુમીઓ આખાં જગતને ઇંડાંના આકારનું માનતા. એ જગતના ગોળાના ઘેરાવાની ગોળ લંબાઇ જમશેદ અને તેની અગાડીના વખતમાં ૭૨૦,૦૦૦ કે ૭૫૦,૦૦૦ ફરસંગ મનાતી, અને પૃથ્વિથી તે પાક મીનોઈ જહાન સુધીનો પંથ મીડિયામાં યઝદાની તરીકો કાઢનાર (Gen--4) પેશદાદ નામના નજુમી પરેઝગારે ચલાવેલી દીનમાં ૧૨૦ હઝાર બેવડા-ફરસંગનો મનાતો, એથી એ દીનમાં ૭ બહેશ્ત અને ૧૭


નખેતરો
રાશિઓ.
તેશ્તર શેતારો.
સાતમો આસ્માન
વનન્ત શેતારો
હપ્તોરંગ શેતારો
સાતમા આસ્માનની ધરી.
શનિ
ગુરૂ
મંગળ
રવિ
શુક્ર
બુધ્ધ
સોમ
૭
૬
૫
૪
૩
૨
૧
સતવસ શેતારો.
સતર પાયા

ક્રયાના દાહેકા તથા બાજ.	બુનદેહશ્ને મુજબપાયા.	મીનોખીરદ મુજબપાયા.	વદીદાદ-૧૯ તથા યશ્ન-૧૯ મુજબ.
ઉઠમણું	ચિન્વદપૂલ	....	ચિન્વદપૂલની ઉપલી હદ હમેશતગાંન
ચેહારમ	સતરપાયા (૩૪૦૦૦ફરસંગ)	પૃથ્વિથી તારાસુધી નો પથ.	[અલબરૂઝ (૧૦૦+૧૩૨ હઝાર હાસર)]
દસમુ.	માહપાયા (૩૪૦૦૦ફરસંગ)	તારાથીચંદ્ર સુધીનોપંથ	
માસીસો	ખોરશેદ પાયા (૩૪૦૦૦ફરસંગ)	ચંદ્ર થી સુરજ સુધીનોપંથ	બહેશ્ત તરફના ચિન્વદપૂલની છેવટ હદ
છમસી	અલબરૂઝ પાયા. (૩૪૦૦૦ફરસંગ)	...	
૭–૮ મહીના	ગરોસ્માન પાયા (૩૪૦૦૦ફરસંગ.)	સુરજથી ગરોસ્માન સુધીનો પંથ	ગરોસ્માન. (૪૧૦૦૦ હાસર)
૯ [મા મહીનાની બાજ]	...	...	[બહેશ્ત] વહિશ્ત અહુ [(૨૨+૨ હઝાર હાસર).]
૧૦	...	...	વહિશ્તા અષા
૧૧	...	...	વહિશ્ત રોચહ
વરસી	વહિશ્ત-અહુન	ગરોસ્માનથી અનઘ્ર રોશન સુધીનો પંથ	અનઘ્ર રોશન (૯૦૦૦ હાસર).

મંજલ મનાતી અને એ દરેક મંજલ (૧૭×૨=) ૩૪ હઝાર ફરસગનો ગણાતી. આ પાયાપર અહુરમઝદી દીનમાં બહેશ્ત કે દોઝખનો પંથ ૨૩૮ હઝાર ફરસંગ ગણાયો. આ પંથની ૧૭ મંજલ ગણાતી ને તે દરેક ૧૪ હઝાર ફરસંગની હતી. એ. અહુરમઝદી દીનવાળી ૧૭½ મંજલને ઝરથુસ્તે, ઇરાની નજુમી પરેઝગારની રસમ મુજબ, ૧૮ મંજલ ગરોસ્માન સુધી ગણી. એમાં ગરોસ્માનથી અનઘ્ર રોશન સુધીના બહેસ્તનો પંથ ૭૨ હઝાર હાસર ગણી તેની ૫) મંજલ ૧૪) ચૌદ હઝાર હાસરની દરેકગણી છે (યશ્ન–૭૦). આ મંજલના પાછા ટપ્પા પાડયા છે, તેથી ૧૭ મંજલમાં ૬૫) ટપ્પા આવે છે. આ પાયા, તબકકા, મંજલ, તથા ટપ્પાના આબેહુબ નમુને ગાથામાં પાંચે ગાથા, ૧૮ હા, ૨૪૦ કડી, ને ૮૧૦ તુક (verses) ઝરથુસ્તે બનાવી છે. ૩૪૦૦૦ નો પાયો છોડી ગરોસ્માન પહોંચતાં સુધી ૩૩૦૦૦નો પાયો ઝરથુસ્તે ધર્યો છે. આ ૩૩૦૦૦ હાસર (=ઝ. હાથ્ર) જણાય છે. ફરસંગ ૩½ મૈલનો હોય છે. ફરસંગના ૨૦,૦૦૦ કદમ છે (બુનદેહશ્ને). ઇરાની નજુમીઓમાં ફરસંગ કરતાં હાસર ૩૨૧ ફુટ (=૩૫૦ પગલાં) મોટો ગણાયલો દિસે છે. તેમની રીત મુજબ ૨૦,૩૦૦ (=૧૪×૨૯ ×૫૦) પગલાંનો હાસર, અને ૧૯,૯૫૦ (=૭×૫૭×૫૦) પગલાંનો ફરસંગ છે. છેવટનું બહેશ્ત ૯ હઝાર હાસરનું ગણી, વચલું બહેશ્ત કશાં પણ અસુખ વગરનું હોવાથી ૨૨) હઝાર હાસરનું, અને તે પાછું યઝતી મુકામ ગણાયાથી બે હઝાર હાસર પાછા વધારી, ૨૪ હઝાર હાસરનું ગણ્યું છે. ગરોસ્માન ૪૧ હઝાર હાસરનું ગણી ત્રણે બહેસ્ત ૭૨ હઝાર હાસરના ગણ્યાં છે. સરોષની દીનના જુના ઇરાની પ-ઓર્યો–દકેષી પરેઝગારો જરથુસ્તના વખતમાં ગરોસ્માન સુધી (૧૦૦ +૬૬+૬૬=) ૨૩૨ હઝાર હાસર ગણી ૧૮ના પાયા પર ૧૩ તેર હઝાર હાસરની અકેકી મંજલ ગણતા. ઝરથુસ્તતો તેમ પણ ગણતો (સરોશ યશ્ત –૩) અને વળી પૃથ્વિની ગોળ લંબાઈ ૭૦૦૦ હાસર (=૭૦૯૫ ફરસંગ) હોવાથી તેની લંબાઇ તથા પહોળાઇપર ધોરણ રાખી ૧૪૦૦૦ હાસરનો પાયો ખોરશેદ પાયા સુધી, અંતર રીતે ગણતાં વળી અલબરૂઝ પાયા સુધી, અને તમામ બહેશ્તોમાં લેતો. ઝરથુસ્તે ખોરશેદ પાયાનો પંથ ૧લા ગાથામાં સમાવી તેનું માપ ૧૦૦ કડી કરી ૧૦૦હઝાર હાસર રાખ્યુ. તેની ૭ મંજલ ૭ હાએ બતાવી દરેક ૧૪૦૦૦ હાસરની ગણી. પછી સુરજથી શનિ સુધીનો પંથ સાત હાવાળી ઇજશ્નેમાં

સમાવી તેના દેખીતા ૭ હા પણ ૧લા તથા ૭મા હાના બબે ભાગ કરી અંદરખાને ૯હા, ૩૩ કડી, ને ૧૩૨ તુક કીધી. આ ૯હા તે ૯ મંજલછે ને દરેક મંજલ ૧૪૦૦૦ હાસરની અંદરખાનેથી ગણીને દેખીતી સાત મંજલ ૧૮૦૦૦ હાસરની દરેક ગણી. ગ્રેહો પછીનો ગરોસ્માન પુગતાં સુધીનો પંથ ૩જા ગાથાની ૬૬ કડીમાં સમાવી તેના ૪ હા કરી (૫+૬૬=૭૧ ગણી) દરેક મંજલ ૧૮ હઝાર હાસરની ગણી. એમાં દેખીતી ૬૬ (=૨૨×૩) કડીએ જણાયછે કે એ મંજલોમાં દરૂજ પેસારો કરી શક્તા નથી. એમ ગરોસ્માન સુધીમાં ૭+૭+૪=૧૮ મંજલ ગણી. ગચોમરદની અગાડી સરોષની દીનમાં ખોરશેદ પછીજ ગરોસ્માન ગણતા તેથી બહેશ્તનો પંથ ૧૭૪ હઝાર હાસર ગણાતો ને એ નમુના પર વડી સરોષ યશ્ત છે.

રવાનનો પંથ

મીનો ખીરદમાં કહેલા પોયા પરથી જોતાં, મૂળ દીનમાં ચિન્વદપૂલ જણાતો નથી તોય ગચો મરદની અગાડીના સરોષની દીનના નજુમીઓ એવું માનતા કે પૃથ્વિના મધ્ય ભાગથી પહેલા આસ્માન સુધી ચિન્વત પૂલ નામનો સીધો રસ્તોછે તે પર થઈને અષો રવાન સતર, માહ, તથા ખોરશેદ પાચાપર થતું કે ગરોસ્માન બહેશ્તમાં જાયછે. આ પૂલ મીનો વાયુ (magnetic aura)નો, મારા માન્યા મુજબ. હોવાથી એ રસ્તો તરવારની ધાર કે બાલ જેવો (અર્દા વિરાફ નામુ તથા કુરાન) દોઝખી રવાનને લાગેછે તેથી તે નિચે દોઝખના ઉંડા ગારમાં ઉંધે માથે પડી જાયછે. ગચો મરદે એવું મનાવ્યું કે ખોરશેદની ઉપર પણ ગ્રેહોછે માટે છેક શનિ ગ્રહ સુધીના ૭ આસ્માનની ધરી પર થતું પાક રવાન ઉપર ચઢેછે ને પછી બહેશ્તમાં જાયછે.

ગુફામાં બાંધેલી ઝરથુસ્તની દરે મહેર. (Mithrian Cave).

યુબ્યુલસ (Eubulus) નામનો યુનાની વિદ્વાન એવું કહેછે કે ઈરાનની પાડોશમાં પહાડના કુદરતી ગુફામાં ઝરથુસ્તે એક પાક દરે મહેર કરી હતી. સેલસ (Cellus) નામનો બીજો વિદ્વાન કહેછે કે એ ગુફામાં સ્થિર તથા ફરતા તારાઓની બેવડી ચાલ અને તેઓમાં થઇને પાક રવાનનો જવાનો માર્ગ ઉંચો " બેવડી નિસરણી " (=ચોથા ગાથામાં કહેલો બેવડો પૂલ) દોરી તેમાં સાત દરવાજા પાડી બતાવ્યા છે. તેમાં ૧લો દરવાજો સીસાંનો, ૨જો કલઇનો, ૩જો પિત્તળનો, ૪થો લોઢાંનો ૫મો-

ચામડાં (ત્રાબાંનો?), ૬ ઠો રૂપાનો, ને ૭ મો સોનાનો હતો. આ આકૃતિ દાદરના રૂપે દરવાજા સાથેછે તેથી તે યઝદાનાઓના સાત આસ્માનવાળાં સાત બહેશ્ત માટે હોય, કે બહુ સંભવે મીનો અલબરૂઝ કોહવાળા "ચિન્વદ પૂલ" માટે હોય.• અર્દા વિરાફને પાલક વગરનાં રવાનો કહેતાં કે ચિન્વદ્ પૂલ પરથી ગરોસ્માન બહેશ્ત દૂરથી દેખીએ છીએ પણ ત્યાં હમારીથી જઈ શકાતું નથી. એમ ચિન્વદ્-પૂલ ૭મા આસ્માન સુધી લંબાયલો ગણાયાથી તેના ઉપલાં નાકેથી ગરોસ્માન સામું દેખાઈ શકે. ગ્રહ-મંડળની ઉત્પત્તિ અગાઉ યથા હૈયાત હતો તેને માટે ઝરથુસ્ત યસ્નના ૧૯મા હામાં કહેછે કે "(બધ અએષ આસ અહુનહે વઈર્યેહે સ્પિતમ ઝરથુશ્ત્ર યદ્ તએ ફ્રા-વઓચિમ્ પર અસ્મેમ્=) હે સ્પિતમ ઝરથુસ્ત્ર! યથાના આ ભાગ જેહું તને પઢયો તે આસ્માનની અગાઉ હતા." હ્યાં આસ્માનો નહિં પણ ફક્ત એક આસ્માન કહેછે તેથી આ સાત દરવાજાની આકૃતિ ઝરથુસ્તની નહિં પણ કોઇ યઝદાનીનીજ હોવી જોઇએ.

મીનો આલમની પેદાશ.

ફરેદુનની ઓલાદનો પરેઝગાર હોમ, રૂસ્તમના બાપ જાલનો સો શાગેર્દવાળો દુનિયામાં વખાણાયલો (ફરવરદીન યશ્ત-૨૫) ગુરૂ સી-મુરગ, તથા ગુસ્તાસ્પના છોકરા પેશોતન જેવા કામેલ ઈરાની હકીમો એવું માનતા કે અહુરમઝદે પહેલાં બહમન નામનું પાક ફરોહર પેદા કીધું, ને એ ફરોહરે યઝદ અમષાસ્પંદો તથા આસ્માન પેદા કીધા, અને એ આસ્માન તથા શેતારાઓ અનંત તથા અગણિત છે (ઝરે દસ્ત અફસાર). પણ મીડિયાના યઝદાનીઓ તેમાં ખસૂસાન જમશેદ પાદશાહના છોકરા બાદાન હકીમના ફિરકાવાળા ફાજેલ દીનદારો એમ માનતા કે આસ્માનોમાં જીવ તથા રવાન છે તેથી તેમનું ગોળ ચક્કર ફરવું "ઈરાદી" (voluntary) એટલે પોતાની ખૂદ ખાહેશથી છે, અને ઈરાની હકીમો જે કહે છે કે તેમનું ફરવું તો "તબઆઈ" એટલે કુદરતી તથા તેમના સ્વભાવ મુજબ છે તે તેમ નથી. અહુરમઝદના તેજી નૂરમાંથી બહમન નામનું પાક ગોહર પેદા થયું કે જેને તેઓ "પેહેલી અક્કલ" (અક્કલે અવલ= universal intelligence) કરી કહેતા. એ અક્કલમાંથી અરદીબહેશ્ત નામનો નવમો આસ્માન પેદા કીધો. એ નવમા આસ્માનમાંથી ખોરદાદ નામનો આઠમો આસ્માન પેદા કીધો. વળી એ આઠમામાંથી તીર નામનો ૭મો આસ્માન

પેદા કીધો. એમ અકેકમાંથી પેદા થતાં છેક દએ નામનો પહેલો આસ્માન પેદા થયો. એ આસ્માનોનાં નામ મહીનાના નામની નિચેથી ઉપર ચઢતા અનુક્રમે છે (દબેસ્તાન). એ દરેક આસ્માન અક્કલ, રવાન તથા તનુનો બનેલો છે, એમ જમશેદના છોકરા જમશાસ્પ પરેઝગારના શાગેર્દો માનતા (દબેસ્તાન). એ આસ્માનોના ફરવાથી આતશ, બાદ (=હવા), આબ (=પાણી), તથા ખાક (=મટોડી) એ ચાર તત્વ પેદા થયાં. એમ માહ-આબાદી તરીકા વાળા આલેમો ગ્રહ-મંડળની પેદાશ શનિ ગ્રહથી શરૂ ગણી છેવટે પૃથ્વિ ગણતા, ને એ પૃથ્વિ સ્થિર માની તેની ઉપર સાતે આસ્માનો ગણતા. જરથુસ્તે તો હાલની ફિલસુફી મુજબજ પૃથ્વિ ગોળા જેવી, ગોળ ચક્કર ફરતી (વંદીદાદ -૧૯), ખોરશેદે ઉડાવીને અતરંગ રાખેલી (ખોરશેદ ન્યાયશ) કહીછે, અને આસ્માન પૃથ્વિની આસપાસ ફરી વળેલો (ફરવરદીન યશ્ત-૧)કહ્યોછે.

મીનો અલબરૂઝ — હવે આકાશમાં રહેલી પેદાયશો ઇંડાંના આકારની હોવાથી (માનો ખીરદ), દસ્તુર માહ-આબાદના ફિરકાવાળા નજુમી આલેમો એમ માનતા કે પૃથ્વિની ઉપરનું જગત નવ આસ્માનનું બનેલુંછે (ઝરે દસ્ત અફસાર).જેમ ઇંડાંના કોટલાંમાં સફેદી, દાળ, તથા જીવ સમાઈ રહેછેઃ તેમ નવમા આસ્માનની અંદર એ આસ્માનો કાંદાના પડની માફક અકેકમાં સમાઈ રહ્યાછે, આઠમા આસ્માન પર સ્થિર તારા ગણતા (જામે કેખુશરો), અને સાત આસ્માનોમાં શનિથી સોમ સુધીના ગ્રહોના દોર ગણતા. આ સાતે આસ્માનોનો ઇંડાંના આકારનો ગોળો (જામે કેખુશરો) મીનો અલબરૂઝના નામે કહેવાયલો જણાય છે. કારણ કે બુન દેહશનેમાં કહ્યું છે કે "અલબરૂઝ ૧૮ સો વરસે સાતે આસ્માન પહોંચ્યો." જમાસ્પ હુકોમનો ગુરૂ વ્યાસ મૂનિ મીનો અલબરૂઝને મેરૂ પર્વતના નામે વર્ણવેછે (ધર્મ સંહિતા-૧૦).પેશદાદી દીનમાં માહ બોખ્તારની તળેનો આસ્માન રોશની વગરનો અને માહનીઉંચેનો આસ્માન, હોષંગી દીનના પાદશાહ લોહરાસ્પના મત મુજબ અહુરમઝદનું નુર એક બીજા આસ્માન પર પડતું આવ્યાથી (ઝરે દસ્ત અફસાર), હમેશની જાતી રોશનીવાળો ગણાતો. મારા સમજ્યા મુજબ ૯ મો તથા ૭ મો આસ્માન અકેકથી ઉલટા ફરવાથી, તેમની આકર્ષક તથા નિરાકર્ષક વિજળીના મેળાપથી પેદા થતા, તથા ઉપર નિચે ને ચોગમ રહેલા (મહેર ન્યાયશ), મહેર

ના તેજના આભને લીધે એ અલબરૂઝ પર " રાત, અંધારૂ, લૂ, ઠંડી કોહોવાટ, ગંદકી, વાદળાં, એમાંનું કશુ નથી " (મહેર યશ્ત-૧૨, રશ્ને યશ્ત-૧૫). એજ અલબરૂઝ પાયા બહેશ્ત ગણાયલું જણાય છે.

દોઝખ તેમજ આ મીનો અલબરૂઝ કોહ પર વનન્ત શેતારો § પાસબા-ની રાખેછે (મીનો ખીરદ). એ અલબરૂઝની ઉપર રાશિ તથા તેની ઉપર નખેતરો છે (બુનદેહશ્ને). અલબરૂઝ પહાડ અને મીનો ર-લબરૂઝમાં આવા ભેદ રહ્યાછે. રવાનના બહેશ્ત તેમજ દોઝખ તરફના પંથ વિષે ઝરથુસ્ત (વંદીદાદ-૧૯માં)કહેછેકે " પુરાતન દીનવાળા પંથોના (માણસોના) જાન જે બહેશ્તી (ઠરવા) માટે, જે દોઝખી (ઠરવા) માટે, તે અહુરમઝદે પેદા કીધેલા અષો ચિન્વદ પૂલને પહોંચેછે. અને દુનયાની કરણી (=ફરોહર) રવાનને (અને રવાન ફરોહરને) સામ સામા પુછે છે. તેણી (=ક્રવષિ, ફરોહર) દોઝખીઓના બદ રવાનને અંધારાઓમાં ના ખુશ કરે છે.† અષોના૨ રવાનોને૩ તેણી૧ અલબરૂ-ઝની૫ પાર૪ લઇજાયછે.૬ ચિન્વદ૮ પૂલની૯ પેલી-પાર૭ દોરવેછે. ૧૦ તેને૧૧-માટે મીનો૧૩-યજતો૧૪માંનો અષો (બહેશ્તી) માણસ૧૬ પાક૧૯ -કીધેલી જગા૧૮ પરથી૧૭ ઉઠી૧૫ ઉભોથાય તે એને૧૨ અષો૨૧-બહેશ્તી ૨૦બોલેકે"- એમ દોઝખી રવાન ચિન્વદ પૂલ પર આવેછે ખરૂં પણ તે ગુઝારી શકતું નથી.

ચિન્વદપૂલ| સાતે આસ્માનોના ગોળાના ઉતર-દક્ષિણ છેડાના વચલા ભાગ-વાળા પંથને મોડીઆના નજુમીઓ ચિન્વદપૂલ ગણતા, એવું દિસે છે. લોહ-ચુંબકના બે છેડે લોઢું ખેંચવા કે હઠાવવાની શકિત રહે છે, પણ બન્ને છેડાના વચ્ચેના ભાગમાં એ શકિત મુદ્દલ હોતી નથી. આ ભાગના મધ્ય બિંદુને " કેન્દ્ર " (center) કહે છે માટે ચિન્-વત્ (=કિન્-વત્)

---

§ જે તારાને યુનાનીઓ canopus અને આરબો "સોહઇલ" કહેતા તે એજ હોય. આ તારો તા. ૧૧ મી સપટેંબરથી અગ્નિ ખુણામાં ઉગતો જણાયછે. જેમ મહમદ પેગમબરનો મમાવો, વહેબ, તેશ્તર શેતારાની પરસ્તેશ કરતો, તેમ તએ જાતના આરબ એની પરસ્તેશ કરતા (કુરાન)

† હાઉ૧ અષઓનાંમ્ ૨ ઉર્વાનો ૩ તરસ્ચ ૪ હરાંમ-બેરેઝઇતિમ્ ૫ આસ્નોઇતિ ૬ તરો૭ ચિન્વત્૮ પેરેતુમ્૯ વીદારયેઇતિ૧૦ હે૧૧ તે૧૨ મઈન્યુનાંમ્૧૩ યઝતનાંમ્૧૪ ઉસે-હિસ્તદ્૧૫ વોહુમનો૧૬ હ્યૂ૧૭ ગાત્વૈ૧૮ ઝરન્યો-કેરેત૧૯ ફ્રવચત્૨૦ વોહુમને૨૧

તે સ. કેન્દ્ર–વર્ત એટલે મધ્ય બિંદુ–વાળો એ અર્થ મીડિયાના મૂળ નજુમીઓનો હોય. દરેક આસ્માનના ઉપલાં પડના મધ્ય બિંદુવાળા ભાગ પર થતુ થતુ ગોળાના પૂલ જેવા દેખાતા સાતે આસ્માનના ગાળાને બહેશ્તી રવાન વટાવીદે છે. ત્યાર પછી જાતિ નરે દક્ષિણે બહેશ્ત તરફ વળે છે. એમ અષો રવાનને જવાનો ચિન્વદ પૂલ એ પૃથ્વિ પરથી નિકળી બહેશ્તમાં દાખલ થવાય ત્યાં સુધીનો વચગાળો પથ છે. માટે વિસ્પરદ–૮માં ચિન્વદ પૂલ, પછી ગરોથ્માન, પછી તમામ રોશન બુલંદ બહેશ્ત કહ્યુ છે. એમ સતર પાયા, માહ પાયા, ખોરશેદ પાયા તથા અલબરૂઝ પાયા ચિન્વદ્ પૂલમાં સમાઈ ગયાં. વળી વંદીદાદ–૧૯માં પોતીકા નિયમવાળી (અન્–અગ્ર=) વગર ટોચની રોશનીઓ, તમામ રોશન બહેશ્ત, ગરોથ્માન, અને પોતીકા નિયમવાળાં હમેશ્તેગાન (=મધ્યમ ફાયદાની જગાનો) ચિન્વદ પૂલ કરી કહ્યું છે. પોતીકા નિયમવાળી (=ઝં-ખ-દાત) એ શબ્દ બેહદ રોશનીઓ તથા મધ્યમ ફાયદાની જગાને લગાડયો છે તેથી જણાયછે કે પહેલો પોતીકા નિયમવાળો નવમો આસ્માન જે બધા આસ્માનોને ફેરવેછે (ઝીનદેહ શેદ) તથા જેને ઈરાની સાલેક "તન–સાલાર" કે તુરાની નજુમીઓ "ફલકે આઝમ" (=સૌથી મોટો આસ્માન) કહે છે તેના પર શિર-છત્ર જેવી (જામે કે ખુશારો) રહેલી રોશનીઓ છે, તે છે.

આ આસ્માન જમશેદ પાદશાહનો છોકરો બાહાન કહેતો તેમ (ઝીનદેહ શેદ), પૂર્વથી પશ્ચિમ ફરે છે. (દસાતીર–જ્યાક્રામ). બીજા <u>પોતીકા નિયમે ફરનાર પહેલા સાત આસ્માન જે પશ્ચિમથી પૂર્વ ફરે છે તે છે.</u>

રાપ્થ્નના અષોવાયુ લોહ-ચુંબકના ગુણવાળો (Magnetic) પ્રવાહ જેમ આપણી પૃથ્વિ (તથા સાતે આસ્માનો) પર ઉત્તરથી દક્ષિણે વહેછે અને જે દરજનુંજીવન છેઃ તેમ નવમા આસ્માન પર એ ગુણવાળા વાયુનો પ્રવાહ જો તે પર મહેરનો તાબ હોયતો, એ આસ્માન પૂર્વથી પશ્ચિમ ફરેછે તેથી રપિથ્વન એટલે દક્ષિણે આવેલાં મધ્યમધ્યતાં (મીનોઃ ખીરદ), ખુશબો ભરેલાં (હુઆ નામ સેતાયશ્ને), રોશન બહેશ્તથી શરૂ થતો હોય. રવાનને ઉઠમણાના વખતે બદ બો કે ખુશબો ભરેલો વાયુ (aura) લાગ્યા કરેછે તે એ હોય. આ મત અશ્મો–ખન્વાઓ નામના ઈરાની પરેઝગારનો મૂળ હોય એમ માનુંછું (અવસ્તાના અધુરા ભાગ). રપિથ્વન ઈજાવવાને દહાડે સુરજ પૃથ્વિના મધ્ય અરધા ભાગ અગાડી રહેછે તેથી તે દહાડે એ બહેશ્તનો વાયુ વસંતના ખુશનમા પવન સાથે

થોડો ઘણો આપણા તરફ પહોંચી શકેછે તેમાં અષો ફ્રેરોહરો પણ આવેછે. ગાથા ગબાર પર દક્ષિણેથી બહેશ્તના અને ઉત્તરેથી દોઝખનો એજમતી વાયુ કુદરતી રોતે એક સરખો આવે છે. ઉત્તર વાયુમાં દોઝખી ફ્રેરોહરો પૃથ્વિ પર આવી ઢેડની માફક અષો રવાનોથી દુર રહેછે. આ મીનોઈ વાયુ વડે આવતાં ફ્રેરોહર માટેજ મુક્તાદના ક્રિયા છે તે હિંદુના શ્રાધ્ધ-પક્ષ પરથા જણાય છે. કન્યા રાશિના છેવટ નાકાં તરફ સુરજ હોય છે ત્યારે ભાદરવા મહીનામાં પૃથ્વિના મધ્ય ભાગ તરફ સુરજ રહે છે. તેથી એવોજ મીનો વાયુ તે વખતે આવે છે. આ માટે એ વેળા હિંદુઓ શ્રાધ્ધ કરે છે. આ પછી (૭મી=) તોલા રાશિમાં સુરજ પેસે છે કે "નવરાત" બેસે છે. આ ગણત્રીવાળી ક્રિયા મેહર પંથીઓની તેઓમાં રહેલી જણાય છે. કારણ કે તેઓ તોલા રાશિ એટલે મહેર મહીનાથી "ના-રોઝે માઝાની" (Autumnal Equinox) થી પોતાનુ વરસ ગણતા, ને એજ રસમ યહુદીઓમાં ઉતરી. હાલના મુક્તાદ એ સમય પરજ આવે છે.

દોઝખ. મૂળ દીનના પરેઝગારો એવુ માનતા કે "દોઝખ માહતાબવાળા પહેલા આસ્માનથી ૬૯૦૦૦ ફરસંગ ઉંડું છે. અલબરૂઝની પછવાડે ઉત્તરે દોઝખનું મોંહ છે. તે જગા પરથી દેવ દરૂજો અલબરૂઝની કઢાણે થઈ દુનિયામાં દફે થાય છે." (બુન દેહશ્ને). એમ

દોઝખ હાલ ક્યાં. પૃથ્વિના ઉત્તર ધ્રુવની સામેથી તે પહેલા આસ્માનની સામા સુધીનું ઉત્તર ભણીનું અંધારૂ આકાશ દોઝખના નામે ગણાયલું દિસે છે. એથી દોઝખી રવાન સતર પાયાની તળેથીજ ઉત્તરે વળતું. ને અષોઈ ભરેલા માહ કે ખોરશેદ જોવા ન પામતું. એ (૧૭૧૦૦૦ ફરસંગના) દોઝખના મોટા ત્રણ તબકકા ગણતા, ને તે

દોઝખના તબકકા. સામટા ત્રણે મૂળમાં, અને પછાડીથી તેઓમાંના દરેક ૫૭ હજાર ફરસંગનો ગણાયલો જણાયછે. બહેશ્તનો પંથ ૨૩૮૦૦૦ ફરસંગ તથા દોઝખનો પંથ ૨૩૮૦૦૦ ફરસંગ ગણી જગતના ગોળાનો ઘેરાવો "૧૫૦" બએવરે ફરસંગ બહુ પછાડીથી ગણાયલો જણાયછે. બહેશ્ત તરફ વટવાનો ચિન્વદ્ પૂલ સાતે આસ્માન સુધી લંબાયલો ગણાયાથી એજ પૂલ દોઝખી રવાનને દોઝખ તરફ વટવા માટે સમજ્યાથી બહેશ્ત તેમજ દોઝખ તરફ જવાનો પંથ એક માપનો ગણાયો. એથી મૂળ દીનના—દુશ્મત, દુઝુખ્ત, તથા દુઝુઅર્શ્ત નામના—ત્રણ તબક્કામાં "વ-

ગર અંતના અંધકાર" નામનો ચોથો તબકકો ઉમેરાયો. એમ બહેશ્ત તથા દોઝખ છેવટ ગ્રહુવાળા આસ્માનની ધરીના સામ સામા છેડે આવ્યાથી, અર્દા વિરાફનું ફરોહર દોઝખના દેખાવ જોઈ રહી દોઝખ પરથી પાધરૂં ગરોસ્માન પર ઉતર્યું હતું (વિરાફનામું–૧૦૫ પાનુ).

ઝરથુસ્તે કહેલું દોઝખ ઝરથુસ્તે બહેશ્તથી ઉલટુંજ "અચિશ્ત અંગહુ" દોઝખ કહ્યું છે. પણ એણે મોટા કદીમ ધરાની પરેઝગાર "અસ્મો ખન્વાઓ" નામના અષો મરદના એ ઉપલા મતને કબુલ રાખ્યાથી તે કહેલું જાણાય છે. (અવસ્તાના અધુરા ભાગ). એણે પોતે મૂળ સરોષની દીનના મત મુજબનુંજ દોઝખ માનેલું જણાય છે. (વંદીદાદ--૧૯). ઉત્તર તરફથીજ દેવ દરૂજ તથા દોઝખી રવાન આપણી પર ગઃઓ કરવા આવે છે તે ફકત પરેઝગાર કે સાફ દિલના આદમીનો જાન જાણી શકેછે.

દુર્વંદ દોઝખમાં નહિં. સાલેક સિવાય પર કોમના કે સુદરેહ–કુસ્તી વગર રહેનાર આદમીઓના કાયમ મુકામ વગરનાં કે અવગત થયલાં દોઝખી રવાન રહેવાનો થાર ન પામતાં પૃથ્વિ પરજ રખડેછે માટે તેમને અવસ્તામાં "દ્રવન્ત" (=રખડતા, ભમતા જીવ, દુરવંદ) કહ્યાં છે. જો કદી તેઓ નેક હોય છે તો જ્યાંથી તેમનું ફરોહર મૂળ આવેલું ત્યાંજ એટલે માહ* પર રહે છે, (દસાતાર–આબાદ). એ જોઈ તેમજ બહેશ્ત જગતના ગોળાની દક્ષિણે છે તે ન માની ફકત "ઉંચે" (કુરાન–૨૩) સાતમા આસ્માને તે છે એમ સમજી, તથા તુરાની ફાઝેલો એવું માનતા કે પૃથ્વિ તથા પહેલા આસ્માનની વચ્ચેનો ગાળો એજ ચિન્વદ પૂલ છે, ને એ ગાળાની તળેનો ઠામ તે જહાનમ છે તે મત પણ એક કોરે મુકી, હોષંગી દીનના સાલેકોએ અવતારના મત પર ઉતરી, જેમ બૌધ્ધે પૃથ્વિની અંદર ખાને ૧૩૬ નર્ક માન્યાં છે, તેમ દોઝખના સાત તબકકા ગણી પતાળને દોઝખ માનેલું જણાય છે. "અંધારામાં, આઝાબમાં, ઘણીજ બદ જગાઓમાં, અણીઆળાં ઘાસોમાં, બદ રવાન પૃથ્વિ પરથી ઝીકાય છે"

---

* આફ્રીનામિ[1] માઉફ્હેર[2] અઓ–ચિથ્રહે,[3] ગેઉશ્ચ[4] અએવોં[5] -દાતયાઉ ગેઉશ્ચ[6]-[7] પોઉરો[8] –સરેદયાઉ=) હમ–દીનના[5] પાક–જાનના[4] તથા[7] ઘણી જાતના[8] પાક જાનના[6] આત્મ–તત્વના[3] (=ફરોહરવાળા) ચંદ્રને[2] દુઆ[1] કરૂંછું.

(વંદીદાદ-૩). માટે દોજખમાંથી આવી દેવ દરૂજ પૃથ્વિ પર ધોળે ત્યારે તેમનો થાર અંધારી પહાડનો ઉંડી બખોલ (વંદીદાદ-૩), ગંધ મારતાં જમીનની અંદર પડેલાં અંધારાં કોતર, ખાડા, ઉંડા ગાર હોય છે. તેને જરથુસ્તે દેવ દરૂજની "અંધારી દુનિયાનું એટલે ગંધાતા દોઝખનું બુન" કહ્યું છે (વંદીદાદ-૧૯). જરથુસ્તના વખતમાં દરૂજોનો આવો થાર-ભુતખાનું-ગીલાન શહેરમાં આવેલા "અરેઝુર પહાડની ડોકમાં" હતો. ઈરાન વેજથી શીસ્તાન શહેરમાં આવતા જરથુસ્તને ત્યાં ભુતે (=ઝ. બુઈતિ) ભોળવી લાવી તેનાં "ઉભાં મથાળાં" પરથી ગગડાવી પાડવા કીધેલુ પણ જરથુસ્ત યથા પહુચો કેજ તેઓ નાસ ભાગમાં પડી નેસ્ત થયા. (વંદીદાદ-૧૯) સૃષ્ટિના ઉત્તર છેડે એટલે દોઝખમાં અંધકાર રહે છે તે પૃથ્વિના ઉત્તર છેડે હર વરસે છ મ્હીના સુરજની રોશની નહિ પહોંચ્યાથી ત્યાં અંધકાર કુદરતી રીતેજ રહેછે તે કુદરતની રચના પરથી જણાઇ આવેછે.

અહુરમઝદી દીનના બહેશ્તના પાયા. અર્દા વિરાફના ફરોહરે, દોઝખ કદાચિત ખાહીના રૂપે જણાયાથી, ચિન્વદ પૂલ ફકત ૩૭ વામ (યાને "દોઢસો" હાથ) લાંબો જોયો હતો (વીરાફ નામું). જહાનની વચમાં ઉગેલા ચકાદ દાઈતિ નામના પહાડ જે પરે ગુજરેલાં રવાનનો ઇનસાફ થતો મનાતો તેની ૧૦૦ મથુરાં ઉંચેથી ચિન્વદ પૂલ શરૂ થતો મનાતો (બુન દહેશ્ને). મૂળ દીનની પેઠે પેશદાદી દીનમાં ચિન્વદ પૂલ જમીનથી પહેલા (=સતર પાયાના) આસ્માન સુધીજ મનાતો. એ માટે યહુદીઓના તથા ઈસલામીઓના યાકુબ પેગમબરે ઈ-સ. પૂ. ૧૭૬૦માં એ પૂલને જમીનથી આકાશ સુધી દાદરના આકારે ખ્વાબમાં જોયો હતો (Jacob-28). બાદ પાયાથી (atmosphere) સતર પાયા સુધીના આકાશને ઈરાની નજુમીઓ તો હમેશ્તેગાન (purgatory) ગણતા. બહમન યઝતનું પાકનૂર તેમજ મહેરનો આબ દક્ષિણ તરફ (મહેર યશ્ત-૨૫ તથા ૩૧) વધારે તથા ખસૂસ રહ્યાથી સાતે આસ્માનોના ગોળાના દક્ષિણ પાસાં રોશન રહેછે અને એ ગોળાઓને તળિયે એટલે ઉત્તર પાસાંએ પુરી રોશની ન પહોંચવાથી તે અંધારાં રહેછે. 'અલબરૂઝની પછવાડે ઉત્તરે દોઝખનું મોંહ છે; તે જગા પરથી દેવ દરૂજો અલ બરૂઝની કઢણે થઈ દુનિયામાં દરૂથાયછે' (બુનદેહશ્ને). આ અંધારાં પાસાં ભણી દેવ દરૂજ તથા ધના મીનોનું આવવું જવું થાય છે (વંદીદાદ-૧૧) એથા ગચોમ રદવાલી અહુર મઝદી

દીનમાં "જોડની" ખુમીપર ચિન્વદ પૂલ બેવડો ગણ્યો (યસ્ન-૪૭). હવે "અષો" ચિન્વદ પૂલનાં ઉપલાં નાકે નક્ષત્ર-ચક્ર છે માટે એ પૂલના ઉપલાં નાકાંના મધ્ય વચલા ભાગ ઉપર અહુર તથા મઝદ નામના બે જોડિયા (યશ્ન-૧૯) તારાનું નખેતર છે. આ બે જોડિયા તારા અકેકથી એક ફલાંગના દેખીતા છેકે પશ્ચિમ-પૂર્વ આવી રહ્યા છે. પશ્ચિમનો એટલે ડાબો તારો તે અહુર છે, ને પૂર્વનો એટલે જમણો તારો તે મઝદ છે. મહેર-પંથીઓ વરસની શરૂઆત રાશિ-ચક્રની જમણી તરફ, એટલે પૂર્વથી, ગણતા, તેથી તેઓ જમણો જોડિયો પહેલો ગણી "મઝદા-અહુરા" કહેતા. પણ ગયોમરદ વરસની શરૂઆત રાશિ-ચક્રની ડાબી તરફથી એટલે પશ્ચિમથી ગણતો તેથી તે ડાબો જોડિયો પહેલો ગણી તે જોડિયાને "અહુર" કહી આખી જોડને "અહુર-મઝદ" કહેતો, એમ સમજુંછું. હવે આ બેવડા પૂલના ઉપલા છેડેથી બે રસ્તા સામ-સામા ફાટે છે. ઉત્તર તરફના રસ્તે દોઝખી દીનદારનું રવાન જગતના ગોળાની ઉત્તરેથી આવતા વાયુની શરતે (રામ યશ્ત-૧૧) નિચે દોઝખમાં જાયછે, અને દક્ષિણ તરફના રસ્તે બહેશ્તી રવાન દક્ષિણેથી આવતા એજમતી વાયુની શરતે ઉંચે બહેશ્ત તરફ વળેછે. દોઝખી રવાન રોશન રસ્તે પડવાને પછાડા તો મારેછે, પણ પોતાના રવાનનું બગડેલું નૂરજ તેને અંધારાંમાં ખેંચી લઇ જાયછે. (યશ્ન-૫૦)

સતર પાયા હવે આ પેશદાદી દીનના મત મુજબના ચિન્વદ પૂલની ૩૪૦૦૦ ફરસંગ (=૩૩૦૦૦ હાસર) ઉંચે સતર પાયા બહેશ્ત છે. આ સતર પાયામાં લાખ નાના તારા છે. ૨૩ ગજના કદવાળા ૬૪૦૦, ૫) ગજના કદવાળા ૧૩,૬૦૦, અને ગાયના માથા જેવડા ૮૦,૦૦૦ તારા છે. (બુનદેહશ્ને). આ તારાઓ પોતાના દોરમાં ફરતાં હર વરસ નવેંબર મહીનામાં પૃથ્વિની નજીક આવી જવાથી સંખ્યા બંધ ખરેછે ને પથરા રૂપે જમીન પર ઘણી વેળા પડેછે. (Chambers' Meteorology). આવા ખરતા તારાઓને ઇરાની નજુમીઓ મછિયા તારા કહેતા (તીર યશ્ત-૫). અહીં વિશાફ પણ માહની નિચેનાજ તબકકાને સતર પાયા કહેછે, પણ માહ આબાદી દીનદારો તો સ્થિર તારાવાળા આઠમા આસ્માનનેજ સતર પાયા

માનતા (દબેસ્તાન). જોકે આ અમુક સંખ્યા વાળા તારાઓ ખરી પડેછે તોય બહુમન યઝત સ્થિર તારાની પેદાયશ વધારતો રહેછે (વિસ્પરદ-૧૨) તેથી પુરાત પાછી થઇ સૃષ્ટિનું હમ-વજન જેનું તે થઈ રહેછે.

બાકીના ચાર પાયા તથા બહેશ્તો.

હવે એ સતર પાયાની ૩૪૦૦૦ ફરસંગ ઉંચે માહુ પાયા બહેશ્ત છે. એની ૩૪૦૦૦ ફરસંગ ઉંચે ખોરશેદ પાયા બહેશ્ત છે. તેની ઉંચે, ૩૪૦૦૦ ફરસંગ ઉંચે અલબરૂઝ પાયા બહેશ્ત છે. તેની ૩૪૦૦૦ ફરસંગ છેટે ગ્રહોના માર્ગની હદ બહાર ઇરાની પરેઝગારોના મત મુજબ જમણી તરફ આસ્માની વાળું " ગરોથ્માન " બહેશ્ત * (Ethereal world) છે, એની ઉપર આબ મારતા દરિયાવ જેવી (Revelation-4) તમામ તેજ વાળી રોશન બિલોર જેવી પાક જગા (Empyreal world) જેને આપણે " બહેશ્ત " § (=ઝં.વહિશ્ત અહુ) કહીએ છીએ તે છે. એ બહેશ્તના ઝરથુસ્તે ત્રણ તબકકા–વહિશ્ત અહુ, વહિશ્તા અષા, તથા વહિશ્ત રોચહુ– કહ્યાછે (યશ્ન-૧૯) તેથી તેના નિચલાં પાસાંને "પશુમ" અને ઉપલાં પાસાંને " અખાન " હોષંગી દીનવાળા કહેતા. એની ઉપર સદા પસરી રહેલી સોનેરી તાબ મારતી " અંત વગરની રોશનીઓ" (Supermundane lights) જેને " અનધ્ર રોશન " † કહેછે તે છે. ઝરથુસ્તે સ્પિતમની માફક બહેશ્તની શરૂઆત ગરોસ્માનથી ગણી છે. તેથી તેણે ત્રણ બહેશ્ત, ને સ્પિતમે પાંચ બહેશ્ત ગણ્યાંછે. આ બહેશ્તના પાંચે પાયા, ધંબાર, તથા મુકતાદના પાંચ યા દશ દહાડા અકેક જોડે સંબંધ રાખે છે, અને એ પાંચ પાયાનું જ્ઞાન ઇરાનીઓમાં ફેલાવનાર પ્રથમ ગયોમરદ હતો. મૂળ સરોષની દીનમાં ૨૭ નખેતર માનનાર દીનદારોમાં ત્રણ ને ૨૮ માનનારામાં ફકત ચાર પાયા ગણાતા. એમાં ગયોમરદે અલ બરૂઝ પાયા ઉમેરી પાંચ પાયા કીધા. એ મૂળ દીનમાં ગરોસ્માન એજ બહેશ્તની શરૂઆત તથા આખર ગણાતી અને બહેશ્તી રવાન શનિ ગ્રહ સુધી ઉગમણું જઇને પછી જમણી તરફ વળવાને બદલે ખોરશેદ સુધી જઇનેજ ત્યાંથી સીધું ગરોસ્માન તરફ જતું (અર્દા વિરાફ નામુ).

હિંદુના * જન-લોક, § તપો-લોક. † સત્ય-લોક.

કયા માણસ કયું બહેશ્ત પામે

ઘણાં ખરાં અષો દિલના માણસો "ગરોથ્માન" પામેછે. પરેઝગારો "બહેશ્ત" પામે છે, અને યઝત જેવી જીંદગી ગુજારનાર તદ્દન અષો પરેઝગારો, સાલેકો, તથા પેગમબરો" અનઘ્ર.રોશન" બહેશ્ત પામેછે.

બહેશ્તની મુસાફરીનો સરસ વખત

હવે જ્યારે બહેશ્તી મુકામ દક્ષિણમાંજ છે ત્યારે વરસના પાછલા છ મહીનામાં જ્યારે સુરજ દક્ષિણમાં ફરે છે અને ચંદ્ર પણ સુદનો હોય ત્યારે પાક રવાનની મુસાફરી ઓછામાં ઓછી ચંદ્ર સુધી તો બહુ ખુશ કારક તથા સવળતા વાળી હોવી જોઇએ. વળી તેમાં આપણા બુઝર્ગ લોક કહે છે તેમ ગાથા ઘંબારમાં, કે રપિથ્વનનાં ટાણે હોય તો ઓર સારૂં, કારણ કે પહેલો કહેવાતો પહેઝગારી માણસ જે ગયોમરદ તે પપેતીને દહાડે જનમ્યો હતો અને મો-રોઝે ગુજર્યો હતો. ઝરથુસ્તની ફ્જા પણ સુરજ દક્ષિણમાં હતો ત્યારેજ આવી હતી.

માહુ પાયાના માપની ગાત્રી

પેશદાદી તથા અહુરમઝદી દીનના મત મુજબ પૃથ્વિથી ચંદ્ર સુધીનું સરાસરી છેટું ૬૮૦૦૦ ફરસંગ (= ૨૩૮૦૦૦મૈલ) ગણાતું તે હાલની ખગોળ વિધ્યા પ્રમાણે જરા પણ ભુલ વાળું નથી; કારણકે એ દીનના નજુમીઓ પણ નળિકા યંત્ર વડે ત્રિકોણ મીતિ (trigonometry)એ ખુણાનું માપ લઈ ચંદ્રનું છેટું કાઢતા. આ છેટાંના અધવચમાં ઉતરપાયા ગણી એ અરધાં છેટાંનો પાર્યો દરેક ગ્રહુના છેટાં માટે સાધારણપણે ગણી લીધો. એ દીનદારોનો મત એવો દિસે છે કે ગ્રહોનું છેટું જેમ જેમ પૃથ્વિથી વધતું ગયુંછે તેમતેમ તેમની ચાલ ધીમી થતી ગઇ છે. એમ શનિની ઉંચેના તારાઓ એ નિયમે સ્થિર જણાય છે. એ આઠમા આસ્માન પરના તારાઓ સાધારણપણે" સ્થિર તારા" કહેવાતા, પણ એ તારાઓ પણ ધીમા ધીમા ફરેછેજ એમ નજુમીઓતો માનતા (દસાતીર). હાલની વિધ્યા પ્રમાણે બોલતાં, એ સ્થિર તારા વેગળાઇનો શુમાર નહીં વિચારાય તેટલે દૂર હોવાથી તેમની ચાલ ત્યાં આપણને ધીમી જણાય છે. અને એવા બે બે ત્રણ ત્રણ તારાઓનાં ઝુમખાં એ આપણા સૂર્ય-મંડળ જેવાંજ ગ્રહુ-મંડળો છે (Science for all, p. 238).

પ્રકરણ ૫) મું.

ઉઠયાણું.

ઉઠમાણાનો અર્થ.

ઉઠમણું જેને સાધારણ બોલીમાં "ઉઠયાણું" કહીએ છીએ તેનું સમજવું એકે આ ફાની જહાનનો ત્રણ દહાડાનો વાસો છોડી મીનોઈ જહાન તરફ કૂચ કરવા માટે રવાનનો પૃથ્વિ પરથી ઉઠવાનો વખત. પાછલી રાતનું બામદાદ વાળું ઉઠમણું એ મૂળ દીનનું ને ખરેખરૂં છે ને તે ગયોમરદની

એ ક્રિયા કયા ઝમાનાથી શરૂ

અગાડીથી થતું આવેછે, કારણ કે તે નક્ષત્ર-ગણત્રી વાળા નજુમી પરેઝગારોના નવસાઝુનો ગણત્રીના પાયા પર છે. પણ પાછલા પહોરનું ઉઠમણું તો મૂળ સરોષની દીનના ૧૩ના આંકડાના મત મુજબ ગયોમરદના ઝમાના પછી ચાલુ થયલું જણાયછે.

પાક જાન બેવડાં ખોળિયાંમાં.

જેમ નાળિયરના ગોટાની ઉપર બે પડ હોયછે, એક કાટલીવાળું ને બીજું છાલાંવાળું: તેમ પાક રવાન તથા ફરોહર બે ખોળિયાં (=ઝં.ગએથા)માં રહે છે. એમાં પહેલું ઉપલું ખોળિયું તન, હાડકાં, તથા જીવ (એટલે લોહીની જીવન શકિત) વાળું (યશ્ન-૫૪) આપણું શરીર (=ઝં.તનૂ); અને

જાનનું બીજું ખોળિયું

બીજું અંદરનું ખોળિયું 'કાલ્બુત જાતિ-શકિત, તથા જાન',(યશ્ન-૫૪)વાળું મીનોઈ આતશી બનાવટનું છે. આ (શૂક્ષ્મ શરીરના) ખોળિયાંનું રૂપ જેને મુસલમાનો પરતો, સાયો, કે છાયો કહે છે તે "ધારણ કરેલું" હોય છે તેથી, જેમ આપણું તોખમ આપણા ઘાટને મળતું રહેછે, તેમ તે આપણા (સ્થૂલ દેહવાળાં) શરીરના ઘાટને આબેહુબ મળતું રહેછે. એ માટે એ બીજા ખોળિયાંવાળાં શરીરને તેમજ મીનોઈમાં રહેલી દરેક પેદાયશના, દેવના, તથા યઝતના શરીરને અવસ્તામાં "કેહ્રપ્" (=કાલ્બુત) કહ્યું છે. દેવ પણ ગમે તે પ્રાણીનું ખોળિયું ધારણ કરી તે પ્રાણીની માફકજ બોલીચાલી તથા કરી શકે છે. એ ખોળિયું બોલબોલતાંમાં "ઝળકતાં આઇસની માફક ઓગળી જાય છે" (વંદીદાદ-૩). એ રૂપનો ચાહે તે આકાર સાલેક પણ કરી શકેછે. ફરેદુન પાદશાહ નિરંગ

પછી મનમાં આવે તે જાનવરના રૂપે દેખાઈ શકતો (શારેસ્તાન). ફરેદુને પોતાની મદદે વિક્ર-નવાઝ નામના સાલેકને બોલાવ્યો હતો તે સાલેક એક નવસાહ સુધી ગીધના રૂપે ઉડતો ઉડતો આવીને તેને મળ્યો હતો (આવાં યશ્ત-૧૯). એ કાલ્બુતની અંદર યાદ, હોશ, અક્કલને બીજી ત્રણ જાતિશકિતઓ સાથે (દુઆ નામ સેતાયશ્ને) જાન (યશ્ન-૫૪) રહ્યો છે તેને અવસ્તામાં "બઓધો" (વંદીદાદ-૧૯) કહ્યો છે. *ઉપર કહેલાં દેખીતાં બે, પણ ખરેખરાં છએ, ખોળિયાંમાં પોતાના રવાનને મૂળ પાકીવાળી હાલતમાંજ રાખ્યું હોય છે તો એ રવાન ઉંચે ચઢી ચિન્વદ્ પૂલના હેડલાં નાકે પહોંચે છે. ત્યાં તેનું ફરોહર યાને ફ્રવષિ ખુબ સુરત, ઉમ્મરે પહોંચેલી, ભરાઉ દીલની

કિરદાર છોકરીના રૂપે કેમ.

છોકરીના રૂપે આવી તે રવાનને મળે છે. અસ્પંદાર મદ, આવાં, ગોશ, ફરવરદીન, દીન, તથા અષિશ્વંગ એ છ યઝત નારી જાતીના હોવાથી, પરેઝગારીએ મૂળ હાલતમાં પાક રાખેલું ફરોહર છોકરીના રૂપે દેખાય છે. એ ફરોહર મૂળ બહેશ્તમાંથીજ ઉતરી આવેલું હોવાથી તે રવાનને, હમ- શરીક તરીકે, એ પૂલપરથી દોરવી દક્ષિણે બહેશ્તી રવાનોમાં લઈ જાયછે. હવે જો દીનદાર ગુજરનારે પોતાના તનમાં મીનો જહા-નમાંથી આવી રહેલાં ફરોહર તથા રવાનના જોડકાં પૈકી ફ્રવષિને એટ-લે કે ફરોહરને પોતાની નેક કિરદાર વડે મૂળ પાક હાલતમાં રાખ્યું ન હોયછે તો તેનું ફરોહર કદરૂપું દેખાઇ તેના રવાનને ચિન્વદ્ પૂલના ઉત્તર રસ્તે પાડી દોઝખમાં દોરવી લઇ જાયછે. આ મતના મૂળ તપાસતાં જણાશે કે આ ઉંડું જ્ઞાન ઝરોષની દીનનું છે, ને તેમાં ગયોમરદે ગાથાની નકલે જીવના પંચતત્વ દેખાડયાંછે.

ઉઠમણું ઉજા દહાડે કેમ બને

જ્યારે માણસ મરણ પામે છે ત્યારે તેનો જાન શરીરની અંદરથી તાળવે ચઢેલો મગજમાં-

* "(વિસ્પાઓ ગએથાઓસ્ચ તનવસ્ચ અઝદેબીસ્ચ ઉસ્તાનાંસ્ચ કેહ્રપસ્ચ તેવીષીશ્ચ, બઓધસ્ચ ઉર્વાનેમ્ચ ફ્રવષીમ્ચ પઇરિચ-દદેમહિ આચ- વએદયમહિ=) સઘળાં ખોળિયાંઓ-અંગો તથા હાડકાં તથા જીવ, અને કાલ્બુત તથા જાતિ-શક્તિ તથા જાન -રવાન તથા ફરોહરનેજ સપુરદ કરીએ તથા અર્પણ કરીએજ"-યશ્ન ૫૪.

થી નાક વાટે બહાર નિકળી પડે છે ત્યારે જાનનો પહેલો એટલે ખાકી ખોળિયાં સાથેનો સંબંધ તુટી જાય છે. પણ બીજું આતશી ખોળિયું હજી જેમનું તેમ રહેછે. આ કાલ્બુત નામે બોલાતું ખોળિયું તે જાનનું "રોશન શરીર" (યશ્ન–૫૯) છે. જેમ રેશમના કીડામાં તેનું પોતાનું શરીર રહેછે અને તે શરીરની અંદર વળી પાછું પતંગિયાંનું બીજું શરીર રહે છે તોય જાન તો એકજ રહે છે (અંતર જગત પ્રવાસ પાનું–૧૧૪): તેમ આ બેશરીરમાં એક જાન રહે છે માણસના ખાનપાન તથા તેની સારી માઠી કરણી મુજબ આ બીજાં ખોળિયાં વાળું શરીર ખુશબો કે બદબો ભરેલું રહેછે. શરીર પોતેજ ખુશબો મારેછે એટલુંજ નહીં પણ જે ચીજને શરીર અડેછે તે પણ મધમધે છે. દોઝખી રવાનનું બદ શરીર કોહેલા જુના કાદવની દુર્ગંધ જેવી, જી કમકમે તેવી, બદબો મારે છે. આવી બો હલકાં અંગના આદમીને કે મૂળ પાકી પર રહેલાં માણસને સારી પેઠે જણાયછે. જેમ જી વડે પહેલાં ખોળિયાંમાં પાંચે ઈંદ્રિનું જ્ઞાન છે, તેમ જાન વડે બીજાં ખોળિયાંમાં પણ પાંચે ઇંદ્રિનું જ્ઞાન રહેછે, તેથી જેવું આપણાં બદનને દુઃખ સુખ છે તેવુંજ ગુજરેલાંના કાલ્બુતવાળાં શરીરને પણ સુખ દુઃખ જણાઈ શકે છે. જ્યારે રવાનને શરીરમાંથી નિકળ્યા પછી મૂળ દીનનો પહેલો નવસાહુ યાને ત્રણ દહાડા થઇ રહે છે ત્યારે તે જાનમાં પોતાની જગા પરથી, એટલે જ્યાં રવાનને સંજોગી મુકી રાખ્યું હોય ત્યાંથી, ત્રીજો દહાડો પૂરો થયા પછી એટલે ચોથો દહાડો બેસતાંજ, ઉડી જવાની શક્તિ આવેછે. હવે મૂળ સરોષની દીનમાંતો ૨૭ નખેતર–ગણનાર નજુમીઓ "ગેહ"નામે બોલાતી, રાત દહાડાના ત્રણ પહોર હોવાથી, ૩ ગેહ ગણતા, પણ ૨૮ નખેતર ગણનારા નજુમીઓના વખતમાં ૧૨) બાર કલાકની મુદત વાળી ફકત "ચાર ગેહ"હતી, ને તેમાં ગયોમરદ રપિથ્વન ગેહ ઉમેરી પાંચ ગેહ કીધી. માટે ઈરાન વેજના મૂળ દીનના પરેઝગારો ત્રણ દહાડાની બાર ગેહ ગણ "૧૨" ગેહ ઉતરતાં શહેજ અગાડી ઉઠમણાની ક્રિયા કરતા, કારણ કે "૧૩મી" ગેહ બેસવા માંડીજ કે આ જહાનનો વાસો રવાન છોડી ચીનાઈની મુસાફરી શરૂ કરેછે. હાલ આપણે ત્રીજા દહાડાની ત્રીજી ગેહમાં જે ઉઠમણું કરીએ છીએ તે "૧૩મી" ગેહમાં કરીએ છીએ.

મૂળ સરોષની દીનની ગેહ. મૂળ દીનમાં પઢવાની દરેક ગેહ ૧૩ બોલની હતી તેમાં છેવટે ૪ બોલ વધારી ૧૭ બોલ ગયો મશ્‍દ કીધા; તેમાં પાછા ઝરથુસ્તે ૫) બોલનું મંડાણુ વધારી ૨૨) બોલની પઢવાની નાની ગેહુ બનાવીછે.*

હોમનો ગુણ. જેમ માણસનો પાક જાન પૃથ્વિપર માહા પાયા બહેશ્તમાંથી આવ્યો હતો: તેમ ઝાડની પ્રથમ પેદાયશ પણ માહમાંથીજ થઈ હતી. જે પહેલું ઝાડ પાણીમાં ઉગ્યું હતું તે " ગો-કર્દ (=ઝં. ગઓ-કરેન=બહેશ્તે પેદાકીધેલું) સફેદ હોમ હતું (બુનદેહશ્ને). ડુંગરાના કાચા પથરાની ફાટોમાં ઉગતા હોમના રોપામાં શિલાજીત એટલે પથરાની ફાટમાંથી દુઝતા રસનો પટ મળીજવાથી તેમાં એવો ગુણ રહે છે કે તેની ડાંખલીને છુંદીને તેના રસવાળું પાણી પીધાથી આંતરડાંના ચામડાંના રેષા કૌવત પકડે છે; જેમ રાજ પીપળાના ડુંગરી ગામોના ભીલ તથા યોગીમાં ઓળખાતી વયંડીની વેલની જડી ડંખેલી જગાપર ઘસી ભર્યાથી ટાઢક વળી સાપનું ઝેર, તથા વિરપુરમાં થતી નરમાળીના બીની માફક થુરીવેલની જડીથી વિછુના ડંખનું ઝેર, ચઢી શકતું નથી: તેમ એ હોમનું પાણી પીયા કીધાથી ડંખની, ખસૂસ કરી લીલા સાપના ડંખની, અસર લાગી શકતી નથી, અને વશિકરણ માટે કોઇએ ખવાડેલી બદ ચીજ પોતાની અસર ઉપજાવી શકતી નથી, અને એ સિવાય દમ તાળવે ચઢાવતાં નસ ફાટવાનો સંભવ ઓછો રહેછે,અને પાક જાનને અષો રહેવાની સવળતા મળેછે. એથી દોઝખી ફરોહરોના ગલબાથી શરીરનો બંચાવ રહેછે (યશ્ન-૯).

હોમનું પાણી પીધાથી મરનારના જાનને પાકી મરતાં અગાઉ આવી ક્રિયાવડે રવાન પાક ન થયલું હોય છે, તેમજ તેના શરીરના "૩૩ ભાગ" (વંદીદાદ-૮) ધોઈને નજીસી ઉતારી નહોય તો તે રવાન નિષ્કપટી સાફ દિલના પાક માણસને ખોઆબમાં મેલું ઘેલું નજર પડેછે. એટલા માટે બદનમાંથી જાન નિકળે તે પહેલાં મરનારને હોમનું પાણી પાયું હોયછે તથા તેને નહાને પાક કીધું હોયછે તો તેના જાન અષો રહેછે તેથી પૃથ્વિપર રખડતાં દોઝખી રવાનો તેને ડરાવી કે સતાવી શકતાં નથી (વંદીદાદ-૧૯). માટે મૂળ દીનની ગણત્રી વાળા

પહેલા નવ-માહ યાને ત્રણ દહાડા સુધી તે રવાન પાક મરદના જાનની

ગુજરતી વખતે મરનારે પઢવાના ગાથા.

પરેઝગારીના સંબંધવાળો "૧૬ કડીનો" બીજો ગાથા (યશ્ન-૪૨) જેની પહેલી પાંચ લીટી મરનાર પરેઝગાર દેહ છોડતાં પઢયો હોય છે (યશ્ન-૭૦) કે ચિન્વદ્ પૂલ પર દરૂજોથી જરા પણ હલાકી ન પામે તે પહતું બેફિકર રહેછે.

અહુર મઝદા દીનના ગાથા

વાંચનારના મનમાં એમ આવશે કે ઝરથુસ્તે બનાવેલા ગાથા તે ગયોમરદ કે જમશેદના વખતમાં થઇ ગયેલા પરેઝગારનાં રવાન શી રીતે પઢી શકયાં હોય? શાણો વાંચનાર ધ્યાન આપતાં પછાડી જોશેકે એ ગાથાનો પહેલી પાંચ-છ કડી વાળો શરૂ ભાગ અહુર મઝદ દીનનોજ છે. (વિસ્પરદ-૨૧) જેવી રીતે પોતે ગણુતો તથા પાળતો તેવી રીતે (મુખ્તેસર નુસ્ખ) ગયોમરદે બાર માસ પર પાંચ દહાડા જુદા પાડી તેમને પાક ગણી તેમને છાજતી બંદગી બનાવી, ને તેને "ગાથાનું" નામ આપ્યું. ઝરથુસ્તના

તેનો ૧૨૦ કડા.

વખતમાં એ ગાથાના ૫)હા અને ૧૨૦) કડી હુતી. ૨૫)નો આંકડો "મૂળ અપો હાલતમાં લાવવાનું સાધન" ગણાયાથી ઝરથુસ્તે મૂળ ૫) હાના ૨૫) હા કીધા (યશ્ન-૧,૪૩, તથા ૭૧), અને મૂળ ૧૨૦

ઝરથુસ્તે ૧૨૦ કડીને બેવડી

કડીની ૨૩૮ કડાં+૧૪ તુક (=૨૫૨=૧૪×૧૮) મીનો જહાનના પંથની ૧૭ મંજલના ફરસંગના હઝારાના નમુને ઈરાનવેજમાં ચાલતી જુની ભાષામાં બનાવી. ગાથાનું બંધારણ પૃથ્વિની લંબાઇ તથા પહોળાઈના માપના પાયે મીનોઈ જહાનના પંથના નમુને હોવાથી ઝરથુસ્ત કહેછેકે "(ગાથાની) પૂજવા લાયક બંદગીઓ કે જે પહેલી દુનિયાની બનાવટ તેને ઈછીએ" (યશ્ન-૫૪). મીનોઇ જહાનમાં પણ યઝદોની બંદગી એજ બંધારણ પર છે તે પરથી ઝરથુસ્ત કહેછે કે "(તુરાનીઓના નહિં પણ) ઝરથુસ્તવાળા પાંચે ગાથા સરોષ એટલે ૧૭મા રોજના યઝતે, પ્રથમ ગાયા" (સરોષ યશ્ત વડી-૩). મતલબ એકે મૂળ ઇરાનીઓના કદીમ મત મુજબનું આ બંધારણ પ્રથમ સરોષ યઝત જાણતો ને તેણે

અને તે બતાવ્યુ; અથવા તો મઝદ–યશ્નની એટલે સરોષવાળી મૂળ દીન જે "પઓર્યો–દકેષ"નામે ઓળખાતી તેના ગાથાના* નમુને ઝરથુસ્તે પોતાના ગાથા બનાવ્યા કારણકે એ દીન ઈરાની પરેઝગારોના મતની હતી અને એના પછી જે દીનો" અપર–દકુએષ " કરી કહેલી જણાયછે (ઓહ્રમન ગેહ) તેમાં મીડિયાના પરેઝગારોના મત બેળસેળ છે.

ગાથા અગાડી માંથ્ર, બાજ, નિરંગ

જેમ આપણા વખતમાં અવસ્તા છે, તેમ ઝરથુસ્ત અને તેની અગાડીના વખતમાં નિરંગ, બાજ, તથા અક્ષર મેળવાળા ગાથા હતા અને એ ગાથામાં-થી અમુક ફકરા નાની બંદગી તરીકે "ઉપાઝન"ના નામે (પ્રવાસ પાનું ૧૯૪) પરેઝગારોમાં પઢાતા. વળી બારીક જોનારને જણાશે કે એ ગાથા જોડેજ મીડિયામાં પરધાત, સિયામક, હોષંગ; ને ઈરાનમાં અઈર્યમ, અહુરમઝદ (આવાં યશ્ત–૫),હોમ(સરોષ યશ્ત વડી–૮) જેવા પરેઝગારોએ બનાવેલાં હરફો તથા બોલોની સંખ્યામાં રાખેલા આંકડાના મેળવાળાં મંત્ર

પહેલા ઈરાની પરેઝગાર અઈર્યમ ઈષ્યોનું દુઃખ દુર કરનાર માંથ્ર.

એટલે " માંથ્ર " હતાં (વંદીદાદ–૪-૪૫). તેઓમાં ફ્રૂષ–માંથ્ર (વિસ્પરદ–૧) જે સરોષ યશ્ત હાદોખ્તમાં સમાયલુ જણાયછે (યશ્ન–૫૮) તે ફતેહમંદી આપનાર ગણાતું (સરોષ યશ્ત,

---

*એ અવસ્તા સરોષ યશ્ત વડી છે. એમાં ૧૩કરદા અને ૧૭૩ તુક (verses) મૂળ હતી. ઈરાની દીનદારો પૃથ્વિથી ગરોસ્માન સુધી ૧૩ તેર હજાર હાસરની ૧૩ $\frac{4}{13}$ મંજલ માનતા. તેથી તેઓએ ૧૭૩ તુક કીધી. પણ ઝરથુસ્તે એ મંજલ ૧૪ ચૌદ હજારની ગણી તેથી તેણે એ યશ્તના (૧+૧૩=) ૧૪ કરદા કરી ૩જા તથા ૯મા કરદામાં બે બે તુક, ૧તુક શરૂઆતમાં, તે(તુકનું મંડાણ કરી યશ્નના ૫૫)તથા ૫૬મા હા મેળવી ૧૮૬ તુક બનાવી તે બહેશ્તના પંથની ૧૪ ચૌદ હઝાર હાસરની ૧૩ $\frac{4}{14}$ મંજલ (૧૩ $\frac{4}{14}$× ૧૪= ૧૮૬) ના નમુને છે. ઝરથુસ્તે સુધારેલી વડી સરોષ યશ્ત હોમ પરેઝગારના વખતની જણાયછે (સરોષ યશ્ત વડી–૮). એ પરેઝગાર ફરેદુનની ઓલાદનો હતો. તે કેખશરૂ પાદશાહના વખતમાં હતો (ઝરે દસ્ત અફસાર–૫૪; ગોશ યશ્ત– ૪) માટે જમશેદ પછી૩૦૦ વરસે એટલે ઈ. સ. પૂ. ૨૮૦૦માં(બુનદેહશ્નને) એ પરેઝગાર થઈ ગયલો જણાયછે.

વડી-૯). તેમાં વળી અર્યમન પરેઝગાર પોતાના (યશ્ન-૫૩ના પહેલા ભાગના) ૪૪ હરફ તથા ૯ બોલ વાળાં માંથ્રને ભણી દરદીઓની "અરાડે" જાતની પીડ ૯ વાણાંનું પાંચે જાતનું દાન લઇ (વંદીદાદ-૨૨) દફે કરતો. ઝરથુસ્તે એ માંથ્રના ૯ બોલ (વિસ્પરદ-૨૭) વધારીને ૨૨) બોલ કીધા: તેના ૪૪ હરફના ૬૬ (=૨૨×૩) સ્વર તથા ૭૨) વ્યંજનનો મેળ કરી "અખંડ અષોઇવાળું દરૂજને ત્રણ ખુણાના ફશાથી હડાવનાર સાધન" બનાવ્યું.† એ માંથ્ર પછી ઝરથુસ્ત

ઝરથુસ્તનુ માંથ્ર. પણ મંત્ર-વેદ તરીકે દીન યઝતની યારીએ દુઃખ

દરદ દફે કરતો. ફરેદુન પાદશાહ પણ આવાં માંથ્રને મગતી નિરંગ પછી ઝટ આજાર દૂર કરતો. તે નિરંગના ૨૫) તથા ૧૯) બોલ હોય, કારણકે તેના ૨૫) બોલનો પાઝંદ ભાષામાં તરજુમો આદરબાદ દસ્તુરે વનંત યશ્તમાં સમાવ્યો છે, એ નિરંગના

---

1 2 3 1 4 2 5 3 6 4 7 8 5 9

† આ- અર્યમા-ઇશ્યો રફેધ્રાઇ જન્તુ નેરેભ્યસ્ચા નાઇરિભ્યસ્ચા || ઝરથુશ્ત્રહે૬ વહ્‌હેઉશ્‌૭ રફેધ્રાઇ૮ મનડ્હો૯ યા૧૦ દએના૧૧ વઇરીમ્‌૧૨ હનાત્‌૧૩ મીઝદેમ્‌૧૪ અષહ્યા૧૫ યાસા૧૬ અષીમ્‌૧૭ યાંમ૧૮ ઇશ્યાંમ્‌૧૯ અહુરો૨૦ મશ્તા૨૧ મઝદાઓ૨૨=

ઇશ્યોના૧ (ખાનદાનવાળો) અર્યમ ખુશી-સારૂ૨ મરદ૪ ઓરતોને૫ પહોંચે;૩ || દીન૧૧ (યઝત) જે૧૦ ઉત્તમ૧૨ બદલો૧૪ આપે ૧૩ (તે) ઝરથુસ્તની૬ નેક૭ મનશ્નીની૯ ખુશી-સારૂ૮ (પહોંચે); પાકીઝગીની૧૫ અષોઇ૧૭ માગુંછું૧૬ કેજે૧૮ ઉત્તમને૧૯ અહુર૨૦ મઝદે૨૨ વધારી૨૧.

એ માંથ્રના ૧૫થી ૨૨ બોલ પરથી જણાયછે કે ઝરથુસ્ત અષી સંગ યઝતની પણ યારી દીન યઝત જોડે માંગતો. આ માંથ્રના ૬૬ સ્વરમાં ૧૦મુળાક્ષર, ને ૭૨ વ્યંજનમાં ૨૦મુળાક્ષરો, ૧૦, ૨૦, તથા (૧૦+૨૦=)૩૦ની ખુબી પર ઝરથુસ્તે મુકયાછે, એ માંથ્રમાં ઉભી એવડીલીટી || સુધીઅગ્રેજીઆંકડાવાળાનવપણદેખીતા૫)બોલખુદઅર્યમ યઝતના છે. એ અર્યમ દશ પરાક્રમી પરેઝગારોમાં પહેલો હતો, પછી પરધાત, ને છેલ્લો પારૂષસ્પ હતો (ધર્મ-સંહિતા-૫૧). એણે કેટલી તથા કેવી પરેઝગારી પાળી હશે કે દીનદારોએ તેને યઝતનો દરજ્જો આપ્યો!

આદરબાદ તથા ફરેદુનનું માંથ્ર

છેવટ ૯ બોલ "નામે અહુર મઝદ, ૫ નામે નીવ, બોરહે ફરેદુન ફરેદુન આથ્વ્યાન" (=હોરમઝદના નામે, જોરેમંદ તેજવાળા ફરેદુન-ફરેદુન આથ્વ્યાંન-ના નામે) સાલેકના જોસ્સાએ ટચાકડી સાથે આદરબાદ પછી દરજાએ પેદા કીધેલાં(પ્રવાસ પાનું ૧૦૬, ૧૮૭), બહારનું લાગ્યાથી થતાં, દુઃખ દરદ દફે કરતો હોય. જો એ. નિરંગ ખુદ આદરબાદની હોત તો સાલેકનું મંડાણ જે "(બ) નામે અહુર મઝદ" છે તેને બદલે "૫ નામે યઝદાન" હોત, કારણ કે એણે બોરદેહ અવસ્તામાં દરેક ઠેકાણે યઝદાની સાલેકની રીત મુજબ તે વાપર્યું છે. આ પરથી જણાશે કે યઝદાની તરીકા પર એનું વળણ હતું. ૨૯ના આંકડો, ૧૩ તથા ૧૭ની માફક, સરોષની દીનનો બહુજ જુનો છે. હવે ગાથા તરફ

અહુર મઝદ પરેઝગારના મતને ઝરથુસ્ત અનુસર્યો.

પાછું બોલતાં હોષંગ તથા જમશેદના વખતમાં થઇ ગયલા અહુર મઝદ પરેઝગારના એવી ખાહેશ હતી કે પૌરૂષસ્પનો છોકરો ઝરથુસ્ત મારે પગલે ચાલે (આવાં યસ્ત-૫), એથી ઝરથુસ્ત એ પરેઝગારના મતને બનતાં સુધી વળગી રહ્યો. એ પરેઝગાર હોષંગના મતને ઘણો ખરો મળતો રહ્યો હતો માટે તેના મત પણ ગાથાના બંધારણમાં ઝરથુસ્તે પાયે રાખ્યોછે.* તેમાં ખુબી એ રાખી છે કે ગયોમરદનાં દેખીતા ૧૪ ને અંદર ખાનેથી ૧૨) ના આંકડા માફક, દેખીતા ૭નૂ અંદર ખાને ૯ માલમ પડે. એવીજ ખુબી ૭દ્દા વાળી ઇજશ્નેમાં પણ મુકીછે.

---

* ઝરથુસ્તે પહેલા ગાથાના ૩ભાગ (૨૮-૩૦, ૩૧-૩૪, તથો ૩૫-૪૧ હા) કરી અને બાકીના (૪૨-૪૫, ૪૬-૪૯, ૫૦, ૫૧ તથા ૫૨) ચારે ગાથા મળી આખર વંદીદાદ સાદેમાં "સાતનો મેળ" મેળવ્યોછે. તોય ગાથા વધારે પાક ગણાતા આવ્યાથી તથા ગયોમરદની અગાડીની સરોષની મૂળ દીનમાં નખેતર વરસના છેલા "૧૪" દહાડા, ગયો મરદના ગાથાના દરજ્જે બુઝર્ગ તથા અષોઇ ભરેલા મનાતા તેથી અહુરમઝદી દીનમાં ૭ના પાયે બનાવેલું તે ઝરથુસ્તે બેવડ કરી (૭×૨ =) ૧૪ના પાયો હરફ, બોલ, તુક, તથા કડીની સંખ્યામાં રાખી, જેમ ગયોમરદ, હોષંગ, તથા મીડિયાના બીજા

બામદાદનું ઉડમણું

હવે ઉડયાણાની બાબત પર પાછા ફરતાં મુગ સરોષની દીનના મત મુજબ જેવો પહેલો નવસા-દ એટલે ત્રણ દિવસ પૂરા થયા અને ચોથા દહાડાની બામદાદની રોશની (વંદીદાદ-૧૯) નિકળવાની તૈયારી થઈ કેજ બામદાદની ઉડમણાની ક્રિયામાં મુકેલાં ફુલોની ખુશબો સાથે બહેક બહેક મારતા

પાક રવાનને આવતી ખુશબો શેની

બહેશ્તના એજમતી વાયુની લહેર દક્ષિણ તરફથી ઉંચેથી આવતી તે પાક જાનને

પરેઝગારોએ સત્તર હરફતે "પૂરી અષો આખર" માનીછે, તેમ ઝરથુસ્ત ૧૭ દુપટ-હરફતે પિસાબની તથા શેતાન બાજીની બાજ-માં તેમજ બહુ-રૂપી જેવા દેખાતા પાંચે ગાથામાં બહેશ્તના પંથના સંબંધે કીધુંછે. એણ ઇરાન વેજંમાં ગાથાની (૧૪×૧૭=) ૨૩૮ કડી કાવ્ય રૂપે કરી પાછો ચાલુ ઇબારતની ૧૪ તુક (verses)ની (કદાચિત સિસ્તાનમાં લખેલો) બે કડીનો ૫૧મો હા ઉમેરી ($૧૭+\frac{૩}{૧૪}=$) $૧૭\frac{૩}{૧૪}$ દુપટ-હરફતા કડીના ૧૮ હા કરી "તમામ અષો મૂળ પાકી વાળા" ગાથા બનાવ્યા.

. ઝરથુસ્તે હફ્ત ઇજશ્નેના ગાથા વિભાગમાં દેખીતો ૭નો મેળ સાચવી રાખવા (૨૪૦ કડીવાળા)૫) ગાથા+(૩૩ કડીની) ૧ સાત હાની ઇજશ્ને+૧ કડીવાળો અઇર્યમ-ઇશ્યોવાળો ૫૩મો હા કરી ગાથા ભાગના ૭ વિભાગ પાડયાછે. વળી ૯ વિભાગ તથા ૨૭ નખેતરોની નકલે ૨૭ હાનો મેળ કરવાં ૪૧મા હાના બે ભાગે બે હા કરી, છેવટ ૫૪મો હા ઉમેરી ઝરથુસ્તે ગાથા ભાગના (૨૮-૫૪=) ૨૭હા કહ્યાછે (વંદીદાદ-૧૦). ફકત પાંચ ગાથાની ૨૩૮ કડી+૧૪ તુકની કુલે ૯૧૦ (=૬૫×૧૪) તુક છે, તે મીનોઇ પથની ૧૭ મંજલના ૬૫ ટપ્પા બતાવેછે.

ઝરથુસ્તે પહેલા ગાથામાં ૧૦૦ કડી ને ૭હાની ઇજશ્નેમાં ૧૩૨ તુક મુકીછે તે પરથી જણાયછે કે એણે પૃથ્વિથી સાતમા આ-સ્માન સુધીની ઉંચાઈ જે તેના વખતની વિધ્યા મુજબ ૨૩૨૦૦૦ હાસર ગણાતી તે પહેલા ગાથામાં સમાવી છે. માટે જગતના ઘેરા-વાની અપામરદવાળી લંબાઈ ($૨૩૨×\frac{૨૨}{૭}=$) $૭૨૯\frac{૧}{૭}$ હઝાર યાને ૭૨-૭૩ બઅેવરે હાસર એણે પણ કબુલ રાખી.

લાગે છે. આ બહેક બહેક થતી ખુશબો તેની વારીએ આવનાર પોતાના તેમજ બીજાં પાક ફરોહરોની હોય છે. એવી ખુશબો સાલેકને જીવતાં જીવત પણ કદી કદી એવીતો સરસ લાગે છે કે ખુશબોદાર ફુલોનું અત્તર પણ તેવી સુગંધ મારતું નથી. એવી

રવાનની મંજલ. બહેકીમાં ચિન્વદ્ પૂલ પર થતાં પહેલા આસ્માનની હદમાં દાખલ થઈ મંજલ કાપતાં બીજા નવસાહ આખરે સતર-પાયા પહોંચી ત્રીજા નવ-સાહ પછી એટલે દસમાના દહાડે પહેલા કહેવાતા ગ્રહ એટલે માહ બોખ્તાર પર કે તેના આસ્માન પર પહોંચેછે. ત્યાં કંઈક આરામ લેતાં તે રવાનમાં દોઢસોગણું આલવાનું જોર આવેછે. પૃથ્વિથી તે પહેલા ગ્રહવાળો આસ્માન પહોંચતાં સાત દહાડા થાયછે તેથી સોમથી બુધ, બુધથી શુક્ર, ને શુક્રથી રવિ, એમ ચોથા ગ્રહ એટલે ખોરશેદના આસ્માનની ધરી સુધી પહોંચતાં (૭×૪=) ૨૮ દહાડા થાયછે, ને પૃથ્વિ પર વાસો રાખેલા ૩ દહાડા, મળી માસીસાના દહાડે ફરેદુન પાદશાહના મત મુજબ પૃથ્વિથી ૩૬૦ ગણા, યાને ફુપટ દોઢસો ગણા મોટા (ઝીનદેહ રોદ-પાનું ૨૭), ખોરશેદના આસ્માનના મધ્ય ભાગ પર તે જઈ શકેછે. જેમ મરચીનો કીડો મરચાંની ઊગ્ણથી દુઃખ પામતો નથી પણ તેમાંથી પોષણ મેળવી કૌવત મેળવે છેઃ તેમ પાક રવાન આતશી તથા નૂરાની હોવાથી ખોરશેદના આસ્માનમાં તેની ગરમીથી દુઃખ ન પામતાં "પાંચ ગણું" કૌવત ત્યાં મેળવે છે. એથી ત્યાંથી શનિ ગ્રહ સુધીના હાલની વિદ્યાવાળા ૯૬ જંગી ટપ્પાનો અરધો ભાગ, એટલે ૭મા આસ્માનનો ધરીવાળો ભાગ ૧૫ દસીમાં કાપી, છમસીના દહાડે "૧૮" દસીએ અલબરૂઝ પાયાના વચલા ભાગે મીનોઈ પંથના અરધા ભાગે એટલે ૭મા આસ્માનના મધ્ય બિંદુવાળા ભાગ સુધી આવી રહેછે. ત્યાંથી પછી ગરોથ્માન બહેશ્ત તરફ વળી બાકીનો અરધો પંથ બીજા ૭ મહીને કાપી વરસીના દહાડે છેક અષો હોયછે તો તે બુલંદ બહેશ્તની રોશન જગાએ જઈ ત્યાં યઝત રૂપે રહેછે. ત્યાં તેને ગરમી સરદી કશું લાગતું નથી; કારણ કે એ બધું તો, તેઓના એવો મત હતો કે, આસ્માનના ફરવાથી થાયછે (દસાતીર-ઝરથુસ્ત).

ગ્રહોના છેટાંનું પ્રમાણ

ગંરોસ્માન ભણી વળતાં છેક છ માસ થાય છે તેનું કારણ એકે જે પૃથ્વિથી સૂર્યનું છેટું જે હાલની વિધ્યા મુજબ નવ કરોડ ચૌદ લાખ ત્રીશ હઝાર મૈલ છે તેને એક મંજલ કહીએ તો સુરજથી સોમ (=ચંદ્ર) $\frac{૪૧૪}{૩૩૦}$, બુધ $\frac{૨}{૫}$, શુક્ર $\frac{૩}{૪}$, રવિ ૧, મંગળ ૧$\frac{૧}{૨}$, ગુરૂ ૫$\frac{૧}{૫}$, શનિ ૯$\frac{૧}{૨}$, (Uranus ૧૯, Neptune ૨૯) મંજલ દૂરછે. એમ શનિના આસ્માનના મધ્ય ભાગ સુધી ૪।।। મંજલ જવું પડેછે, પાક જગાએ પહોંચ્યાથી રવાનનો પાકી વધેછે તેથી તેનું આગળ વધવાનું જોર પણ વધતું જાયછે. (જામે કૈખુશરૂ). તેથી એવડી અથાક મંજલો ભર વખત કાપ્યું જાયછે. જે માણસ પર મેસ્મેરિઝમની ક્રિયા થાયછે તેનું ફરોહર તેના બદનમાંથી બહાર નિકળી પડેછે, ને ખેલ કરનારનું ફરોહર તેમાં ભરાયછે ખેલ કરનાર તે આદમીના ફરોહરને પૃથ્વિના ગમે તે છેડે જવા કહેછે તો મોંમાંથી બોલ નિકળતાંજ તે આદમી કહેછે કે હું તે છેડે ગયો ને તે ત્યાંની જગાનું બ્યાન કરેછે. જ્યારે બદન સાથે તાલુકો રાખનાર ફરોહર પલકારામાં પૃથ્વિના છેડે જાય તો પછી બદનથી તદન છુટું પડેલું ફરોહર એમ જાય તેમાં શી નવાઈ! દસ્તુર આઝર કૈવાન નવે આસ્માન સુધી પોતાના ફરોહરને ફેરવી શકતો હતો કેની!

તુરાનીઓના દાહેકા.

દસીનો પાયો તુરાની મહઝબવાળા (જુની રસમે ચાલતા મુસલમાનો) માં ખુલ્લો દેખાયછે. તેઓમાં ૭ બહેશ્ત (કુરાન–૨૩) મનાયછે તેથી તેમની રવાનની ક્રિયામાં ૭ દાહેકાછે—દસમું, વીશમું, માસીસો, ચેહલુમ યાને ચાલીશું, સાઠી યાને દો–માહી, છમાસી, તથા વરસી. એ દાહેકાઓમાં ૪૦ સાંનો દાહેકો મોટો ગણાયછે તેથી તે દહાડે, સેઆવ તથા સતુમની માફક, વસ્ત્ર, ખાટલો, ગોદડું, પાણીની માટલી, ચાવલ–રોટીનું ખાણું, ફુલનો હાર પાક જગાએ મુકી તે પર ફાતિયા તથા દરૂદ પઢાવી ફકીરોને ખેરાત કરેછે.

પ્રકરણ છઠ્ઠું.

" સરોષ બેસાડવા વિષે."

નવસાહનું મૂળ ગયોમરદની અગાડીની મુગ દીનના મજ્દમી પરેઝગારો ૨૭ નખેતર માનતા. તેઓ રાત દહાડાના ૩ પહોર ગણી ૯ દહાડાના ૨૭ પહોર ગણી તેના ૩ ભાગ કરતા ને તે ભાગને " નવ-સાહ " કરી કહેતા. એમ ત્રણ દહાડાનો એક નવ-સાહ થાયછે. એ નવ-સાહની ગણત્રી એમ બુઝર્ગી ભરેલી

ગુઝરનાર પછાડી સરોષ બેસાડવાનું કારણ. મનાયાથી માણસ જેવું ગુઝર્યું કેજ અગ્યારી જેવી પાક જગાએ પહેલા નવ-સાહ એટલે ત્રણ દહાડા તથા ત્રણ રાત સુધી મરનારનો નેયતે સરોષનો ઇજશ્ન ઉજાવવો પડે છે (સદદર-૬૪), પણ ઇજશ્ન કરવાનો વખત હાથ લાગતો નથી તો દર ગેહમાં સરોષના દરૂન ઉજાવવા પડેછે (રેહબરે દીને ઝરથુસ્તી); અને આતશ રોશન રાખી ખુશબો બાળી મોબેદ હર વખત અવસ્તા પઢયા કરેછે. એ ક્રિયા ગયોમરદથી બહુ અગાડીની સરોષની દીનની છે, અને તે

દમની પાકી અષો રવાનના એકસાન થયલા દમની મોટી પાકી બતાવે છે. પાકીઝેહ અષો આદમી એક ઘડી પણ નકામો બેસતો નહિં, પણ પોતાના મોં તેમજ હૈયાં પાસે જગતના ગોળાના ઘેરાવાની લંબાઈના ફરસંગના હઝારો (જુઓ પાનું ૨૯) ની સંખ્યાની નકલે અહુર મઝદ યશતમાં બતાવેલાં ખોદાનાં ૭૨-૭૫*

* ખરાં નામ ૭૨ કે ૭૫ તે મુસા પેગમ્બર પણ સમજી શકયો નહિં (મવાસ-પાનુ ૧૪૭). સાતે ગ્રહવાળા સાત આસ્માન (૩૩૦૦૦×૭=) ૨૩૧૦૦૦ હાસર અથવા તો (૩૪૦૦૦×૭=) ૨૩૮૦૦૦ ફરસંગ પૃથ્વિથી ઉંચા ગણાતા. કોઇ ચક્રની ઉંચાઈ યા પહોળાઇને $\frac{22}{7}$થી ગુણતાં આખાં ચક્રની ગોળ લંબાઇ આવે છે. તે મુજબ સાત આસ્માન વાળાં જગતના ગોળાની ફરતી લંબાઈ ૭૨૬ હઝાર હાસર અથવા તો ૭૪૮ હઝાર ફરસંગ થાય છે. માટે એ ધોરણ પર જગતની ફરતી લંબાઈ ૭૨ બએવરે હાસર યાને ૭૫ બએવરે (ઝં.બએવર=દશ હઝાર) ફરસંગ ગણાતી. માટે એ નમુને ખોદાના ૭૨ કે ૭૫ નામ ગણાયાં. સાત હાવાળી ઇજશ્ને સાથેના પહેલા ગાથાના બંધારણ પરથી જણાયછેકે ઝરથુસ્ત તો ૭૨ નામ ગણતો.

નામોમાંથી પાંચ પાંચ હરફવાળાં, ગયોમરદી દીનમાં બુઝર્ગ ગણાતાં, નામ-અહુર તથા મઝદ-ની ત્રીજી જોડ જે "અહુર-મઝદ" તે, જોડની ખૂબી પર, બોલાવ્યા કરતો, તેથી તેનો દમ પાક થઇ જઇ અષોઈ વડે "હૈયું ખુલી" અગાડી પછાડીની વાતોની અગમ ખબર તેને પડતી, ને જાણે હૈયાંમાં રહીને "કોઈ બોલાવતું" હોય તેમ લાગતું (અંતર જગત પ્રવાસ-પાનું ૧૨૯). આ "કોઇ બોલાવતું" તે સરોષ યઝત છે. જેના હૈયામાં દમની પાકીએ સરોષ યઝત ઉતર્યો

દમની પાકીએ યારી.

કે તેના દમમાં ફત્તેહમંદી રહ્યાથી (ફરવર-દીન યશ્ત-૧૨) તેના પર કોઇનું ફાવતું નથી: દેવ દરૂજ તથા બલાગત અડાસે આવી શકતાં નથી. રાતે તે પરેઝગાર સુતો હોય છે તોય દમની પાકી અટકતી નથી, ને તેજ બોલ અંદરથી નિકળ્યા કરે છે. (સરોષ યશ્ત-૭). દમની આવી પાકીએ કરામત તથા થોડા ઘણા મોજેજા પરેઝગારનું ફરોહર કરી શકેછે. ગુસ્તાસ્પ પાદશાહને પેગમ્બરીના મોજેજા દેખાડવાના રોજની અગાડીની આખી રાત સુધી ઝરથુસ્ત આવી એબાદતમાં મશગુલ રહેતો.

ઝરથુસ્તના હૈયાંમાં સરોષનો વાસો

ઝરથુસ્તના ઉંડાં જ્ઞાનનો પાયો સરોષ વડેજ હતો (વંદીદાદ-૧૮), તેથી તે અહુરમ-દને કહેછે કે "સૌથી બુઝર્ગ તરીકે તારા સરોષને મારી યારીએ બોલાવું છું" (યશ્ન-૩૩). ઝરથુસ્તની પૂરી અષોઇને લીધે તેના હૈયાંમાં એ યઝત ઉતર્યો હતો, તે ઇરાનવેજ (પ્રવાસ પાનું-૨૧૫) ની પૂર્વે આવેલા ધ્યાનશાન પર્વતના એક ડુંગરમાં બનાવેલી ગુફામાં કોતરેલી તેની સબીમાં તેના અંતઃકરણ પર એક "સોનેરી તારો" કોતર્યો છે તે પરથી જણાય છે, કારણ કે એ તારો સરોષ યઝતનો દીપતી અષોઇનો બહારનો દેખાવ છે (સરોષ યશ્ત ૯). એજ સરોષ યઝતે અર્દા વિરાફને બહેશ્ત તથા દોઝખના દેખાવ દેખાડયા હતા.

સરોષની પાસ્બાની.

આવો સરોષ જેવો યઝત જેને તે પરેઝગાર એક ઘડી પણ ભુલતો નહિં ને જે તેની યારીએ રાત-દિન રહેતો તે યઝતને તે પરેઝગારના ગુઝર્યા પછી પણ તેના જાનની યારીએ રહેવા બોલાવીએ છિએ કે જયાં સુધી તે પાક રવાનનો વાસ આ પૃથ્વિ પર પહેલો નવ-લાહ પૂરો થતાં સુધી એટલે ત્રણ

દહાડા તથા આખી રાત રહે ત્યાં સુધી, દરૂજોથી તેને કશી પણ હલાકી તથા હરકત ન પોહોંચે.

ઉઠમણાની આમદાદે બાજ કરવાનું કારણ.

વળી ઉઠમણાની આમદાદે તે રવાનની જગા અગાડી રેહેને તથા આસ્તાદ, રામ, સરોષ, અને અર્દા-ફરોહરની બાજ ઈછવવી પડેછે (સદ્દર-૬૪). પાક જાન કોઈ પહાડની ગુફામાં બાંધેલી દરે-મહેરમાં રહી દમ તાળવે ચઢાવી ફરોહરને દિલમાંથી બહાર કાઢી બહેસ્તની ખુબી જીવતાં જીવત જોઈ આવતો. માટે તે પરેઝગાર આસ્તાદ યઝતના પહાડવાળા ઠામને, રામ યઝતના વાયુને અને અર્ષો ફરોહરને તન મનથી બહુ ચહાતો.

પાક રવાનને પાંચ યઝતની યારી.

એ માટે તે પરેઝગારના ગુજર્યા પછી એ યઝતો પણ તે પાક રવાનને ચાહીને યારી આપે એવી નેમથી તેમની નૈયતે કુલે ચાર બાજ ઈજવીએ છીએ.

પાક રવાનને ઠેઠ પહોંચાડનાર યઝત.

આ પાંચે યઝતોની યારી પાક રવાનને ચિન્વદ્ પૂલ પહોચતાં સુધીજ પહોંચેછે. ઠેઠ સુધી પહોંચાડનાર તો પરેઝગારના પાક હોશને યારી આપનાર જે નર્યો-સંગ યઝત, જેને સાલેક પાક હોશ સમજતા (દસ્તીર) અને જે સરોષ યઝતનો સાથી છે, તે છે (વંદીદાદ-૧૯).

હોશની પાકી.

જેમ દમની પાકીએ અગમ ખબર પડેછે, તેમ પોતાના હોશની પાકીએ ખોદાઈ ખબર પરેઝગારના દિલમાં ઉતરેછે તે કોઈ દિલના અંદર રહીને સમજાવતું હોય તેમ લાગેછે. આ "કોઈ સમજાવનાર" તે નર્યો-સંગ યઝત છે. માટે એ યઝતને ઝરથુસ્તે ખોદાઇ પેગામ લાવનાર કહ્યોછે. (વંદીદાદ-૧૯). જ્યારે આ હોશ મૂળ અષોઇ પર આવેછે ત્યારે તેને અહુરમઝદ યઝતની યારી મળેછે. તે પરેઝગાર જે કંઈ સવાલ પોતાના દિલની અંદરખાને પુછેછે તેનો જવાબ પાછો અંદરથી નિકળેછે. તે કોઇ બીજો શખ્સ છાતીમાં રહીને જવાબ વાળતો હોય તેમ લાગેછે. "સવાલનો જવાબ આપનાર" આ જે કોઇ છે તે અહુરમઝદ યઝત છે (વંદીદાદ-૧૮). બીજ યઝત અષો રવાનને બહેસ્તની પાર દોરવી લઈ જાયછે (યશ્ન

–૧૯). પરેઝગારના બદનની અંદર આ બે યઝતની થતી વાત ચીત એક બોળિયામાં રહી બે ઓલિયા વાત કરતા હોય તેમ લાગેછે.

સરોષનું આફ્રિગાન શા માટે.

હવે આ બધી ક્રિયામાં પાક આતશ કે જેને અહુરમઝદે સઘળી પેદાયશ પેદા કીધી તેની અગાડો પ્રથમ પેદા કીધો હતો તે પાક આતશ રજુ રાખવો પડેછે, કારણકે હાલમાં ઇરાનમાં દારાબ–ગર્દ તથા આદર–બાદગાન શહેરમાં છે, તેવાં પહાડની ગુફામાં કોતરીને બાંધેલાં આતશ–કદેહમાં પરજેલા આતશ આદરાંનની એબાદતમાં તે પાંચો ગેહ રહેતો, અને પોતાના રવાનનું નૂર પાક રાખવા તથા મેળ અષોઇ પર લાવવા જાનને પાકી આપનાર પથરાના તખ્તા પર બેસી (પ્રવાસ–પાનુ ૨૦૩) પાક

આતશ જોડે પેવંદ કરવાનું કારણ.

આતશની ન્યાયશ કરતાં પોલો દાંડાની પિત્તળની ચમચ પાક આતશને લગાડી જોડની ખૂબી પર પેવંદ કરતો, કે બહેદીન તરીકે આતશ બહેરામની છેક નજીક ને જવાઇ શકવાથી, તે કદેહની બારીના પિત્તળના એક સળીઆ પકડી

આતશ–કદેહના સળીઆ જોડે પેવંદ.

પેવંદ કરતો, તેજ મુજબ તે પાક રવાનની નેયતે "બે અષો મોબેદ" પાસે અઇવિ–સુરૂમ ગેહમાં મરનારની જગા આગળ સરોષનું આફ્રિગાન કરાવીએ છીએ, અને તેજ મુજબ સામ સામા રહી એ મોબેદો પાક આતશનું પેવંદ કરે છે.

આતશ આદરાન સરોષની [illegible]ળદીનનો

આતશ આદરાંન એ પણ મૂળ સરોષની દીનનોજ જણાયછે, કારણ કે જમશેદ દીનદાર લોકના જે ચાર વર્ગ–મોબેદ, પહેલવાન, બેડુત, તથા કારીગર–કીધા તેમના જુદાં જુદાં ઘરના ચાર આતશ લઇ તેમને જુદા રાખી તેઓ પર ત્રણ દહાડા, એટલે એક નવ–સાહ, સુધી વંદીદાદ ઇજશ્નેનની ક્રિયા કરી ચોથે દહાડે તેમને એકઠા કરી "એ મૂળ પાકી પર લવાયલા" * આતશને તખ્ત- નશીન કરવામાં આવતો, ને

* આવા મૂળ પાકી પર લાવી એક જગાએ રાખેલા આતશનું સાધારણ નામ અવસ્તામાં "પસુ" કહેલું જણાયછે. ("પસૂમ્ હે પચ્યન અઇર્યાઉ દઙહાઉઓ ઉરૂસેમ્ વા વોહુ–ગઓનેમ્ વઃ કા–

હાલ તેમ કરે છે. હવે કદમી દીનદારો ૧૩ દરાવાડિયાં પછી આતશ આદરાનને ચુટે છે (હાદેસા નામું), એટલે કે એ આતશને આતશ બહેરામની ફારે મુકી ઠંડા પડી જવા દેછે, તે રસમ સહીપની દીનનો મત = તાવેછે. હવે આ આતશની ક્રિયા જેટલી તેની પાકી માટે છે

ક્રિયામાં પાક આતશ શા માટે રાખવો. તેટલાજ તેના • ફરોહર માટે છે. પોતાની અગાડી રજુ રહેલા લોકની સન્મુખ મોજબ તરીકે હોષંગ બાદશાહે આંવા આતશ પાસે એવું બોલાવ્યું હતુ કે "હું કિબ્લાને લાયકનો છું ને હોષંગ કહેછે તે કરો" (શાહેસ્તાન).

આતશનુ ફરોહર. | આવું બોલનાર તે પાક આતશનુ ફરોહર હતું. ઈ.સ. ૫૯૧–૬૨૮ સુધી રાજ કરી ગયલા ખુશરૂ પરવીઝ પાદશાહના સિક્કાના એક પડ પર બેપઢનારાની વચ્ચે પાક આતશનું પાત્રું છે. એ આતશના બળણાંમાં (પરેઝગાર• માણસના) ફરોહરનું ડોકુંછે. આ ફરોહર આદર યઝત છે, અને એ ફરોહર તે પરેઝગારના ફરોહરને જોઈતી યારી આપે છે.

ચિહ્વા ગઓનનાંમ્ હુઓમો–ગઓનેમ્" =) (આફતને ટાળવા) તે (બ-હેરામ યઝત)ની નયતે ધરાની દેશી પાક–આતશને સુખડ યા લોબાન યા ખુશબોઓમાંની કોઈબી હોમના (ભુરા) રંગની બાજી–બહેરામ યશ્ત–૧૭. વિદ્વાનો આ "પસુ " (=અગ્નિ–હોત્રિએ પાળેલા–રાખેલા) ને પશુ, એટલે ગોસ્પંદ, સમજી સારા રંગનું ગોસ્પંદ પકાવવાનો વરણુઓ કરેછે. ગોસ્પંદનો જીવ લીધાથી બહેરામ યઝદ રાજી થઈ આફત ટાળે !! ૨૦મા કરદામાંતો તેમની રખેવાળી કરવા ફરમાવેછે !

વળી સંસ્કૃતમાં "પચ" ક્રિયાપદ બે કર્મ ઘણીક વાર બીજી વિભક્તિમાં લેછે, તેમ આં ઝંદમાં છે તે ન સમજવાથી વધારે ગુચવાણમાં પડી ઝંદ–અભ્યાસી અનર્થ પર જાયછે.

પ્રકરણ ૭મું.

સતુમ, બાજ, મેજ, આફ્રિગાન.

જાનની અરેથી પરહેજી ખાણું. જયારે ઉંડાં જ્ઞાન વડે માણસના મનમાં એવુ આવેછે કે, મૂળ દીનના પરેઝગારોના મત મુજબ જમીનની પહોળાઇ નદીઓની લંબાઇ તથા ખોરશેદની બુલંદી (કિરફા મુજદ તથા ફરવરદીન યશ્ત–૯) ૧૨૦ના આંકડાની ખૂબી પર રહ્યાથી સામુદ્રિક શાસ્ત્ર એટલે હાથ જોવાની વિધ્યા (palmistry) મુજબ હાથના અંગોઠાની પાસેની આંગળીના થડમાંથી નિકળી છેલી આંગળી સુધી જતી સંપુર્ણ આયુષ્ય–રેખા ૧૨૦ વરસની ગણાયછે તેમ, પૂરાં આયુષ્યની મુદત ૩ ચાલીસાં વરસોની છતાં મારો વાસોતો આ ફાની જહાનમાં જીવતાં જીવત દેખીતો, ને ગુજર્યા પછી ખરેખરો, ૩ દહાડાનો છે, ને જાન તો પાછો મીનોમાં જવાનો છે ત્યારે તેને પોતાના જાનની ફિકર રહેછે. એ ફિકર વડે પાછી પારકાના જાનની સલામતીની પણ અરે તેના દિલમાં આવેછે. આ અરેથી અવાચક જાનવરો તરફ પણ દયાનો વિચાર ફેલાયછે. એવું થતાં ગોશ્તના ખાણાં પર અભાવ તથા કમકમાટ આખર દિલમાં આવી જાયછે. એથી તે માણસ ઈમાનના ૧૭ કાયદા પાળી (જામે કેખુશરો) આ હરામ કહેવાતો ખોરાક છોડી દઈ યઝદાનીઓની રસમે સાદા ખોરાક પર રહેવું વધારે પસંદ કરે છે. આ પછી પરેઝગારીની રાહે જે જે ખાન પાનથી પરહેઝ રહી પરહેઝી પાળવાની તે પર તેનું ધ્યાન દોડે છે; કારણકે તનને ખુશ કરે તેવા ખોરાક ખાધાથી રવાનમાં તાકાદ કમ રહે છે પણ, પાદશાહ જમશેદનો ભાઇ આતબીન માનતો તેમ, એવા ખોરાકથી દૂર રહ્યાથી રવાનની તાકાદ વધે છે (ઝીનદેહ રોદ). હેવાનના જાનથી ચઢતો ને યઝતના જાનથી ઉતરતો આદમીનો જાન છે. માટે તેને યઝતના દરજ્જા પર લાવવા હેવાની ખોરાક છોડી પરહેઝી પર રહી સાદા શુધ્ધ ખોરાકે ઉંચા દરજ્જે ચઢાવવો પડેછે. એમ કરવા માટે તે આદમીનું જે

સતુમ. સાદુ ખાણું તે આપણા "અસ્તગનું ભાણું" છે. જીવતાં જીવત જે વસ્તુ પર માણસનો પ્યાર રહેછે તે પ્યાર તેના મુઆ પછી પણ તેના જાનને કંઈક રહી શકેછે, કારણકે આપણાં તન તથા કાલ્બુતના નામે બોલાતાં બન્ને ખોળિયાંમાં "હોશ" તો એકજ રહેછે. એટલા માટે તે માણસના રવાનની નેયતે તેના પ્યારનું ખાણું સતુમના નામે ઉજાવીએ છીએ. એ ખાણુંમાં દીનદારો ધાન–શાક

અફસૂસ કરેછે. એ ખાણું બરસ્નુમમાં બેઠેલો મોબેદ પોતાના તન તથા રવાનની પાકી મેળવવાના દરમ્યાનમાં પહેલા નવસાહુ (એટલે પહેલા ત્રણ દહાડા) પછી ખાયછે, તોય તે સાલેકની નજરે પરેઝગારના પાક રવાનની નેયતે તો નકામો * દિસેછે, "કારણકે

ધાન-શાક

ગોશ્ત ખાધાથી હેરેમન પરવરશ થાયછે" (દસ્તુર શાહેઝાદનાં સદદર-૨૪), અને ખાનારે શહેજ બીજો ગુનાહ કીધાજ કે તેના પર નાપાકીના ફેલ ચલાવવાને શકિતવાન થાયછે. પેશદાદી દીનના બરસ્નુમની માફક હિંદુમાં દેહ-શુધ્ધ પ્રાયશ્ચિત સાત દહાડા પળાય છે. એ મુદતમાં તે પાળનાર યવ-ચરણ એટલે જવની રોટલી સિવાય કશું ખાઈ શકતો નથી, જોકે પોતાની હયાતીમાં તે પરેઝગારે ગોશ્તનો ખોરાક ખાધો પણ હોય તોય બહેશ્તી પરેઝગારોમાં તે અષો રવાનની જોડા જોડ રહ્યાથી તેમની માફક તે માણસનુ રવાન ચાલવાને શિખેછે.

કુતરાંની બાજ.

વળી અસ્તંમના ભાણાં સાથે નાનાં છોકરાંને મુકે તેટલું દરેક વાણીનું રાંધેલું મુકી, કુતરાંનુ ભાણું પણ ઇજાવી પાક કુતરાંને ખવાડીએ છીએ, એનું કારણ એકે પરહેઝગારના રહેઠાણ-માં દેવ દરૂજો વડે ઉપજતી દુરવંદી અટકાવવા માટે, તેમજ જ્યારે તે પરહેઝગાર દમ તાળવે ચઢાવી (સમાધિમાં) સુતો તે વેળા તેને

સાલેકના કુતરા.

ઉદર, ઘલોડી, સાપ જેવા ખરફસ્તર દુઃખ ન દે તે માટે પાસ્બાની સારૂ પાક ચશ્મોના ચાર આંખવાળા (એટલે બન્ને

---

* ગુસ્તાસ્પ પાદશાહનો છોકરો પહેલવાન અસ્પન્દીઆર જ્યારે લડાઇ માટે હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે તે હિંદુ રાજાને કહેછે કે "(નીસ્ત ઝન્દ-ખૂર ઓ નેહ જાનવર-જૂ ॥ ચુનીન અસ્ત દીને ઝરદુસ્ત નેકુ=) નથી જાનવરી ખોરાક તથા નથી (શિકાર માટે) જાનવર શોધવાનું, ઝરથુસ્તની દીન એવી નેક છે." (ફિરદોસી). એ અસ્પન્દીઆર યઝદાની હતો તેને ઝરથુસ્તે ગુસ્તાસ્પના ઘોડાનો બીજો પગ ગળી ગયલો બહાર કાઢતાં પોતાની દીન મનાવી હતી (ઝરથુસ્ત નામુ). ફિરદોસીએ યઝદાનીઓની નહિં પણ ખૂદ ઇરાની-ઓની પરેઝગારી જોઇ કે વાંચીજ હોય તો આ પરથી ઝરથુસ્તના વખતના પરેઝગારોની રાહ રસમ જણાયછે.

આંખ પર આંખ જેવા ડાઘાવાળા) પીળા કાનના કુતરાને તે સામો બેસાડતો. એ કુતરો તેની નિમક હલાલીથી પાસ્બાની કરતો તે બદલ એ પરેઝગાર જે ખોરાક તેને આપતો તે આપણ મરનારની નેયતે

કુતરાંને દુધ નમાવવું. કુતરાંને આપીએ છીએ. એ સિવાય બાળક સારૂ દશમા સુધી અને મોટાં માણસ સારૂ માસીસા સુધી કુતરાંને દુધ નમાવવું પડેછે. બચ્ચાંને માહુ-પાયા અને મોટા આદમીને

બહેશ્તના પંથના ચોકીદાર કુતરા. ખોરશીદ પાયા મળે ત્યાં સુધી એમ કરીએ છીએ. વળી ઉત્તર તરફથી દેવ દરૂજ દોડી આવી પૃથ્વિ પર આવવા કરે છે અને કુતરાઓ કે પાક ચશમના ફકત બે કુતરા (ઋગ વેદ, મંડળ-૧૦), ચિન્વદ પુલની ચોકી કરેછે (વંદીદાદ-૧૩). એ બે ચોકીદાર કદાચિત હપ્તોરંગ તથા વનંત સેતારા, કે અહુર તથા મઝદ નામના જોડિયા તારા જે ચિન્વદ પુલના માથા પર છે તે હોય, કે બહેશ્તી પરેઝગાર સાલેકોના કુતરાઓના અષો રવાન હોય. આ પાક ચશ્મના યઝતી કુતરાઓ દરૂજોને દોડી આવતા પોતાની ચશ્મના તેજ વડે અટકાવેછે અને અષો રવાનને બહેશ્ત તરફ દોરવેછે. એ માટે હયાં આપણે સગના રવાનને ખુશ તથા સંતોષ કરીએ છિયે કે તેથી પેલા કુતરાંના અષો ફરોહરો અષો રવાનને બહેશ્તના માર્ગે પાસ્બાની રાખી દોરવી લઇ જાય; ને એમ અહુર તથા મઝદ નામના જોડિયા તારા પર મવક્કલ રહેલા અમષાસ્પંદ જે અહુર-મઝદ તે તેમ અષો રવાનને દોરવી લઇ જાયછેજ (યસ્ન-૧૯).

બાજ. પરહેઝી પાળી ઓરત છોડતાં પહેલાં તો સાદા પણ તાકાદ વાળો ખોરાક બાજ ધરીને ખાવો પડેછે. સઘળાં અનાજમાં ઘહુ વડું અનાજ ગણાયછે (મીનો ખીરદ). એથી તેનો ખોરાક કદીમ ઇરાની પરેઝગારો પસંદ કરતા ને તે પર ગુજરો કરતા. એ ઘહુ-નો સાદો ખોરાક તે દરૂન, તથા અર્દા વિરાફના રવાને બહેશ્તમા બહેશ્તીઓના ખોરાક તરીકે ખાધેલા (વિરાફનામું) ઘીનો ગઓ-સાદો છે.

પ. ૧૨. એ ગઓ-સાદો ગયોમરદી દીનનો જણાયછે, કારણકે ગાયમાંથી પેદા થતો ખોરાકની પાંચ જનસ (=પંચ ગવ્ય) માં ઘા એ "છેવટની ઉત્તમ" જનસ છે. પાંચે ગાથાવાળા ફરેસ્તા

અષો રવાનને "મીનો રોગન" આપેછે (યશ્ન-૫૪)તે એજછે, એમ અર્દા વિરાફના બ્યાન પરથી જણાયછે.

દરૂન | દરૂન જોડે ઘહુની બે રોટલી પણ બાજમા મુકાય છે. મીડિયાના પરેઝગારો સલુકની રાહે ચાલતાં રોટલી તથા પનીર પર રહેતા. ઘહુ કરતાં અઠોગણું, અને ચણા–વટાણા–તુવર જેવા કઠોળ કરતાં દોઢગણુ તાકાદ પનીરમાં રહેછે. યુનાનીઓ એવું કહેછેકે ઝરથુસ્ત (પરેઝગાર)વીશ વરસ સુધી પોતાના વન–વાસમાં પનીર પર રહ્યો હતો. એટલા માટે ચેહારમ તથા સતુમના ખાણાંમાં પનીર મુકાય છે પણ પનીરમાં હલવાનના ચુરતામાં રહેલી સુકી નજીસીના પટ રહ્યાથી તે ખરી ક્રિયાને નાલાયક છે. માટે સઘળાં ખાણાંથી પનીરને "દૂર અલગ" રાખી લોબાન મુકવામાં આવેછે. દરૂન જોડે બેવડી ચપટી હોયછે. તેનું કારણ ચપટાંના વિષયમાં જોવું.

બાજમાં મોટા ૪, ૮, કે ૧૨ દરૂન કેમ. હવે મૂળ સરોષની દીન મુજબ ૪, ચ-થાના પેહેલા ભાગના બનાવનાર મહેર-પરસ્તે ચલાવેલી રસમ મુજબ ૮ મોટા દરૂન, કે ગયો મરદની વખતના પરેઝગારોની રસમ મુજબ ૧૨ મોટા દરૂન, બાજમાં મુકાયછે. અને આ દરૂન તથા મેજની "બાજ" કેહેવાયછે.

બાજનો અર્થ. જેમાં પાક આતશ મુકી આફ્રીન પઢાયછે તેને "આફ્રરગાન્યુ" કહેછે, અને જે મેજ પર તે પઢવામાં આવેછે તેને "આફ્રીગાન" કહેછે: તેમ જે દરૂન તથા મેજ પર બાજ પઢવામાં આવતી તે બાજ કહેવાતી, અને હાલ તેમ કહીએ છીએ. પઢવાની બાજ (ફા.–બાજ=ઝં. વાચ=સ. વાચ)એ ટુંકી હુરદના બેહની બ-દગી છે. હવે ઝાઈરૂ માંણસ કંઈ દરૂન ચાવી શકતાં નથી.

મલિદા. ઘણાકના દાંત પડી ગયલા હોયછે, એવાં માણસ મલિદા પર રહી શકેછે. મુસલમાન ફકીરો આજ પણ "દુધ-મલિદા" પર રહી શકેછે. ઘણાક પીરની દરગાહે "મલિદા કોપરૂ" ચઢાવેછે. એ સઘળું એજ નિયમ પર છે. આ સબબે બાજમાં મલિદા રહેછે. ઝરથુસ્તે આ ખોરાક કેવી રીતે રાખ્યો હશે કે ઝરથુસ્તના દીસાને દહાડે તેની નેયતે મલિદા કરેછે અને તે દહાડાને મલિદાનું પરબ કહેછે!

ઈંડું. એમ બાજમાં ૪,૮,કે ૧૨ દરૂન, ચપટી, મલિદો તથા પાપડી રહેછે; એની જોડે મરઘીનું ઈંડું પણ મુકવામાં આવેછે. આખું જગત (=બ્રહ્માંડ=બ્રહ્મ+અંડ) ઈંડાંના આકારનું મનાયાથી તેની યાદ માટે આ ઈંડું હોય; કે પેશદાદી દીનના પરેઝગારો ગોશ્ત તો નહિંજ ખાતા તેની જોડે ઈંડાં પણ ન ખાતા, અને એ રસમ દાનાવ મોબેદો બરસ્તુમના પહેલા નવસાહ એટલે ચોથો દહાડો ઉગતાં સુધી પાળે છે. ગયોમરદ તથા શિયામક વચન સિધ્ધિવાળા પુરૂષો હોવાથી તેઓ તો જાનવરને જરા પણ દુઃખ ન દેતા- એથી હોષંગના વખતમાં મરઘાં બતકાં એટલાં તો વધી પડયાં કે એ બુલંદ પરેઝગાર પાદશાહને એવું કહેવાની ફરજ પડી કે દીનની રાહે ઈંડાં ખાવાને હરકત નથી (દબેસ્તાન). એથી કરી પરેઝગારોમાં ઈંડાંનો ખોરાક થોડો ઘણો પસર્યો. એ રિવાજે તેમનાં ખાણાંમાં ઈંડું પણ રહેવા લાગ્યું તેથી બાજમાં ઈંડું મુકવામાં આવતું હોય.

પરેઝગાર સાલેકનો ખોરાક. પરેઝગારીથી પાક જાનની પાકીએ પોતાનું પાક રહેલું ફરોહર કંઈ કંઈ કરામાતો માણસને દેખાડેછે ત્યારે તે પરેઝગાર પાક જાનને વધારે અપો રાખવાને મથેછે. એ માટે તે પોતાના અન્નનો ખોરાક ધીમે ધીમે કમ કરેછે, ને ફરાળ જેવો હલકો ખોરાક થોડોક ખાઈ તે પર બહુ વખત કાઢવા શિખેછે. એથી સંસારી ખોરાક સારૂ દુનિયા પરની દરકાર તુટતી જાયછે. ઈ.સ. ૧૫૩૨-૧૬૧૭માં થઈ ગયલો આબાદી દીનનો છેલો દસ્તુર આઝર કએવાન ફકત એક દીરમ એટલે ૪૮ જવ ભાર રોજ ખાણુ ખાતો (દબેસ્તાન-૨). એ દસ્તુર પંજાબમાં આવેલાં ગુજરાતની સરહદ પર આવેલાં પટના કસ્બામાં આવી રહ્યો હતો.

રાબેતાનો ખોરાક છોડતાં પેટમાં કંઇ કંઈ વિકાર પહેલાં પેદા થવા માડે છે. એ અટકાવવાને યોગી તથા દુર્વેશો લીમડાના પાતરાંનો રસ કાઢી તેમાં જરાક મરી નાખીને તે પીએછે. આથી આંતરડાં સખત થાય છે, ને તાવ તવરિયો કદીપણ આવતો નથી. પછી ભૂખ ભાંજવા શહેજ શાકરના ભુકા સાથે મેળવી અંઘેડાના બીજની ફાકી ફાકે છે તેથી તેને ખાવાની રૂચિ થતી નથી ને ઘણો વખત

હોમ. વગર ખાધે તનદરૂસ્ત રહી શકેછે; તેમ તે પરેઝગાર હોમના ડાંખલાં કુટી તે પર અવસ્તાના બુઝર્ગ કલામ પઢીને પીતો. સોપારી જેણે કદી ખાધી ન હોય તે જ્યારે સોપારી ખાય છે ત્યારે તેને શહેજ ઝૂમ આવેછેઃ તેમ આ હોમ પીધાથી શહેજ ઝૂમ ચઢેછે; તોય આંતરડાંનો પડદો કબઝયાત મેળવી જોર પકડેછે, તેથી વિકાર પેટમાં ઉઠવા પામતો નથી ને ભુખ લાગેછે. ક્રિયાનો પાકી વડે કુટી બનાવેલો હોમ પીનાર પરેઝગારના પેટમાં પાકી રહેલી જોઈ તથા તેના લોહીમાંથી બદી નિકળી ગયલી દેખી દાઝખી રવાન તેના પર કશી પણ હેરેમંદી કરી શકતાં નથી (યશ્ન–૯). હોમના જેવાજ પાછા ચંપેલીના વેલાની સુરતના વેલા હોમ-લતા (Twisting Saroostemma). પણ થાય છે. એ વેલાની ડાંખલીને છેડે નવો ફુટતો ફણગો જેને છીલ કહેછે તે અને તેની પાસે શેરડીના ગાંઠે આંખ હોયછે તેવી બે આંખ થાય છે. એમાંની ડાબી આંખમાં બહુ ઝેણ રહે છે તેથી તે છીલ તથા આંખ સાધિક પોતાના ખોરાકમાં ખસૂસ લે છે (યશ્ન–૧૧). આ ખૂબી આલેમો ન સમજતાં એવું સમજાવેછે કે પાક રવાનની પછાડી ભુરા રંગનું અષો ગોસ્પંદ કપાવી તેની મૂડી હોમ યઝતની નેયતે ઈજાવવી !! અવાખરા પરીમાન! નસાની પંકતિમાં આવેલી લોથનો અને તેની સાથે ખરાબ લબ તથા મેલના થરવાળી આગરૂની બદબો વાળી છીલ હોમ ઈજદને ખુશ કરી પરેઝગારના રવાનને અષોઈ આપશે, કે કમકમાટ ચઢાવશે? આંખના ડોળા તો આદમી પણ ખાતું નથી!

ધ. થોડું અન્ન ખાઈ તે પરજ રહ્યાની ટેવ પડી ગઈ કે પછી તે પરેઝગાર ધીમે ધીમે અન્નનો ખોરાક છોડી તપસ્વિઓની માફક ફકત દુધ પર રહેવાને ટેવ પાડે છે, અને પોતાના પાળેલા કુતરાંને પણ દુધ પરજ રાખે છે. એથી પરેઝગારના તેમજ કુતરાના ખાણામાં દુધ પણ આવ્યું. એ રિવાજ આફ્રિગાનમાં તેમજ કુતરાંને દુધ મુકે છે તેમાં હજી જણાય છે. દુધના ખોરાકમાં આ ભેદ રહ્યાથી ઝરથુસ્તે કેરામાત માટે બનેલું દુધ પેશોતનને પાયું

હતું તેથી તેની કાયા અમર જેવી થઇ હતી.

મેજનાં ફળ. હવે દુધ પર ટેવ પડયા પછી તે ખોરાક પણ છોડવા માંડી ફળ ખાઇ તે પર રહેવા માંડેછે. એ ફળ-આહાર હાલ હિંદુ ઉપવાસીઓ કરે છે તે પરથી તેમજ બાજ તથા આફ્રિગાન-માં ઇજાતી મેજ પરથી હજી આપણને જણાય છે. કયામતના હંગામમાં પણ દીનદારો ફળફુલના ખોરાક પરજ ફકત રહેશે (બુન દેહશને). ફળમાં કેળું, ખજુર, દરાખ, બદામ, નારંગી, લીંબુ, જાંબુ, જમરૂખ, અંજીર, પપાઉં, શેહતૂર, સફરજન, કમરખ, સેબ, જેવો લીલા મેવો આવે છે. ફળમાં ખજુર તથા દરાખ વડાં ફળ ગણાય છે (મીનો ખીરદ). દુધમાં ખજુર નાખી ગરમ કરી પીધુ હોય છે તો

ફળના ગુણ. દુધ તરત પચી જાય છે. કેળું અન્નના ખોરાકની બધી તથા પુરતી રીતે ગરજ સારે એવું ફળ છે, તેથી હાલના આલેમોનો એવો મત છે કે દુનિયામાં જે પહેલ વહેલું માણસ પેદા થયું હતું તેણે એજ ફળ ખાઇને પોતાની જીંદગી ગુજારી હોવી જોઇએ ("Vegetable Products by Birdwood," p. 185) બદામ તથા સુકી દરાખ મગજને તાકાદ આપે છે. ખાટાં-મીઠાં દાડમ જીવને નિરોગી રાખે છે તથા લોહી સુધારી વધારે છે. એ માટે મોજેજા માટે દીજેલું દાડમ ગુસ્તાસ્પ પાદશાહના છોકરા અસ્પન્દિયારને ઝરથુસ્તે ખવાડયું હતું તેથી તેની દેહ કાંસા જેવી થઇ હતી અને તેથી તેને લોક "રોઇન-તન અસ્પન્દિયાર" કહેતા. નારંગી, લીંબુ પાણીની શોષ મટાડે છે, કાચાં જામફળ મરડાની અસર અને જાંબુ પથરીના રોગની પીડા મટાડે છે. કમરખ તથા ખાટાં લીંબુ દાંતના પારા છુટતા અટકાવેછે. "બહેશતના મેવા-"ને નામે ઓળખાતુ અંજીર ભારી ખોરાકને હજમ કરી નાખેછે. પપાઉ પેટમાં રહેલો કૌવતમંદ ખોરાક ભસ્મ કરી નાખેછે. સેબ ઢીલાં આંતરડાંને તંગ કરે છે. સફેદ મીઠાં શેહતુર સાલેકના પેટની સરદી તોડે છે. સફરજન ભુજેલાં ખાધાથી ખઇનું જોર તુટે છે. ઝરથુસ્તે સફરજન દઇ જામાસ્પને ખવાડયું હતું તેથી તે તમામ જહાનના ઇલમ સમજયો (દબેસ્તાન). દરાખ જેવો બીજો મેવો લોહી સુધારી અંગને તનદુરસ્ત રાખેછે. (ઠે-ખુશરો, અસ્પન્દિયાર, બહમન

જેવાં ઘણા અષો પેગંબરો ઝાડનાં પાંતરાં તથા મેવો ખાઈ સંતોષ રહી

ફળ ફુલ પર રહેલા કદીમ પેગંબરો.

રાત દહાડો ખોદાની બંદગીમાં ગોશે નશીન રહેતા. (શારેસ્તાન) એ માટે અષો ફરોહરની નેયતે બાજ, આફ્રીગાન, જશન, તથા મુક્તાદમાં મેજના નામે બોલતો ફળ ફુલનો ખોરાક મુકીએ છીએ.

ફુલ. બાજ, આફ્રીગાન, જશનમાં ગુલાબ, મોઘરા, કે ચંપેલીનાં ફુલ, અને દાડમડીનાં ફુલ તથા પાતરાં મુકાય છે. મોઘરો ચંપેલી અહુરમઝદની નેયતે, દાડમડીના ગોલ્લા ખોરશેદ યઝદની નેયતે, અને ખુશબોદાર સુર્ખ ગુલાબ મહોર યઝદની નેયતે, મુકાય છે. પાકીઝેહ આલેકના પાક ફરોહરનું અસલ મુકામ માહ બોખ્તાર હોવાથી સઘળાં ફુલમાં ગુલાબનું ફુલ તેને વધારે ગમે છે. વસંતમાં જ્યારે " નસીમે બહેશ્ત- " ના નામે બોલાતી બહેક બહેક મારતી હવાની લહેકી દક્ષિણ તરફથી વાય છે ત્યારે આલેક એ ગુલાબના ઝુંડમાં શાંતિ સાથે બેસી ખોદાના શુકર ગુજારી ઘણે સુખ પામે છે. જરથુસ્તનાદીસાના દહાડે ગુલ મહોર (=ચંદ્રનું ફુલ) તથા દાડમડીના હઝારા બાજ આફ્રિગાનમાં ખસૂસ મુકેછે, તે અષો પેગમબરનું પાક ફરોહર પોતાના અસલ મુકામ માહ પાયા બહેશ્તમાં પાછુ ગયાની નિશાની તરીકે. ગુલ મહોર ફરવરદીન યઝતની નૈયતે, અને ખોરશેદ પાયા પામ્યા બદલ ખોરશેદ યઝતના પ્યારાં હઝારી ફુલ મુકાય છે. ઉઠમણામાં રેહાન મુકાયછે તે અર્દા બહેશ્ત તથા આસ્માન યઝદની નેયતે મુકાય છે. એમજ મુકતાદમાં ગુલગોટા મુકાય છે તે દીન યઝદની નેયતે મુકાયછે (બુનદેહશને).

યઝત તથા પાક રવાનની ખુશબો.

પાક રવાનને તેના બહેશ્ત તરફ જવાના માર્ગ પર દીન, અર્દી બહેશ્ત, આસ્માન, મહોર, ખુરશેદ, એ સઘળા યઝદો તેને યારી દે છે, માટે એ યઝદોની નૈયતે એમની નિશાની વાળાં તેમના પ્યારાં ફુલ મુકાય છે. જે ઘરમાં અષિસંગ યઝદ આવેછે તે ઘર ખુશબોથી મધ મધ થઇ રહે છે (અષિસંગ યશ્ત–૨). એમજ રવાન પોતાની પાક તથા સફાઈથી ખુશબો ભરેલું રહે છે (જામે કે– ખુશરો). એ ખુશબોઈ

ઉમદા ફુલના અત્તરનો પમરાટ તો કશી પણ ગણત્રીમાં રાખતી નથી. પરેઝગારી વડે જે હૈયાતીમા રવાન ખુશબો વાળું રહેછે તો શરીરના નાશ થયા પછી પણ તે રવાન તેવુંજ ખુશબોદાર રહેછે (અંતર જગત પ્રવાસ-પાનું-૧૦૯). પાક રવાન જયારે પોતેજ ખુશબોવાળુ હોયછે તો પછી પોતાને રહેવાનું ધામ પણ પાક ખુશબોદાર ચાહેછે.

<u>ખુશબોઈ.</u> | પાક પેહાયરા પર અષો ફરેશ્તહરોની ટોળીઓ રહેછે. એ હરેક ટોળી ૧૩) તેર અષો ફરેશ્તહરોની હોયછે (જામે કે-ખુશરો). ૬ થંબાર, ૧૨)જશન, મુક્તાદ, રપિથ્વન, તથા બીજા તહેવાર મીનો આલમના સંબંધના હોવાથી એ ફરેશ્તહરો પણ મીનાઈમાં એ તહેવારો આપણી માફક પાળતાં નજર પડેછે. માટે રોઝગારના દહાડે ક્રિયા કરી ફરોષિ પઢાવી અષો રવાનને બોલાવીએ છિયે ત્યારે તે પાક રવાન આવી ખુશબો આરતાં ફરેશ્તહરોની ટોળી જોડે આવે છે. આ વખતે મઘમઘ થતાં તાજાં ફુલોની ખુશબોઓ તેમજ પાક સુર્ખ આતશ પર, મહેર પંથીઓનો અષ્ટ-ગંધ એટલે આઠ ખુશબોની માફક, સુખડ, લોબાન, ઓદ, અગર જેવી સુકી ચાર ખુશબોથી તે પાક રવાન અને તેની જોડે આવનારાં અષો ફરેશ્તહરો તેમની લેવાતી યાદ, તેમનું નૂર તથા પાકી અસલ હાલતમાં બચવાઈ રહે એવી દીનની ઘટતી ક્રિયાએ, તથા ભેદ ભરેલા અષોઈ વધારનાર અવસ્તાના બુઝર્ગ કલામ ઘટતી રીતે બુલંદ અવાજે પઢવાએ ખુશ થઈ ક્રિયા કરનાર તથા કરાવનાર કુટુંબ કબીલા પર આફ્રીન ગુઝારી નેક દુઆ દેછે. (ફરવરદીન યશ્ત-૧૩).

બદ બોથી પાકીઝેહ માણસના રવાનની સફાઈ બગડે છે, પણ ખુશ બોઈથી તે પાક તથા ખુશ રહેછે. પાદશાહ જમશેદ પોતાના જમણા હાથમાં અજમતવાળી લાંબી લાકડી ને ડાબા હાથમાં સુરાખવાળા "ત્રણ પાસાં" ઉપસેલા ઢાંકણે ખુશબોએ બળતું ઢાંકેલું ધૂપદાન નિચેના ડાંડાએ ધરી રાખી પોતાના તખ્ત પર બેસી પૂર્વ તરફ મોં રાખી બંદગીમાં એબાદત કરતો સખ્તે જમશેદ શહેરની તેની તસ્વીરમાં દેખીએ છીએ. પરેઝગાર સાહેબ આ બાબત બહુ ખંત રાખેછે તાપ કહોતી, ઉડતી, કે હવામાં ટીંગાઈ રહેલી બદબો ને બીનાશથી કે સડતી

ગંધ મારતી ચીજો છાયામાં પડી રહ્યાથી તેના મુકામની આસપાસની જગાની હવામાં પસરી ગઈ હોયછે તે તેનું મગજ તથા ફેફસાંનું લોહી બગાડેછે. બદનના ઓરતનો જીવ લોહી છે, ને લોહીનું જીવન વિજળી છે. માટે દમ બાંધતાં પહેલાં પરેઝગાર રવાનના નુરને પાકી આપનાર પથરા પર બેસી ઘણુ વાર તપાસી જોયલી (પતેત ઈસની) કુદરતી ખુશબો બાળી પોતાના શરીરની વિજળી શુધ્ધ કરી મગજ પાક રાખેછે. એજ નરી હાલત સચવાઈ રહે તે માટે ખુશબોદાર ફુલો પોતાની અગાડી રાખેછે. એ માટે બાજ આફ્રીગાનમાં ખુશબોદાર ફુલ મુકાયછે. આ બધી જોઈતી સવળતા મળે તે સારૂ એવા પરેઝગારો પોતાના મકાનની આસપાસ એવાં ખુશબો વાળાં ઝાડોના બગીચો રાખતા, અને એ રેવાજ દરેક દરે-મહેરના વાડામાં સચવાઈ રહેલો હજી આપણે જોઈએ છીએ. ખુશબો ભરેલાં ઠામ પર અષો ફરોહરો ખુશ રહી સાલેકને સારી સમજણ આપેછે. આ ખુબી બતાવવાને મો-જેજા માટે ઈનેલાં ફુલ ઝરથુસ્તે જામાસ્પ હકીમને સુધાડયાં હતાં, તેથી તેનું મગજ ખુલી ગયું, અને થયલી તથા થવાની બીના જાણવાની શક્તિ તેમાં આવી ગઈ.

દાડમડીનાં પાતરાં

આફ્રીગાનમાં મેવાની સાથે દાડમડીના પાતરાં પણ મુકાયછે, અને જો કોઈ ફુલ નથી મળતાં તો રે-હાન તથા દાડમડીની પાતરી ફુલને માપે ગણાયાથી તે બેઘીજ ગરજ સારેછે (બુન દેહેશ). એ પાતરાંમાં દિલની બદી ટાળવાનો કેટલો ગુણ હોવો જોઈએ કે તે નહાન લેતાં પરેઝગારોને ચાવવાં પડેછે! હોમ-સળીથી ઉતરતી ગરજ આ પાતરાંનો રસ સારેછે. આ-પણો ખોરાક અનેક તરેહનો હોવાથી કેટલીક વાર એવી (હરામ) ચીજો ખાઈએ છિએ કે તેથી બદનને ફાયદો પણ રવાનની સ-ફાઈને ગેર ફાયદો તથા બિગાડ થાયછે, ને ઘણીક વાર તો મુઆરા પર ઘસીને પીવાને ખંપ આવતા કાચબા જેવા કેકડા યાને દસમુળી, સસણી પર કામ આવતાં સસલાના સુકાં લોહી, તથા ગોરૂચંદન, આળસિયાં, ઓકળગાય, સાહુડીના સુકા પોરા, મુમઈ જેવા નસાને દવા તરીકે દુઃખ દરદ પર ખાવો પડેછે. આથી રવાનની પાકી રહેવી

નથી, ને આપણું બદન દાઝખી રવાન ને દરૂજેનું ઘર થઈ પડેછે. હોમનું પાણી કે દાડમડીનાં પાતરાંનો રસ, રવાનને આવી ફિલની બદીથી શુદ્ધ રાખી શકેછે. "બહાને પાક થયલું આગસ (ગુજર્યા પછી) અપો;(કેમકે) જેમ વરૂથી ઘેરાયલી [illegible]ટાંને (કુત્રો) ડરાવેછે: તેમ મરણ પછી જાનને દુઃખ દેવ "દરવંદ [illegible] ભડકાવેછે" (વંદીદાદ.-૧૯)

તાજાં પાણીનો લોટો.

ઇજાતી ચીજ જોડે વળી તાજાં પાણીનો લોટો ને દાર પણ મુકાયછે. પરેઝગારીમાં સાદા ખોરાક તથા પાક પાણી એ મુખ્ય ચીજો છે, વળી પાક ગંદવા માટે તથા બંદગી સારૂ તાજાં પાણીની જરૂર છે. તે પરેઝગારની નેયતે તાજાં પાણીના લોટો આફ્રીગાન તથા સતુમની ક્રિયામાં મુકવો પડેછે.

ઇજાતાં વાસણ.

હવે એ પરેઝગાર જે ખાન પાન વાપરતો તે પોતાનાં ઘણાજ જરૂરનાં પાક વાસણ જે દસ્તાની ઓરતના વાપરવામાં ન આવ્યાં હોય તેમાં (પતેત ઈરાની) વાપરતો. આ વાસણો તે ખુમચો, કાંસિયો, ને કળસિયો છે. માટે એજ ૩ વાસણો તેની નેયતે બામદાદના ઉઠમણામાં ઇજાવવાં પડેછે, અને એ વાસણો મરનારના જેવા પરેઝગારનાં સવળતા માટે અષો દાતમાં આપી દઈએ છીએ કે તે અષો પરેઝગાર સેં વાપરતાં પાક રવાન પર દુઆ ગુજારે. એજ કારણ સર દરમાને દહાડે ઘડો, કળસિયો તથા લંગડી ને મુકતાદમાં બહેડું ઈજાવવું પડેછે.

દારૂ.

દારૂ એ કહોવાડેલી દરાખ, મહુડાં, જવ વિગેરે જેવી જીનસમાંથી કાઢેલો અરક હોવાથી તે પીનારના પેટમાં ગંદકી પેદા કરેછે. એ ગંદકીએ દાઝખી રવાનો તથા બલાગતને પીનારના શરીરમાં પેસી ખોઆબમાં કમકમાટ ભરેલા દેખાવ તથા ત્રાસ બતાવવો સવળ પડેછે. એથી તાળવે દમ ચઢાવી રાખનાર સાલેક દારૂની અડાસે જરા પણ જઈ શકતા નથી. પરેઝગાર ઇજશ્ને કરતાં હોમનું પાણી પીએછે તેથી તેમના શરીરમાં આ થતું થોડું ઘણું અટકેછે. પણ જેઓ સંસારમાં રહી સાદા ખોરાક પર રહી જાન તથા મનની સફાઇ સાચવી રાખતા તેઓ હઝમ્યત માટે સારે દહાડે માફકસર દારૂ

પીતા. તનદરૂસ્તી બક્ષે એટલોજદારૂ પીવો એમ એ દીનદારો રવા ગણતા (તફ્‌વીયતે દીન માઝદી યશ્નના). એ દારૂને અવસ્તામાં " મધુ "(=સં. મધુ, મધ=ફા. મએ) કહેલોછે (વંદીદાદ-૫). ઝરથુસ્તે મોજેઝે દેખાડવા આફ્રીગાનમાં જે મેજ્દ ઇજી હતી તેમાં દારૂ હતો, અને તે " ઇજેલો દારૂ " તેણે ગુસ્તાસ્પ પાદશાહને પાયો ને તે ત્રણ દહાડા બેભાન (Mesmerised) સુઈ રહ્યો, એથી તેનું રૂગોહર બદનમાંથી નિકળી મીનો જહાન જોઈ આવ્યું. રાજ-ગાદી મળ્યાની અગાઉ ગુસ્તાસ્પે પણ ૨૭ વરસ સુધી કમ ખાણા તથા આટાની કાંજી પર રહી ભોંયરાંમાં રહી રિયાઝત પાળી હતી, (શારેસ્તાન). જેમ સાધારણ તંગ વાસ મારે છે પણ નિરંગ-દીનની બારીક ક્રિયા વડે " ઇજેલો નિરંગ " કહી વાસ મારતો નથી, અને રીમન આદમી તે પીએછે તો રવાનની નાપાકી ફિટેછે: તેમ કહેવાવડેલી જનમમાંથી દારૂ બનેલો છતાં તે " ઘટતી ક્રિયાઓ ઇબાદતો " તેમાં આણી આવેછે, કે જેથી રૂવેહરને મદદ મળે. અદા વિરાફને વડા દસ્તુરે દારૂ " ઇજીને " પોતાને હાથે તે દારૂ પાયો હતો, કે જેથી તે સાત દહાડા સુધી દમ બાંધીને સુઈ રહ્યો અને તેનું રૂવેહર ઝટ બદન માંથી નિકળી મીનાઇના ભેદ જોઇ આવ્યું (વિરાફનામું). ગુસ્તાસ્પ પાદશાહના છોકરાના છોકરા બહમને પોતાનો દમ પાક કીધો હતો, ને તે રૂસ્તમ પહેલવાન પાસે તાલીમ લેવા રહેલ હતો. રૂસ્તમે એક દહાડો ગોરખરનું ગોસ્ત તથા દારૂ પીવાડવાને અતિ બહોંસ કીધી, ત્યારે દારૂ તેણે પીધો પણ ગોસ્ત નહિંજ ખાધું (શારેસ્તાન). આ પરથી જણાશે કે દમ બાંધી ન જાણનાર પરેજગારે આરૂ દારૂ વાપરવા માટે તદન મનાઈ નથી. એ દારૂ દરાખનો સમજવો (વંદીદાદ-૧૪).ઠંડીમાં " દારૂ મધ્યસર વાપર્યાથી ખોરાક પચેછે, અંગમાં ગરમી આવેછે, અક્કલ હોશીઆરી વધેછે, અને લોહી તથા તોખમ દિલમાં વધારો કરેછે " (મીનો ખીરદ). પેશદાદી દીનવાળા તો બરશ્નુમની આતે રાત સુધી દારૂ તો નહિં પણ તેની જોડે દરાખનો શરબત પણ વાપરતા નહિં, જો કે જમશેદના ધંબારના ખાણામાં, તેમજ રોગ તથા મરકી વખતના જશનમાં શર-

કા, શીરા તથા લસણુના બનાવેલા શીર-ઓ-સદાબ દરૂજોને દફે કરવા ખસુસ વાપરવામાં લેતા (સદ દર-૧૦૦). અપો પરેઝગારો જે દારૂ વાપરતા તેને અવસ્તામાં "હુરા" કહ્યોછે (વંદીદાદ-૧૪, આફ્રીને ગાહ-અંબાર), અને વેદના ઋષિઓ "સુરા" કહેતા. દેવતાઓ (=યઝતો) એ સુરા વાપરતા. "તેઓ 'ચાંદરણી' રાતે

પરેઝગારનો દારૂ.

હોમ લતા, એટલે હોમના રોપને મળતા (યશ્ન-૧૦) વેલાના પાંખડાં તોડી 'પેટાની' ગાડીમાં તે લાવતા. એ ડાંખલાંને છુંદી રસ કાઢી તેને 'બકરાના બાલની' ચાળણીએ ગાળી તેમાં જવ તથા ઘી ભેળી તેને ચઢાવી તેનો દારૂ બનાવતા" (Vegetable Products by Birdwood, p. 53). સમાધિ વહેલી ચઢાવવા તથા દરૂજનો ગલ્બો અને પેટના વિકાર દૂર કરવા માટે આ દારૂ પરેઝગાર સાલેક માટે સરસ સાધન દેખાય છે. અપો બદનનો પરેઝગાર દુધ, પાણી, દારૂ, તથા રસવાળી તર ચીજ ઇનેછે ત્યારે તેના પાક બદનમાંથી એજમત તે વસ્તુઓમાં ઉતરેછે. એથી એ ચીજ ખાનારમાં પણ તેવો ગુણ આવેછે.

પાક આતશ.

પાક આતશ કે જેમાંથી અહુરમઝદે યઝતો તથા ફરોહરો પેદા કીધાં (વિસ્પરદ-૧૯) તથા જે વડે અહુર મઝદે તમામ પેદાયશ સરજી તથા વધારી (બુન દેહશ્ન) તે વગર દેવ દરૂજના ગલબાને લીધે આ બધી ક્રિયા નકામી થઈ પડે છે, માટે પાક સુર્ખ આતશ તથા ખુશબો આ ક્રિયા જોડે રખાય છે. ખુશબો બળ્યાથી હવામાં ટીંગાઈ રહેલી ગલીચી તથા બદબો દુર થઈ જાયછે, તેથી દરૂજોનું જોર ત્યાં ફાવી શકતું નથી, અને આતશનું પાક ફરોહર-આદર યઝત—ખુશ થઈ હુઆ દેછે (આતશ ન્યાયશ). હવે આ સુર્ખ આતશ તે ત્રણવાર તપાસીને મુકેલાં (પતેત ઇરાની) ૧૩ મહીના સુધી સુકવેલાં નક્કર સુકાં લાકડાંનો (વંદીદાદ-૧૯) જોઇએ, અને તેના પર જુદ-દીનની બદ નજર ન પહોંચવી જોઇએ. દુષ્ટ શરીરની ખરાબ વિજળી નજર વાટે તે આતશ પર પડેછે તો તેના નૂરની પાકી તુટેછે. એટલા માટે મોબેદો સિવાય કદમી બહેદીનો આતશ

ન્યાયશ કરતાં આતશ પર નજર કરતા નથી (હાદૅસ નામું).

ભણતર મોબેદ મારફતેજ કેમ.

હવે આ સઘળી ક્રિયા પર બહેદીન નહીં પણ પાક મોબેદ થટતું ભણતર પુરતી પાકી તથા ખરાં જીગરથી, ખુશ થઈને (વંદીદાદ-૯) ભણેછે ત્યારે પાક રવાનને તે બધું પુગ્યું એમ ગણાયછે. ગોશ્ત, દારૂ, તાડી બલ્લાં સુધી ખાઈ પીને ઉંઘરેટો કાઢનાર મોબેદ નહિં પણ ૨૭ નખિતર માનનારા પરેઝગારોના મતને અનુસરી જે સારી રાત (વંદીદાદ-૧૮) કે રાતનો ત્રીજો ભાગ (યશ્ન-૬૧) સલુક તથા પરેઝગારીના રાહે એબાદત-ગાહ પર બેસી પોતાના હોશને સુધારે છે તથા રવાનની પાકી વધારેછે તે ખોડ વગરના શરીરનો (આવાં ચશ્ત-૨૧) તનદરૂસ્ત અષો મોબેદ (વંદીદાદ-૧૮) ચમચ પાક આતશને લગાડી તે પેવંદ વડે આતશની પાકી પોતાના બદનમાં ઉતારી દીનના ભેદ ભરેલા ફતેહમંદ કલામ બુલંદ અવા-જે પઢેછે ત્યારે તે મોબેદનું પાક ફરોહર, યઝત, અમશાસ્પંદો (વંદીદા-દ-૧૨), અને તેની આસપાસે બીજાં અષો ફરોહર હોયછે તે સઘળાં આ પાક ક્રિયાથી ખુશ થઈ મરનારના અષો ફરોહર કે જેની નૈયતે એ બધું કરવામાં આવ્યું હોયછે તેના પર આફ્રીન કરી ક્રિયા કરાવનાર પર દુઆ ગુજારી બહેશ્તી મુકામ તરફ પાછાં વળેછે. અષો ફરોહરની જોડે સરોષ, રશ્નુ, તથા મહેર યઝત પણ હોયછે (ફરવરદીન યશ્ત-૧૨), અને એ મહેર યઝત કીધેલું સવાબ જોડે લઈ જઈ ગરો-સ્માનમાં સંઘરેછે (મહેર યશ્ત-૮; યશ્ન-૪૪). અષો ફરોહરો આ રીતે આવ જાવ કરેછે તે દેખાવ અષો દિલના આદમીને પાયદશ્ત કે ઉડમાણાની મિજલસ જેવો ખોઆબમાં દેખાયછે. આવા અષો મોબેદમાં "યોગીના" એટલે જોગીના ગુણ રહ્યાથી તેને બદકારો તુચ્છકારતાં "જોગટો" કરી કહેતા અને હાલ પણ દોઝકું ભસનાર અથ્યારૂને એ નામે બહેદીન તુચ્છકારે છે.

ક્રિયામાં પુરતી પાકી સચવાય તોજ અવસ્તાના ભણતરમાં જોર તથા ધારેલી અસર પેદા થાયછે. જરા નાપાકી અણદીઠ પણ રહી કે દરૂજો

પુરતી પાકી વગર ભણતર નકામું.

દૂર રહેલા એક દમ ત્યાં તુટી પડી ખારને માર્યા ઉલટુંજ કરેછે. ઇ.સ. ૯૯૭-૧૦૩૦)માં રાજ કરી ગયલા સુલતાન મહમુદ સબકતગીન તથા તેના આખાં

લશ્કરને દસ્તુર નોશીરવાન તથા પરેઝગાર અર્દેશેરે આપણી બરહક દીનની બુઝર્ગી બતાવવા પહેલા દહાડે મીનો નાવરની બીજા દહાડે 'સરોષની' ને ચોથા દહાડે વિસ્પરદની ઈજશ્ને ફરી તરેહવાર પાક રંગમાં અષો ફરોહરોનું અંજુમન ત્યાં ઉતરતું દેખડાવ્યું. પણ ત્રીજા દહાડે સીરોજાની ઇજશ્ને કરતાં કુલ્લિયામાં હોમ સળીના પાણીમાં પડેલા ઝીણા બાળની નાપાકી પાણીમાં ભળી ગયાથી સોહા હાથી ઘોડા સાથનું ઉત્તરેથી આવતું દોઝખી રવાનો તથા દરૂજોનું કાળું ડરામણું લશ્કર એ બાદશાહ તથા તેના લશ્કરે જોયું, તેથી તેઓ બીધા ને ગભરાટમાં પડયા હતા.

પરેઝગારી વગરનાં સીધા આદમીને પણ બહેશ્ત.

હવે સઘળા સંસારી દીનદારો કંઈ આવી પરેઝગારી પાળતા નથી, તોય એજ ક્રિયા તેમની પછાડી કરવી પડેછે. એવા દીનદારો ઓલિયાં આદમી, બૈરાં, કે નાદાન છોકરાં જો કે રવાનની પાકી વધારે તેવી પરેઝગારી પાળતાં નથી તોય મનની સફાઈ રાખી વિચારનો પ્રવાહ સીધો ને સરળ ચલાવે છે, તારી મારી બનતાં સુધી કરતાં નથી, અને એક માર્ગે ચાલનાર હોયછે " તેઓ આ જીદંગી છોડયા પછી પહેલા આસ્માન સુધી જઈ શકેછે, અને ત્યાં સઘળા ઇલ્મોથી વાકેફ થઇ ઉપર વધતા જાયછે " (જામે કે- ખુશરો); એટલે કે તેઓ માહ-પાયા બહેશ્તમાં જઈને રહેછે. ત્યાં નેક માણસોના અષો ફરોહરો જોડે સમાગમ થયાથી સોહબતે અસર થાયછે. એથી જે રીત ભાતે ત્યાં જે મુજબ તેઓ ચાલેછે, તે મુજબ તેઓ ચાલવાને રોજરોજ કોશિશ કરે છે, અને તેવાજ પહેરવેશે રહેછે. એબાદત જેવી ત્યાં કરવી પડતી તેવીજ ત્યાં તેમને મેળ તાઝવાળી (યશ્ન ૪૫) કરવી પડેછે (યશ્ન-૬૦). એટલાજ માટે અવસ્તા (યશ્ન-૧૯-૨૦)માં કહ્યુંછે કે યથા અષેમ મીનોઇ જહાનમાં ચાલેછે.' એ રીતે નેકીથી ચાલી ગુજરેલું રવાન મીનોઇ આલમમાં પાક રવાનોમાં દેખા દેખીએ પરેઝગારી શિખી જાનને વધારે પાકીથી કૌવતમંદ કરીને આગળ વધ્યા જવાને કોશિશ કરેછે, જો કે એ નેક રવાન આ દુનિયામાં પરેઝગારી વગર ચાલેલું હોય તે છતાં સઘળી ક્રિયા તેના ગુજર્યા પછી એટલા માટે કરવી પડેછે.

જીવતાં જીવત જોયલો બહેશ્તનો દેખાવ. એ પરેઝગાર આ સઘળી પરેઝગારી પાળતો તે પાક દીન પર એતેકાદ મુસ્તકીમ રાખીને ચાલતાં તેનું પાક રૂહ સાદી પરેઝગારી પાળતાં ખાબ કુદરતી સમાધ હોવાથી ખ્વાબમાં, અને સલુકના રાહે દમ બાંધતાં દિલની આંખે, બહેશ્તની જગા જોઇને ફરી આવી જાતે ખાત્રી કીધાથી તે આવી પરેઝગારી દિલો જાનથી પાળતો, ને તેમ પાળતાં બાદશાહી બુલંદ રોનકદાર મહેલો, દિવાનખાનાં, બગીચા, જીવ તથા આંખને મે ઘડી ખુશ કરી આરામ તથા આસાયશ આપે એવી, ખુશનુમા ચીજો, નેક લોક; કે ઘણીક વારતો ખાલી સાફ સુફ ધોળેલાં સ્વચ્છ ઘર જાણે અંદર વસવાને તૈયાર રાખી મુકયાં હોય, ને તેમાં એશ આરામના બીછાણાં, ગાલીચા, તથા શણગારેલાં રાચ રચીલાં પડીને રહ જોતાં હોય એવું દેખાયછે. આવો દિલ-કશ દેખાવ એ પરેઝગાર જોઈ ફાની દુનિયાની બે ઘડીની ખોટી સહેલ ધિક્કારી ઉપર કહેલુ જાવેદાની સુખ ભોગવવાની કોશેશમાં રહેવાને લોભાયા વગર રહેતો નથી.

પ્રકરણ ૮ મું.

અહુર મઝદી દીનની ક્રિયાના દાહેકા તથા ચપટાં.

રવાન પછાડી ૧૮ ક્રિયા. અહુર મઝદી દીનમા મીનોઈ આલમ જવાના પંથની ૧૭ મંજલ ગણાતી, તેથી એ દીનમાં ગુજરનાર માણસ પછાડી ૧૭ ક્રિયા કરવામાં આવતી. ચેહારમ, દરામું—માસીસા-છમસી—વરસી વાળા ૪ દાહેકા, તથા મહીને મહીને થતી ૧૨ બાજ મળી ૧૭ ક્રિયા થઈ. પણ મૂળ ઈરાની પરેઝગારો તો એ પંથની ૧૮ મંજલ માનતા (જુઓ પાને ૩૨માં), તેથી ઉઠમણું જેને કદીમ દીનદારો "પાદ-રૂઝેહ"† કરી કહેતા (આઇને દીને બેહ માઝદયશ્ને-પાનું ૧૩૪) તે ઉઠમણાનો ક્રિયા ગણત્રીમાં ફઝો કુલે ૧૮ ક્રિયા ગણી.

મૂળ દીનમાં ૩જ ક્રિયા.

મૂળ સરોષની દીનમાં સેહ (=ઝં. થ્રિષ્વ=એકનો ત્રીજો ભાગ) તથા ૯સેહની ખબી પર ક્રિયા ચાલતી. એથી મીનાઈ પંથ ચેહારમને દહાડે શરૂ કીધો તે, માસીસાને દહાડે એ પંથના નાકે આવ્યા તે, અને વરસીના દહાડે બહેશ્તના તબક્કાઓના પંથ પૂરો કર્યો તે, એમ ચેહારમ, માસીસો, તથા વરસી ફરી મૂળ ક્રિયા ત્રણ હતી, ને એમ ૩ હોયજ તે એજ દહાડાઓ પર કુલે ૩ વખત સેઆવ ઉજાવવાની અયન ફરજ ગણાયછે (દા. પા.-નું ફેરઝયાત નામું) તે પરથી સમજાયછે. રવાન ચેહારમના દહાડાથી પોતાની મીનાઈ મુસાફરી શરૂ કરેછે તે ઇસા પેગમબરના મોજેજા પરથી સિધ્ધ થાયછે. એ પેગમબર ઉઠમણાના દહાડે કબરમાંથી બહાર આવી તેના ચેલાઓને મળી વાત ચીત કરી આકાશમાં ચઢી ગયા ને લોક તે દેખાવ જોતાજ રહ્યા (Luke-24).

૩ની ૧૮ ક્રિયા કોણે ચલાવી.

ગયા મરદ મહીનાની ગણત્રી ઇરાનીઓમાં દાખલ કીધી તેની જોડે બાર માસની બાર બાજ ચાલુ થઈ. જેમ રાત-દહાડાના ૩ પહોરનો એક સેહ મૂળ ઇરાનીઓ ગણતા:

દીસો ક્યારથી ચાલી.

તેમ ઇરાની હુઝારીઓએ માહની ગણત્રી પણ ૩ દશવાડિયાંએ એક માહ કરી ગણી. આથી પહેલા ૧૦ દહાડાનું દશમું દાખલ થયું. કારણ કે તે દહાડે રવાન માહ પાયા પર આવી રહેછે (જુઓ પાને ૫૩માં). તેજ મુજબ પહેલા મહીનાનો, છ મહીનાનો, ને બાર માસનો છેલો દહાડો દશવાડિયાંની ગણત્રીએ "દીસો" ના નામે ઓળખાયો. એજ દીસોવાળા ચાર હતા "દાહેકા" (=ફા. દેહ=ઝ. દસ=દસકા)ના નામે હાલ ઓળખાય છે. મૂળ દીનમાંજ દીસોની ગણત્રી હોત તો નવ-સેહુની ખૂબી પર ૩ કે ૯ મહીનાની બાજ મોટી ગણાત, પણ તેમ તે નથી.

---

† પાઝંદમાં "પાદ-રૂઝેહ" બોલ ઝંદના બે બોલ પરથી થયોછે:. ઝંદ 'પાત' એટલે (સરોષે) પાસ્બાની રાખેલા, અને ઝંદ 'રૂઝ'=સં-રુહ્=ઉઠવું, ચઢવું, એટલે કે સરોષની પાસ્બાનીમાં રહેલાં રવાનનું આસ્માન પર ચઢવા માટે ઉઠવું, એ અર્થછે.

૪ અષો આકાર

કદીમ મઝદ-યશ્ની દીનના નજુમીઓ નક્ષત્ર-ચક્રના બે ભાગ, ત્રણ ભાગ, ચાર ભાગ અષો ગણતા; ને ૧૨૦ નવસેહવાળું આખું ચક્ર વધારે બુઝર્ગ ગણતા. એ ચક્રના ૪ ભાગ તે ૪ નવસેહ-માહ છે, ને ૩ ભાગ તે ૩ નવસેહ ચાલીસાં છે. ૧૨૦ નુકતાવાળાં આખાં ચક્રને "શીમ" (=સં. સિમ=આખું, પુરૂં), ને ૬૦ નુકતાવાળાં અર્ધ-ચક્રને "મઇદયો-શીમ" કરી કહેતા. એ બે, ત્રણ, તથા ચાર ભાગોની જુદી જુદી ખૂબી પર ગીર્દો તથા ગીરેહબાન છે. નક્ષત્ર-ચક્ર પર તેના બે ભાગ, ત્રણ ભાગ, તથા ચાર ભાગને એક સીધી લીટીએ જોડતાં ૩ આકાર  થશે. મીનો માપ તથા અષોઇના વખતવાળા આ ત્રણે આકાર અષો ગણાતા, ને આખું ચક્ર વધારે અષો ગણાતું.

"નમાઝ (ઝં. ઈઝા=સ- ઈજ્યા= ઇજેલી ચાજો, ઓરાકો=) નેઆમતોને કે જે (અહુનવદ ગાથામાંની) આર્મઈતિ (ખઝત) ની."
—યશ્ન-૪૮. કેમના મઝદા. " તમામ ઓળિયાંઓ (જુઓ પાને ૪૫માં) ગાથાઓને અર્પણ તથા સપુરદ કરીએ. જે ગાથાઓ હમને પોષાણ-વંતીઓ, પાળણવંતીઓ, મીનો-ખોરાકવાળીઓ છે. જેણીઓ હમને રવાન સારૂ ખોરાક તથા વસ્ત્ર (આપવા) પર * છે. હાડ તથા જાન જુદા પડી ગયા પછી દુરની જહાન (=પેલી દુનિયા) સારૂ શુભ બદલાવાળીઓ, પુરતા બદલાવાળીઓ, ઘણા બદલાવાળીઓ હમોને તેણીઓ થાયો મઝદા (અમષાસ્પંદ) કે જે અષો (દાદાર)ની તમામ પેદાયશનો ફાયદા-કરતાઓનો તથા ફાયદા-કરવાનાઓનો, ઓળિયાંઓની અષોઈના પોષાણ

રવાન ગરોસ્માન બહેશ્તમાં દાખલ થાય તે માટે ચપટાં.

---

* યાઉ નો હેંતિ ઉરૂને અવિ ખરેથેભ્ય વસ્ત્રેભ્ય. કેટલાક દીનદારો "અવિ" બોલ ઉપસર્ગ નહિં પણ સામાન્ય નામ ગણી "અવિ-ખરેથ" સમાસ કરી (અવિ=ઘેટી પરથો) ઘેટીનો ખોરાક એટલે દુધ, એ અર્થ કરેછે. હવે ઘેટીનો ખોરાક તે ગોશ્ત ન ગણાય માટે "ઉરને-વએમ્" (=સં ઉરણી-વિય=) ઘેટીમાથી જયલાંને-દુધને, એમ બોલો પણ વાપર્યાછે. તેઓએ નો-ને (=હમોને) સર્વનામ ન ગણ્યું; તેને ઉપ-સર્ગ સમજી નો-અહૂ=સં. નિ-અસુ=બખશ અર્થ કરેછે.

સારૂ તથા ઓલિયાંઓની અષોઇના રક્ષણ સારૂ ફત્તેહમંદ દુનિયા વધારનાર ઘણોજ ફાયદા વંતો (તે મઝદા અમષાસ્પંદ) તેઓ કે જે સતુદ યશ્નો (=યથા,અષેમ- વંદીદાદ-૧૯) જેટલી તેણો (=ગાથા)ઓને શિખતી (તેટલી યશ્નો) હિંમત સાથે, તે-ઓ (=યશ્ન) ફત્તેહમંદી સાથે; તેઓ સુખાકારી સાથે, તેઓ તન દરૂસ્તી સાથે; તેઓ આબાદી સાથે, તેઓ વૃધ્ધિ સાથે; તેઓ (હુવઠ્હ=ગર્ભ, સદરાનું ગીરેહબાન) ગીરેહબાન સાથે, તેઓ કુસ્તી સાથે; તેઓ અષોઈ સાથે, તેઓ પાકીઝગી સાથે; તેઓ (દીનની) સમજણ સારૂ, તેઓ (પાંકીઝગીની) વાકેફગારી સારૂ હુમોને ઉધારે". — યશ્ન-૫૪.

અહુનવદ ગાથાના ૧૪ યઝતોમાં ૩ યઝત રવાનનું પોષણ કરવા પર, ૩ યઝત પાળણ કરવા પર, 'ને ૬ યઝતો માણસના શરીરને ઉધારવા પર છે, ૧ યઝત રવાન પર, ને ૧ યઝત ફરોહર પર પા-સ્બાન છે.મૂળ યથાની બાબતમાં (જુઓ પ્રકરણ ૧૧મું) સમજાવ્યા મુજબ આદમીના બદનમાં ૧૨ ચીજમાં રવાન તથા ફરોહરનું જોડું રહ્યુંછે, આદમીના બદનમાં રહેલાં ફરો-હરનું કામ તેણે ખાધેલા ખોરાકને પચાવી તથા છુંછાને બ-હાર કાઢી શરીરને પોષવાનું છે (બુન દેહશ્ન). માટે એ ૧૨ ચીજ માટે ૧૨ હુઆ, બે બેની જોડમાં, ઉધારનાર ગાથા પાસે પઢનાર માંગેછે. ગાથા એ મીનો પંથ તથા રવાનની, અને યશ્ન એ બહેશ્ત તથા ફરોહરની ખૂબી માટે છે. કારણકે હજી જનમવાના માણસોના ફરોહરો ગરોસ્માનમાં રહેછે (દીન કર્દ-૨). અહુનવદ ગાથામાંની આર્મઈતિ યઝદ મીનોમાં ઇજેલી ચીજો અષો રવાનને આપેછે. એમ અષો રવાન ગરોસ્માનના દરવાજા લગીનો પંથ પુરો કરે ત્યાં સુધી, એટલે માસીસા લગી, ઉપલા ગાથાના ૯ યઝતો તેના પાળણ પોષણ સારૂ દુધનો મુસાફરી ખોરાક તે રવાનને આપેછે. પછી ૧૩ મંજલ વાળો મીનો પંથ પુરો કરી ગરોસ્માનમાં તે રવાન દાખલ થયું કે બાકીના ૬ યઝતો તે રવાનના ઉધારા માટે "મીનો ખોરાક" આપેછે. એથી માસીસા સુધી તે રવાનની નૈયતે કુતરાંને દુધ નમાવીએ છીએ ને ત્યાર પછી મીનો આકારવાળાં ૧૩ તુર ચાર જાતના ચપટાં ઇજાવીએ

છીએ. ગરોસ્માનમાં પગલું મુકતાંજ બહેશ્તી રવાનો (અવસ્તાના અધુરા ભાગ) તે અષો રવાનને મુબારકબાદી આપી મઈદયો-ઝરેમ ખોરાક એટલે જાડા દરૂન તથા તે પર મુકેલું ઘી કરી "ઇજેલા (ખોરાક)માંનું ચિક્કારાવંતું" તેને આપેછે. આપણાં ગુજરેલાં અતલગ સગાં ઓઆબમાં આપણને જણાતાંએ કુદરાંને દુધ નમાવીએ છીએ. આપણે જે ક્રિયાં પૃથ્વિ પર રહ્યા કરીએ તેવીજ ક્રિયા યઝતો મીનોમાં રહ્યા કરેછે. તેથી તેઓએ ઇજેલી ચીજો માંથી પેલાં અષો રવાનને ગાથાના યઝતો ખોરાક તથા પોશાક આપેછે. એમ ફાની જહાનમાં રવાન પછાડી ક્રિયા થાય તેના બદલામાં ગાથાઓ તેને મીનો ખોરાક તથા સેઆવ આપે. હવે નજુમી પરેઝગારોએ મીનોઈની ખુબી જેમ સદરાના ગળામાં તથા સેઆવમાં મુકી તેમ રવાનની નૈયતના ખોરાકના આકારમાં પણ મુકી. એથી ઉપર કહેલા મીનોઈના અષોઈ વાળા ૪ આકાર-ચક્ર, અર્ધ-ચક્ર, ત્રિકોણ, ને ચોરસ—ની નકલે એ ચારે આકારના

ચપટાંના નંગ તથા આકારમાં નજુમીઓની ખુબી.

ચપટાંનો ખોરાક અષો રવાન માટે બુઝર્ગ ગણાયો. હવે એ પંથના ૧૩ મંજલ મૂળ દીનના દીનદારો માનતા, તેથી ૧૩ નંગ કપડાંના સે-આવની માફક ૧૩ તેર ચપટાં દરેક આકારના રવા રાખ્યાં. હવે એ ચપટાં સીરોઝા, છમસી, તથા વરસી પર કરાય છે. જેમ પહેલા નવ-સેહ આખરે રવાન પૃથ્વિ છોડી ત્રીજા નવસાહ

માસીસા પરજ ચપટાં કેમ.

આખરે માહ પાયાં વાળા પહેલા આસ્માન પર પહોંચે છે: તેમ ચેહારમથી ૯મા નવસેહ આખરે એટલે ૨૭ રોજની મુદત આખરે ખોરશેદ પાયા પર તે આવી રહેછે. (જુઓ ૫૩માં પાને). ખોરશેદ પાયા છોડતાંજ ગરોસ્માન પાયા મૂળ દીનમાં ગણાતું, માટેજ બહેશ્તી રવાન માટે ૩૦મા દહાડે ચપટાંની ક્રિયા થતી, ને તેમ પાછી વરસી પર થતી. હવે ગયો

છમસી મૂળ દીનમાં નહીં.

મરદ તો એવું માનતો કે ખોરશેદની ઉપર પણ ગ્રહો તો છે, ને એક પાયો "અલબરઝ પાયા" પહોંચાય (જુઓ ૪૨મા પાને) ત્યારે ગરોસ્માન આવે. એથી

એણે તે પાયા માટે છમસીની ક્રિયા ચેલાવી. મૂળ દીનમાં તે ન હતી (આફરગાનની નીરંગ).

૩૩ ચપટાંનુ કારણ. જેમ મૂળ દીનમાં મીનોઈ પંથની મંજલની સંખ્યા મુજબ ચપટાંની સંખ્યા હતી, તેમ ઝરથુસ્તે ખોરશેદ પાયા સુધીના ૩ પાયાના માપના હઝારાની સંખ્યા મુજબ ચપટાંનાં નંગ રાખ્યાં. દરેક પાયો ૩૩ હઝાર હાસરનો ગણાતો (જુઓ પાને ૩૨મા) તેથી ૩૩ ચપટાં, ૩૩ ઇંડાં, ને ૩૩ કેળાં તેણે ચાલુ કીધેલાં જણાયછે. એણે નજુમવાળા આકારની ઝાઝી દરકાર ન રાખી હોય, કારણ કે એ ૩૩ ચપટાં ગમે તે આકારનાં કરવામાં હજી આવેછે. હવે એ ભેળ જોઈએ, કારણ કે ઉપલી મીનોની ખૂબી પર કદીમ દીનદારો સફરે જતાં ખેરીઅત માટે બહેરામ યઝતની નૈયતે દરૂન ઈજાવતા (દસ્તુર શાહઝાદની સદ દર-૫૭), તે પરથી સમજાય છે.

ચપટાંની ફરજ. સદરાનાં ગળાંમા રહેલી ખૂબી ચપટાંના આકારમાં છે. ઝરથુસ્તે ગીરેહબાન તથા ગિર્દાના આકારની ખૂબી મંજુરે રાખી તો પછી ચપટાંની ખૂબી કેમ છોડી દીધી હોય?

આ પરથી જણાશે કે મુકલેસ આદમીને જેમ સદરા-કુસ્તી પહેર્યા વગર છુટકો નથી, તેમ રવાનને સેઆવ, તથા ઝરથુસ્તે "મીનો ખોરાક"ના નામે કહેલાં (જુઓ પાને ૭૭ માં) ચપટાં, દરૂન, મેજ કીધા વિના છુટકો નથી. માટે તે કરવાની દરેક ને ફરજ છે.

ચપટાં રવાન માંગે? આપણાં તન તથા કાલબુત એ બન્ને ખોળિયાં (ઝં. ગએથા=મું. ગૈત)માં હોશ એકજ રહ્યાથી જે ઈમાન આપણામાં જીવતાં જીવત રહેછે તેજ ઈમાન મુઆ પછી પણ રવાનને રહેછે, એથી દીનની દરેક ક્રિયા માટે દીનદારનું ફરોહર આગુરદેહ રહેછે. એ રવાન પછી દોઝખી હોય કે બહેશ્તી હોય તોય ઈમાન તો તેજ રહેછે. પર કોમના સુવાવડાં કે કમોતે મરી અવગત થયલાં રવાન તેમનો દહાડો પાણી કોઈ કરતું ન હોય તો તે નહિં કરનારને દુઃખ દેછે, ને જ્યારે તે આદમી ક્રિયા કરે ત્યારે તેમને શાંતિ વળેછે.

મીનો તનની હાલત. માણસ મરી ગયું એટલે તેના બદનની એક ખોલ, સાપની કાંચળી માફક, નિકળી ગઈ એમ ફકત

સમજવું. તેની જાત ન્યાત, પહેરવેશ, બોલી, ગીતભાત એ સૌ જીવતાં જીવત હોય તેજ માફક મુઆ પછી પણ મીનોઇમાં રહેછે. ધાતુ બિગાડના રગે રગ પચી ગયલાં ઝેરે ગુજરેલાં આદમીનું ફરોહર તો તેમાં જેવું જીવતાં સડેછે તેવુંજ મુઆ પછી પણ સડેલુંજ રહેછે ને જેની તે પીડે પીડાતું રહેછે. આવાં રોગિષ્ટ આદમીનું તોખમ પણ રોગી હોયછે તો, તેનુ રોગી ફરોહર તેમાં રહ્યાથી, તેના છોકરાંનાં ફરોહરમાં પણ તે રોગ થોડો ઘણો રહેછે.

યઝદો વરસી. | જ્યારે તદન અપો આદમીનું રવાન ૩૬૦ દહાડે બુલંદ બહેશ્ત પામે છે, ત્યારે શાહુડીને મારી નાખનારનુ રવાન (દર પેઢી ૪૦ વરસે થતી ગણતાં) નવ પેઢી એટલે ૩૬૦ વરસ, યાને યઝદી વરસી સુધી, તર પડતુ નથી (વંદીદાદ–૧૩). તે રવાન ડરામણા જંગલમાં વરૂ જેવું ને વાએ જહાંન પોકારતુ રહેછે, તેથી ચિન્વદ પૂલની એટલે કે ગાથા પંથની પાકીઝાની કરનાર કુતરા તેને દોરવી લઈ જવાથી પાછા હઠેછે. ૧૧મે પાને કહ્યા મુજબ કુતરાંને ૧૪ દાંત છે, ને ૧૪ દહાડા અગાડીથી મરણની અગમચેતી આપેછે. હવે અહુન્વદ ગાથાના ૧૪ યઝત છે. તેથી ગાથા પંથ સુધી સગની પારખાની રહેતી હોય એમ ધારૂંછું. આ યઝદી વરસીનો મત ચાલીસાંના પંથનો છે, કે જેમણે જન્મ પર દાબ રાખી મોત પણ કાબૂમાં રાખ્યું હતું, અને શરીરની તન-દરૂસ્તી સાચવી પોતાનું ફરોહર નિરોગી રાખી અષોઈની કુદરત પર સત્તા મેળવી ઘણીક જાતની ફળ, ફુલ, ખોરાક વિગેરેની બરકતો હાંસલ કીધી હતી. મોટા મોટા મુકામ પર, થતી ક્રિયાઓના દહાડે, પાક રવાન પહોંચે છે તેનું બ્યાન ૫૩)માં પાને શાણો વાંચનાર જોઈ મીનોઈના બીજા ભેદ પણ સમજી શકશે.

પ્રકરણ ૯ મું.

સે-આવ.

સદરો તથા તેનું મૂળ. સુદરેહ-કુસ્તી એ પેલી જહાનમાં રહેતા યઝતોના પોશાક છે, અને તે મૂળ ઈરાનના સરોષની દીનના આજ ૬૦૦૦ વરસ પર થઈ ગયલા કદીમ દીન પાળનારા નજુમી પરેઝગારોના પંથની નિશાની છે. જેમ તોરાવાળા પગમાં રૂપાંના તોરો પહેરે છે, અને કલગીવાળા ફુલની કળગી પાઘડીમાં રાખેછે. તેમ પઓર્યો-ત્કએષ એટલે મૂળ દીનના એ પરેઝગારો મીના પોશાકની નકલે સુદરેહ-કુસ્તી પહેરતા. પણ એક વખતે સરોષ યઝત જમશેદનાં તખતની આગળ આવી પોતાના દિલ પરનો સદરો-કુસ્તી બતાવી તેની મીનો-પસંદ દીન તાજી કરવા ફરમાવ્યાથી (શાહનામુ) તેમજ પાક દીનના પાયો સરોષ યઝત પરજ હોવાથી (દા.પા.-નુ ફરઝયાત નામુ-પાનું-૧૨) એ જમશેદ બાદશાહે મૂળ સરોષની દીન બધી દીનો કરતાં બરતર જોઈ તે પોતે એ પરેઝગારોના પંથમાં રહી પોતાની રૈયતમાંના સઘળા દીનદારો-ને પણ તેમ ચાલવાને ફરજ પાડી (સદ દર-૧૩) ત્યારથી બધા દીનદારો એક સરખાં રીતે સુદરેહ-કુસ્તી પહેરે છે. પણ તેમ થયું તેની અગાઉ મૂળ સરોષની દીનના તેમજ ગયોમરદી દીનના નજુમી પરેઝગારોના સુદરેહ- કુસ્તીમાં બહુ ઉકમાઈને ભેદ ગણાતા તેમના સદરાનુ વણાટ કેટલું ઉમદા હશે તે કુસ્તીના વણાટ પરથી, અને તેમના સદરાનુ કપડું કેવું મુલાઇમ તથા ઝીણું હશે તે હાલ મલમલના ઝીણાં કપડાંના સદરો સેઆ-વમાં ઈજવામાં આવેછે તે પરથી જણાયછે.

સદરો કેનોજ જોઇએ. રેશમનુ કપડું ટકાઉ, શોભિત ને સાફ છતાં તે કીડાના પેટની ગલીચીવાળા રસના તાંતણાનું બનેલું હોવાથી પાક જાનની અષોઈ માટે દીનની ક્રિયાને લાયક નથી (મીનો ખીરદ). એ કપડું જો કે ફરોહરની છાયા (aura) ચુસતું નથી અને સ્રાલેકને ૮૬ અટકાવવાને હલકું ને જોઇએ તેવુંજ છે (અર્દા અને સ્રાલેકનું ...) તોય તે પરેઝગારીના સંબંધે નકામું છે. એજ કુઅષની આફ્રીન) ...

સબબે ચામડાંના જોડા મુકવાદ અગાડી દૂર મુકાય છે, તોય સેઆ-વમાં ઇજાતા નથી.

માજેજે દેખાડતાં પરેઝગારો મુતરાઉ સફેદ કપડાં પહેરતા.

૨ 'પાણી વડે ધરતિમાંથી' થાયછે. વળી તે સફેદ તથા સ્વચ્છ રહી શકેછે, અને તેના તાંતણા દિલનો પરસેવો ઝડપથી ચુસી લેછે તથા તે સારૂ ધોવાઇ શકાય છે. રૂની પાકીએ અપોઈ વધી તથા સચવાઈ રહેછે. 'પાંચે ગાથા મીનોઈમાં સેઆવનું કાંતવું, વણવું, તથા સીવવું કરેછે' (સદ દર–૪૧). એમ ગાથાની ખૂબી પર રૂનો સદરો છે. એ કારણે તેમજ દીન યઝતનો પોશાક સફેદ હોવાથી (મહેર યશ્ત–૩૧) અહુર મઝદી દીનના કે-કાઉશ, કે-ખુશરો, (શાયાવખ્શ જેવા પરેઝગાર પાદશાહો બંદગી કરતા તેમજ મોજેજો દે-ખાડતાં તમામ પોશાક સફેદ પહેરતા (શાહ નામું). એવાંજ કારણે બ્રાહ્મણો જે રૂની જનોઈ બનાવેછે તેઓ રૂવાણી પરથી ફુટેલા રૂ જાતે તોડી લાવી તેને ફિરકી પર કાંતી તેના દોરાની જનોઈ બનાવે છે. ગયો મરદે ઊનનાં કપડાં બનાવવાનો હુન્નર તથા પહેરવાનો ચાલ ઈરાનમાં પ્રથમ દાખલ કીધો (નામ્આએ ખુશરવાં), તોય સદરો તો ઊનનો નહિંજ દાખલ કીધો. ઇસા પેગમબરની કબર અગાડી તેની લાશ પર બે ફરેસ્તા પાસ્બાની કરતા તેમને સફેદજ પોશાકમાં બેઠેલા લોકે દીઠા હતા (John–20).

મૂળ દીનનો સદરો ગાથાની નકલે.

હવે સરોષની દીનમાં તો ગાથાના ૧૪ ક્હાડા હતા તેથી ૧૪ કટકાનો સદરો થતો. ૯ ચીપનું ખોખું, ૨ બાંહે, ૧ ગીરેહબાન, ગીર્દો, તથા ગળાંની પટી મળી ૧૪ કટકે સદરો થતો. આ ૯ ચીપ નક્ષત્ર- ચક્રના ૯ ભાગ ચાલીસાંવાળા પંથી પાડતા તેની ખૂબી પર ધારેલું. ઘણાક ચીપને ગણત્રીમાં ન લેતાં ૧૩ કટકા કુલે ગણેછે તે ૧૩ મંજલના મીનો પંથને નમુને સદરો ને બહેસ્તના માપની નકલે કુસ્તી ગણેછે. એમ ગાથા તથા બહેસ્ત માટે સુદરેહ-કુસ્તી બોલાયછે પણ કુસ્તી-સુદરેહ બોલાતું નથી.

સેઆવનો વાગો મીનોઈ પંથની નકલે

હવે સેઆવના આખા વાગાને અવસ્તામાં "વસ્ત્ર" કરી કહ્યો છે, તે મીનો પંથની ખૂબી પર છે. હવે મીનાઇ પંથ

૧૬ મંજલનો છે તેથી સેઆવનો વાગો પણ ૧૬ કપડાંનો ઇજાયછે. વસ્ત્ર અને વાગો (=ઝં. વહ્હ્રન=સં. વસન=પોશાક) એ બન્ને બોલ એકજ ધાતુ (ઝં. વહ્હ્=સં.-વસ્=પહેરવું) પરથી નિકળ્યા છે ને તેમનો અર્થ કપડું નહિ પણ કપડાંનો વાગો થાય છે.

સદરો ગાથાની નકલે.

જેમ ગાથાના પાંચ દહાડાની નકલે આપણો હાલનો સદરો ૧ ખોખું, ૨ બાંહે, ૧ ગીર્દો, તથા ૧ ગીરેહબાન મળી પાંચ કટકાનો છેઃ તેમ સદરાનું ગળું નક્ષત્ર-ચક્રની નકલે છે. મૂળ સરોષની દીનમાં ૩ દહાડાના એક નવ-સેહ ને ૯૦ દહાડાનો એક નવસેહ માહ ગણાતો. આ નવસેહ

સદરાનું ગળું નક્ષત્ર-ચક્રનો નકલે.

માહને અવસ્તામાં "ઝરેમય" કરી કહ્યો છે (વંદીદાદ-૧૮). માટે આખાં નક્ષત્ર-ચક્રમાં ચાર નવ-સેહ માહ સમાતા. હવે જો મૂળ યથા પઢનારા નજુમીઓ ચક્રના ચાર સરખા ભાગ પાડી તેના પહેલા ત્રણ ભાગને સીધી લીટીએ જોડતા તેમ જોડીએ તો બરાબર "ગીરેહબાન"

ગીરેહબાનમાં નજુમની ખુબી.

(=ઝ. ગરેવ-ગરેવાન્=ગર્ભો, બહેશ્તના ગર્ભો, હિરણ્ય-ગર્ભ) નો આકાર થઇ રહેશે. એમ ગીરેહબાનના આકારમાં ૩ નવસેહ-માહ એટલે ૯ મહીના આવે છે તેથી તેટલા મહીના સુધી જો કોઈ સદરો-કુસ્તી ન પહેરે તો તે જુદ-દીન જેવો ગણાયછે. (વંદીદાદ-૧૮).


ગીર્દામાં નજુમની ખુબી.

હવે બાકીનો નવ-સેહ માહ નક્ષત્ર-ચક્ર પર રહ્યો તેનો આકાર મઝદયસ્નની દીનવાળા ગીર્દાને મળશે. એમ ગિર્દો (=ઝં. વરેત=ઘેરાવો) એક નવસેહ માહનો થયો, ને ગરિહબાનમાં તો ૩ નવસેહ-માહ આવ્યા તેથી ગીર્દા કરતાં ગીરેબાન વધારે બુઝર્ગ ગણાયું. આથી તેમજ સદરો-કુસ્તી તો બહેશ્તની ખુબી પર છે એમ મનાયાથી (યશ્ન -૫૪) ઘણાક દીનદારોના સદરા પર ગીર્દો હોતો નથી.

બૈરાંના સદરાંમાં ગીર્દો ન રાખવાનો.

તેમાં બૈરાંના સદરામાં તો ગીર્દો ખસૂસ રખાતો નથી, કારણકે એ છેલા નવસેહ-માહમાં તો મોટા મહીના તથા ગાથાના પૂણ્યવંતા દહાડા આવેછે, ને

બૈરાંને દસ્તાનના વખતમાં તો "નસશ દેવનાં" ગહમામાં રહેવું પડેછે. માટે તેમને સદરે ગીર્દો રાખવામાં નથીજ આવતો. ગીર્દો કદીમ મૂળ દીનના પાંચ બોલ વાળા મૂળ યથા મુજબ છે. એ મૂળ યથા ગાથા તરીકે હતો. માટે ગીર્દો પણ ગાથાની એટલે ગાથા પંથની ખૂબી પર છે. પરેઝગાર દક્ષિણ તરફ મો કરી ભણેછે તેથી તેમજ નક્ષત્ર–ચક્ર પર દક્ષિણે બહેશ્ત ને ઉત્તરે ગાથા છે માટે ગળાંમાં પણ ગીર્દો પીઠ પર રખાય છે. જેમ એ આકૃતિમાં ગીરેહબાનનો આકાર જતાં બાકીનો આકાર ત્રણ ખુણાનો છે: તેમ ગીર્દો પણ ત્રણ ખૂણાનો છે: જેમ આખાં રાશિ–ચક્ર કે નક્ષત્ર-ચક્ર માટે સુદરેહ–કુસ્તી છે: તેમ આખાં નક્ષત્ર–ચક્ર માટે ગીરેહબાન તથા ગીર્દો છે. ગીરેહબાનમાં ઉપર બતાવેલી નજુમીઓની ૩ નવસાહવાળી ખૂબી રહ્યાથી તેને ધરી



ગીર્દો ચપટો ને
ગીરેહબાન સમ
ચોરસ નહિં તેનો ભેદ.

દીવાનો નમસ્કાર કરતાં સર નમાવી પઢીએ છીએ. હાલ આપણું ગીરેહબાન મઝદ યશ્નની દીન મુજબ ચોરસ નથી. ગીરેહબાન પહોળાઇ કરતાં લંબાઈમાં શહેજ વધારે છે તે ગયો મરદી દીન મુજબ છે. રાશિ–ચક્રમાં ગાથાધંબાર, મેદયોશેમ, પેતે-શહેમ, તથા મેદયોરેમ ધંબારોને એક ઉભી લીટીએ જોડતાં હાલના ગીરેહબાનનો આકાર થઈ રહેશે, ને બાકીનો આકાર તે ગીર્દાના રહેશે. ગીરેહબાનની ડાબી બાજુ ૧૦૫ દહાડાના, નિચલી બાજુ ૭૫ દહાડાના, ને જમણી બાજુ ૧૧૦ દહાડાના માપ મુજબ છે. હવે ગીર્દો ત્રણે ખૂણે સરખો નથી પણ બહુ ચપટો છે. એનું કારણ એ છે કે સ્પિતમના ફિરકાવાળા દીનદારો નક્ષત્ર–ચક્ર ૨૦ નખેતર-નું ગણતા ને તેના પાંચ ભાગ પાડતા. તેમાં ૭૨ નવસાહવાળા ૩ ભાગ ગીરેહબાનમાં સમાતા, ને બાકીના બે ભાગ ગીરર્દામાં આવતા. માટે ગયો મરદ એ ફિરકામાં રહ્યાનું સંભવેછે. ઝરથુસ્તે જ્યારે

૧૬ સ્વર તથા ૧૬ વ્યંજનવાળો યથા રવા રાખ્યો છે ત્યારે આ ગીરેહબાન પણ રવા રાખ્યું એમ જણાયછે.

મૂળ દીનની કુસ્તી નક્ષત્ર ચક્રના નમુને.

મૂળ સરેષની દીનની કુસ્તી બહેશ્તની તેમજ નવ-સેહના પાયા પર નક્ષત્ર-ચક્રની નકલે હતી. ગયો મરદે નક્ષત્ર-વરસને બદલે આફતાબી સાલ ચલાવ્યું, તેથી તેણે રાશિ-ચક્રના નમુને કુસ્તી બનાવી. કદીમ દીનદારોના મત મુજબ ગ્રહ-મંડળમાં સોમ ઉપગ્રહ પહેલો ગ્રહ ગણાતો,

ગયો મરદની કુસ્તી રાશિ-ચક્રના નમુને.

અને તે બારે રાશિ દર મહીને ફરી વળેછે. એથી ઝરથુસ્ત (સોમ=) હોમ યઝતને કહેછે કે " માઝદ-યશ્ની દીન મુજબ મીનોઈ બનાવટ તથા શિતારાના બનતરવાળી કુસ્તી અહુર મઝદે પ્રથમ તને પહેરાવીછે." (યશ્ન-૯). ૨૮ નખેતરો ગણનારા નજુમીઓ જેમ દરેક નખેતરના ૬ ભાગ પાડતા, ને તેમ કરતા તે " જસમે અવઙહે" ના હરફોની સંખ્યા (૨૮×૬=૧૬૮)ના બંધારણ પરથી જણાયછે: તેમ ગયો મરદ તથા તેના ફીરકાના આલેમો એ ચક્રમાં ૧૨ બુરજ યાને રાશિ ગણતા, અને દરેક રાશિના ૬ ભાગ પાડતા, ને તે દરેક ભાગને ધંબારિયું કહેતા. એ ધંબારિયું (=ઝં.-રતુ) ૫) પાંચ દહાડાનું થતું, માટે રાશિ ચક્રમાં ૭૨ ધંબારિયાં (term.) આવતાં. માંડિયાના દીનદારો જોડમાં પાયો, જોર, તથા ખૂમી માનતા. એથી દરેક ધંબારિયાંના અઢી અઢી દહાડાના બે અઢિયાં થતાં. આ ૭૨ ધં-બારિયાં માટે કુસ્તામાં ૭૨ તારછે. એ ધંબારિયું જોડ-અઢિયાંનું હોવાથી એ દરેક તાર બેવડ કાંતેલો બે તારી છે. અઢિયાંમાં ૧૨ ગેહ આવેછે તેથી અઢિયાં મુજબ તાર રાખ્યો છે.

૩ આંટામાં નજુમના ભેદ.

મૂળ દીનની કુસ્તીમાં ૩ આંટા રહેતા તે ગયો મરદે પણ રહેવા દીધા ને તેમાં નજુમની ખૂબી સમાવી. કુસ્તીનો પહેલો આંટો કમરે સલંગ રહેછે તે બારે રાશિ ખોરશેદ ફરી રહ્યાથી વરસ થાયછે તે દીનના ધંબા-રીવાળાં વરસ માટે છે. બીજા ભાગના ૧)લાં પ્રકરણમાં આફતાબના દોરની બતાવેલી આકૃતિમાં જોતાં જણાશે કે અગાડી એક ગાંઠ વાળો બીજો આંટો તીર્યાન સાલ માટે છે. અગાડી એક

આંઠ ને પછાડી બે ગાંઠ વાળો ત્રીજો આંટો ઉત્તરાયન તથા દક્ષિણાયનના ચક્ર માટે છે. એમ એકજ રાશિ-ચક્રમાં જુદા જુદા ૩ દોર હોવાથી આખી સલંગ કુસ્તીના ૧ નહિં પણ ૩ આંટા ક્રમરે રાખવા પડેછે.

કુસ્તીના આગલા બે ગાંઠનું કારણ.

કુસ્તીના બીજો આંટો અગાડી ગંઠાય છે એટલે કે દૂટી પર પહેલો ગાંઠ મરાયછે તે તીર્યાંન સાલના બે છેડા મેદ્યો-શેમ ધંબાર અંગાડી ઉત્તરમાં મળેછે તેને માટે છે. હવે એ ત્રીજા આંટાનો ગાંઠ અગાડી મરાય છે ને કુસ્તીના બન્ને છેડા પછાડી બે ગાંઠે ગંઠાયછે. તીર્યાંન સાલના અરધો અરધ બે ભાગ તે ઉત્તરાયન (=ઝ. હાંમિન)તથા દક્ષિણાયન (=ઝ. ઝયૂમ)છે. મેદ્યો-શેમ ધંબાર અગાડી ઉત્તરાયનની આખર ને દક્ષિણાયનની શરૂઆત છે.

પછાડીના બે ગાંઠનું કારણ

તેથી બીજો ગાંઠ દૂટી પર મારવામાં આવેછે. હવે મેદયારેમ ધંબાર આગળ દક્ષિણાયનની આખર ને ઉત્તરાયનની શરૂઆતના બે છેડા મળેછે, તેમજ રાશિ-ચક્રના ૧૨૦ નુક્તાવાળા બે સેહ, યાને આંરકાં, જ્યાં મળે છે, તેને માટે કુસ્તીના બે છેડા બે ગાંઠે ગંઠાયછે. મેદયારેમથી મેદ્યો-ઝરેમ સુધીના ૧૨૦ દહાડાનું એક આરકું અને મેદયો-ઝરેમથી મેદયો-શેમ સુધીનુ અરધું આરકું હજી આપણી ઝરથુસ્તી દીનમાં છે.

શ્યોથનનાંમ બોલ પઢતાં આગલા ગાંઠ વાળવાના નજુમના ભેદ.

હવે આ ગયો મરદવાળી કુસ્તી તેના ખાસ આંકડા ૧૨)ના પાયા પર હોવાથી આપણુ અહુર મઝદ બોદાય પઢી રહી કદીમ મૂળ દીનના નક્ષત્ર-ચક્રની નકલના યથા અહૂ વેર્યોન૦ ૧૨)મો બોલ "શ્યોથનનાંમ" પઢતાં અગાડીના પહેલો ગાંઠ વાળી પાછો બીજો યથા અહૂવેર્યોનો એજ બોલ પઢતાં બીજો ગાંઠ બાંધીએ છિયે. કોઈ પણ વણાતી કપડાંના તાણાના બે છેડા હોયછે, પણ કુસ્તીના તાણો તો રાશિ-ચક્રના નમુને ગોળ ચક્કર હોયછે. એથી દીનની પાકી સમજનાર ગોરાણી જેવી અષો દિલાની આરતે વણેલી કુસ્તીને મોબેદ પરહેઝી તેના તાણાના બે છેડા જુદા કરતાં મોબેદ એજ બોલ પઢતાં તેના કાપી જુદા કરેછે, કારણ કે રાશિ-ચક્રના બે છેડા ત્યાં પડેછે.

મઝદ-યસ્ની દીનમાં એ ગાંઠ બીજી ખૂબી પર વળાતા તે નિરંગ કુસ્તીની બાબતમાં ૧૨) માં પ્રકરણમાં જોવાથી જણાશે.

લડ વણેલા નહિ પણ ગુંથેલા કેમ.

ગયોમરદ આખાં રાશિ-ચક્રના ૩ ભાગ પાડતો. એ ત્રણે તેમજ દરેક ભાગ "સેહ" કરી કહેવાતો. ચાર બુરૂજ યાને ચાર રાશિનો એક સેહ થતો, ને એક બુરૂજમાં ૬ ધંબારિયાં આવતાં. આ સધળા—સેહ, બુરૂજ, તથા ધંબારિયાં—એકમેક જોડે મળીને આખો દોર થાય છે તેની નકલે કુસ્તીના લડ ગુંથેલા છે.

૩ લડી તથા ૪ લટીનું કારણ.

૩ સેહ માટે ૩ લડી, ૪ બુરૂજ માટે ૪ લટી, ને ૬ ધંબારિયાં માટે દરેક લટીમાં ૬ તાર છે. એમ ૭૨ ધંબારિયાં માટે ૭૨ તારની કુસ્તી, ને "પંજીએ સેહ" નામે બુઝર્ગ ગણાતા (ઝં. રતુ-ખ્ષથ્ર) ૭૩મા ધંબારિયાં માટે સદરો છે(સદ દર-૪૧). આવી બનાવટની કુસ્તી ગયોમરદના ફિરકા વાળા પરેઝગારો પહેરતા ને હાલ પણ અષો મોબેદ તથા ઘણાક પરેઝગારો પહેરે છે.

ગયોમરદનો કુસ્તીમાં જમશેદે કીધેલો સુધારો.

હવે પાદશાહ જમશેદ તો પેશદાદી ખાનદાનમાં રહ્યા છતાં ઇરાની પરેઝગારના તોખમનો મગરૂર રહ્યાથી મૂળ દીન કબૂલ રાખી કદીમ દીનવાળાં ચાલીસાંના પંથમાં રહી, પોતાના ૧૨-જમ-કર્દ ગુરૂામાં "મઝદયશ્ની દીન" ચલાવી (વંદીદાદ-૨). એ દીનદારો નક્ષત્ર-ચક્રના ૩ મોટા ભાગ પાડતા, ને તે દરેક ભાગના પાછા ત્રણ વિભાગ ગણતા. એ દરેક વિભાગમાં એક ચાલીસું આવતું, ને એક ચાલીસાંમાં ૮ ધંબારિયાં સમાતાં. આ ગોઠવણ પર એ દીનદારોએ કુસ્તીનું બંધારણ રાખ્યું. એમ ૩ લડ, દરેક લડની ૩ લટી, ને દરેક લટીમાં ૮ તાર તેમણે રવા રાખ્યા. એમ મૂળ દીનના નક્ષત્ર—ચક્ર, કુસ્તી, તથા ૩ નવસેહવાળાં બરશ્નુમની માફક, રાશિ—ચક્ર, કુસ્તી, તથા બરસમ એક બીજા સાથે પાસો પાસ સંબંધ રાખેછે, તેથી તે દરેક "અઈવિ—આઓિંહન"ના નામે અવસ્તામાં ઓળખાયછે.

બરસમ તે યઝતી કુસ્તી.

ગયોમરદવાળી બરસમ પણ ૭૨) ત્રીજ ખૂબી પર છે. ઇજશ્ને વંદીદાદ કરતાં મોબેદ ખજુરીનાં છટિયાંના

"૭" રેષા કાઢો તેની દોરી વણી હોમ, દાડમડી, કે ગજની "પાંચ" ડાંખલીને યા તો એ ભાગોની અમરતા માટે રૂપાંના પાંચ તારને તે દોરીથી બાંધી હાથમાં ધરીને બાજ ધરેછે. રાશિ-ચક્રના ૭૨ નુકતાવાળા "પાંચ" ભાગ તેને ૭૨ ધંબારિયા એટલે યઝતી (=૧૨ના માપવાળા) ૬ તારથી, કુસ્તીની માફક, બાંધેછે.

કુસ્તીનાં બે ચકરડાં કરવાનું કારણ.

રાશિ-મંડળની શરૂઆત ગયો મરદ ડાબા હાથ તરફથી મેષ એટલે ફરવર દીનથી ગણતો, કારણકે ગ્રહો પોતાના દોરમાં પશ્ચિમથી પૂર્વ તરફ ફરેછે, એ માટે તે વરસની શરૂઆત ફરવરદીન માહથી ગણતો. પણ મહેર-પરસ્ત દીનદારો, મહેર મહીના એટલે તોલા રાશિથી ગણતા. એમ એક રાશિ-ચક્રમાં બે તરેહના જુદાંજુદાં પણ સામસામી રાશિવાળાં વરસ ગણાતાં. એવીજ રીતે મૂળ સરોષની દીનમાં તીર્યાન સાલ તથા દએ સાલ ગણાતાં. માટે તેમની યાદ માટે કુસ્તીના વચલા ભાગના બે ચકરડાં સામસામાં કરી "અહુર મઝદ ખોદાય" પઢતાં એકેકું ચકરડું દરેક હાથમાં રાખવાની રસમ ચાલુ રહી. હવે જમશેદ પાદશાહ પોતે તો જે દહાડે આફતાબ મેષ રાશિમાં આવતો તે દહાડે જમશેદી નો-રોઝ ગણતો, પણ જેમ

ડાબા અંગુઠામાં કુસ્તી ભેરવવાનું કારણ.

જમશેદ પછીના પાદશાહોના દરમાં દોષંગી દીન પળાતીઃ તેમ જમશેદની અગાડી પાદશાહી ખાનદાનમાં મહેર-પરસ્તેશ રહ્યાથી મહેર પંથીઓનું "સુલતાની નો-રોઝ વાળું સાલ" ચાલતું. એથી એ વરસના બન્ને છેડા જમણી તરફ તોલા રાશિ ગમ મળતા. આ કારણે કેમના મઝદા પઢી રહેતાં સુધી "ડાબા હાથના અંગુઠામાં" છોડેલી કુસ્તી પોરવી તેના છેડા સરખા રાખી જમણા હાથે પખોદતાં સુધી કુસ્તી ધરી રાખવાની રસમ પેશદાદી દીનદારોમાં પણ ચાલુ રહી. રોગ-શાંતિના

કુશ્તી પખોડવામાં અંતર ખૂબી.

પ્રયોગમાં મેઝમેરિઝમનો ખેલ કરનાર 'આરામ થાઓ' એવા સંકલ્પ (Will-force) થી પોતાનો સબળ (positive) વિજળીવાળો જમણો હાથ રોગીના માથાથી પગસુધી ફેરવી કશાંને ન લાગે તેમ તે હાથ ખંખેરી

નાખી રવાનના નુરમાં ભેળેલો વળગાડ કાઢી નાખેછે. તેજ મુજબ પરેઝગાર 'માંથ પઢી' દરદી પર ઉંચેથી નિચે જમણા હાથ ફેરવી ટચાકડી ફાડેછે (જુઓ પાને ૫૦માં). તેની નકલ આપણે દુઆ પઢી રહી ગીરેહબાન ડાબા હાથે ધરી જમણા હાથે મોં પર હાથ ફેરવી 'યઝદાંની પનાહ બાદ' (=ખોદાનો આસરો હોજો) બોલતા તેમ કરીએ છીએ. એવીજ ખુબી ડાબા હાથના અંગુઠામાં કુસ્તી પોરવી જમણા હાથે તેને પખોડવામાં રાખેલી જણાયછે. એમ કુસ્તી ઝટકીને પખોડવાથી 'દિલની ન જણાતી બલા પખોડી ઝટકીને બહાર કાઢી નાખીએ છીએ.'

મહેર—પરસ્તેશ કયા મહેરની. ઇરાની પરેઝગારો તો ગ્રહોને "અવાખ્તરાંન" કહી તેમને દુઃખદેણ માનતા (મીનો ખીરદ); તોય મેહઆબાદ દસ્તુર તથા તેના ફિરકાવાળા દીનદારો ગ્રહોની તાસીરમાં આદમીના સુખ તેમજ દુઃખનું મૂળ ગણી ગ્રહ પૂજા કરતા (દબેસ્તાન). તેથી મીડિયાના દીનદારો તો એવું માનતા કે જમશીદ મહેર યઝતને પેશદાદી રસમ મુજબ આરાધતો તે 'મહેર' યઝત કે નખેતર નહિં પણ મહેર (=શુક્ર) ગ્રહને આરાધતો, ને તેજ મુજબ દસાતીરનો લખનાર પણ ભુલવાયો છે.

કુસ્તી [illegible]ળી કેમ. હવે ગયો મરદ વાળી દીનની કુસ્તી દોરી જેવી નથી. તેમજ વણેલી છતાં નાડાંની પટી જેવી પણ નથી, પણ અંદરથી પોલી ને છેડેથી બંધ તથા સજ્જડ ગાંઠેલી છે.

નખેતરોની નાડી. મારા અંતર જગત પ્રવાસના ૨૦૪મા પાને સમજાવ્યા મુજબ જમશીદ પાદશાહના મુરીદ બાદીને કહ્યું છે તેમ (ઝિન-દેહ રોદ—પાનું ૧૨૯) મહેરપંથી નજુમી સાલેક જગતના ગોળાને "મેહમર્દ" (=મોટા મરદ) નું રૂપ આપતા, અને એ ગોળાની નકલે બરડો ઉલટો વાળી પગને માથું લગાડી ઉગમણું મોં રાખી દમ બાંધીને સુતા. હવે માણસના શરીરમાં જ્યાં જોઇએ ત્યાં તંતુ તથા નાડીના ફાંટા આવો રહ્યા છે. એમજ ગ્રહો ફકત રાશિ-મંડળમાંજ હોય છે, પણ નખેતરો તો જ્યાં જોઇએ ત્યાં જગતમાં છે. માટે રાશિ-મંડળ, નખેતરો, અને સ્થિર તારાઓને એ નજુ;

મીઓ નાડી-મંડળ તથા તંતુ-મંડળનુ રૂપ આપતા (દસાતીર-જમશેદ). સરોષની મૂળ દીનના નજુમીઓ નખેતરોની ૨૭ નાડી ગણુતા. એ નાડી-ચક્રના ૯ ભાગ પાડતા. એ દરેક ભાગમાં ત્રણ નાડી આવતી ને તે ભાગ "સેહ" (=૩) કરી કહેવાતો. એમ આખાં ચક્રમાં નવ સેહ થતા. આ સેહના ૩ નાડીઓ આદ્ય, મધ્ય, ને અંત્ય નાડી કરી કહેવાય છે. એ ૯ સેહ એક બીજા સાથે એવા ગંથાયા છે કે એક બીજા સેહની આદ્ય નાડી આદ્ય જોડે, ને અંત્ય અંત્ય જોડે જોડાજોડ આવે છે. હવે જેમ નાડી પોલી હોય છે ને તેમાં લોહી જોડે આપણું રૂરોહુર ફરતું રહેછે (પ્રવાસ-પાનું ૧૭૮): એમ, મેહ.મરદના બદનની નાડીની નકલે, આપણી કુસ્તી પોલી છે, ને તેમાં .પાક જાનનું નૂર રહેછે.

જશનમાં પઢવા અષો મોબેદાનું કુંડાળુ એજ નાડી-ચક્રના નમુને જશનની ક્રિયામાં પાક રોશન આતશની આસપાસ મોબેદો ગોળ ફરતા પેવંદ વળગી ખડે પગે ઉભા રહી ન્યાયશ કરેછે, તેથી એક બીજાના પાક તનની વિજળી આખાં કુંડાળાંમાં ફરતી દોડયા કરે છે (પ્રવાસ- પાનું ૨૧૯), અને એક બીજાના આંગળાંમાંથી ઝરતાં રવાનના નૂરે (aura) કુદરતી કષ ખેંચાવાથી પાક જમીનની હદ બંધાયછે. મેઝમેરિઝમનો ખેલ કરનાર જે આદમીમાં પોતાના બદનનુ નૂર ઉતારેછે તેના હાથના અંગોઠા પોતાના અંગોઠા તથા તેની પાસેની આંગળી વચ્ચે રાખી સ્થિર વીધી નાંખે તેવી નજરે તે આદમીના ડોળા પર જોયા કરેછે ત્યારે ઝીણાં ભડકા એ ખેલ કરનારના મુખની આસપાસ તે આદમી જોઈ શકેછે. (પ્રાણ-વિનિમય).

કુસ્તી ઊનનીજ તથા ભુરા રંગનીજ જોઇએ તેમાં ભેદ. હવે કુસ્તી ઊનનીજ જોઈએ ને તે ઊન પાછુ રાતા, કાળા, કે કાબરચિત્રા રંગનું નહિ પણ ભુરા પીળચટા કે સફેદ રંગનુ જોઇએ. ભુરો રંગ દરૂજની અસર પાછી પાડી પોતાની પાકી જાળવી રાખે છે. એ ઊન ઘેટાંનુંજ જોઇએ કારણ કે નખેતરોની નાડીની નકલે કુસ્તી છે. હવે નખેતરો તો હમેશ અષોઇ ભરેલાં છે, માટે તેવાં અષો જાનવરની નાડી જોઇએ પણ તે નાડી તો નસો હોય

તેથી અષોઇવાળાં ઘેટાંના ઊનની નાડી આખર કુશ્તી રૂપે બનાવી. ઊન એ ઘેટાંમાંથી પેદા થતી પાંચ ચીજ (=પંચ-અવિક)માંની એક છે, ને એ ભુરૂં ઊન નખેતરોની રોશનીના રંગને મળતું છે. હવે આ પ્રાણી એવું તો રાંક છે કે સાલેકની રીત મુજબ મરતાંને મર કહેતું નથી. એ સિવાય બીજા કોઈ પ્રાણીને દિલમાં વિકાર લાવી મારી નાખી તેનુ મુડદાળ ગોશ્ત ખાઈને કે નજીસીમાં ફરી દુષ્ટ ખોરાક ખાઈ પોતાના તે ખોરાક વડે ઉત્પન્ન થતા ગંદા પરસેવા વડે એ ઊનને ઝેરી કે અવગુણ વાળું કરી શકતું નથી. આ સબબે તેનું ઊન રવાનની પાકી જાળવવા સારૂ સરસ સાધન છે. આપણું શરીર લોહ–ચુંબકના પુતળાં જેવુંજ છે. જેમ લોહ–ચુંબકના છેડાઓ માંથી તેનુ નૂર ઝર્યા કરેછે: તેમ આપણા તનના છેડાઓ–હાથના તથા પગના આંગળાં; આંખ, મોં, માથાં–માંથી રવાનના નૂર Animal Magnetism)ની છાયા (aura) ઝરતીજ રહે છે. તેને ઊન તથા રેશમ પોતામાં ચૂસી લેતુ નથી, તેમજ પાક હાથનું નૂર કુશ્તીના પોલાણમાં રોજ રોજ એકઠું થતું રહેછે. તે તેમાંથી ઝડપ-થી નિકળી જતું નથી, કારણકે તેના છેડા સજડ બંધ રહેછે. હવે પાછું, રંગથી મળતી પાકી માટે ઇરાનીઓમાં પિશંગ એટલે ભુરો-પીળો (યશ્ન–૯) અને ખાલ્ડિયનોમાં રાતો રંગ વખણાતો.

<u>વાળના ગળમાં ગુણ.</u> ઊન તથા વાળના રંગમાં શું ખૂબી હશે કે તીર યશ્ત–૬મી વરસાદને બાંધનાર "અપઓશ" દેવને વાળ વગરની પીઠ તથા વાળ વગરનાં પુછડાં વાળાં કાળા ઘોડાનુ રૂપ આપ્યુંછે, કે જે એબને લીધે તે તીર યઝતથી છેવટ હાર ખાયછે. વાળમાં આવા ભેદ રહ્યાથી પરેઝગાર પોતાના આસનમાં પીળાં ઊનનો ચાકળો રાખી તે પર બેસીને પઢેછે. પ્રાચીન ઋષિઓ "બકરાના બાલની" ચાળણી વતે હોમનો રસ ગાળીને દારૂ બનાવી પીતા. બાલ સાધારણ નસો એટલે મુરદાર ચીજ ગણાયા છતાં "અષોઈ સાથે" પાળેલા તનદરૂસ્ત સફેદ વરસિયાના પુછડાંના બાલ ના ગળમાં કેટલો ગુણ હશે કે, હિંદુઓમાં દર્ભની પાવિત્રીની માફક હજી તેના ૩) યા ૫) બાલની વીંટી બનાવી હોમના પાણીમાં તેના

વરસિયાના બાલન વીટી હોમના પાણીમાં રાખવાનો હેતુ.

૫૮ ઉતરતાં સુધી તેને રાખી (વિસ્પ ૨૬–૧૧) તે પાણી ઇજને ઓએદ પીએછે! પેશદાદી દીનની રસમ મુજબ મરકીના વખતમાં ભોગ આપી શેતાન્યત દર્ફે કરવા જઅશેદ "રાતા" રંગનુ ગોસ્પદ હલાલ કરાવતો (સદ દર–૧૦૦) અને તેના ગોશ્તના ખાણ-ની ચાશ્ની દીનદારોમાં કરાવતો (યસ્ન–૩૨). રીમની ઉતારવા યહુદીઓ "શુધ્ધ રાતા વાળની" વાછરડી હલાલ કરાવી તેને બાળી તેની ખાક જીવતાં પાણીમાં નાંખી તેમાં જોફા બોળી તે પાણીએ રીમન થયલાને નહવાડતા (Numbers–19).

વાળના કસમાં રહેલી આ ખબી સિવાય તેના પહેરવેશમાં વળી બીજો ગુણ રહેલોછે. ઇરાની પરેઝગારો અંતઃકરણ પર નજર ચોંટાડી પોતાનો હોશ સુધારી ફકત ઉત્તમ પરેઝગારીએ ગેબ જાણતા, પણ યઝદાનીઓ તો સલુકની રેયાઝત વડે તાજુબી ભરેલી ગેબી શક્તિઓ પોતાના ફરોહરને સત્તામાં રાખી મેળવતા.

શરૂઆતમાં સલુકની રાહે દમ બાંધતા થતી પીડા.

એમ પરેઝગારીની ખૂબી ફકત પરહેઝીથી પુરેપુરી દેખાતી નથી. એથી પરેઝગાર "પહેલુ" શાહેરના પહેલવી સલુક મુજબ ચાલનાસ મહેર–પંથીઓની માફક સલુકની રાહે ચાલી દમ બાંધવાનું શિખી સમાધિ નિદ્રામાં (વિસ્પરદ–૮) રહી પોતાનું પાક ફરોહર શરીરની બહાર કાઢેછે. એ ફરોહર જમીનપર ન રહેતાં માછલીની માફક હવામાં કે આકાશમાં અધ્ધર તર્યા કરેછે. જે આદમીઓને તેણે મળવું હોયછે તેઓના ફરોહરો પણ તેવીજ રીતે તરતાં મળેછે ને સઘળી વાત ચીત કરેછે (પ્રવાસ–પાનાં ૯–૧૦ ટીકા), ને એવી રીતે ફરોહર રહેછે તે પાદશાહ લોહરાસ્પ આતશની ન્યાયશ કરતો તેની હમ- જાત જોડે તેની તસ્વીરમાં બતાવ્યો છે તેપરથી જણાય છે. મેસ્મેરિઝમની છેલી બે સ્થિતિ વિશ્વ-દૃષ્ટિ (Clairvoyance) તથા પ્રત્યગ્દૃષ્ટિ (Ecstacy) છે. એ અવસ્થામાં ફરોહર તનથી છુટું થઇ આકાશમાં ફરેછે ને અગમ નિગમ સર્વ કહેછે. તેજ મુજબ એ તનથી જુદુ પડેલું ફરોહર મીનો આલમના ભેદ તથા ત્યાંના દેખાવ રૂસ્તમના બાપ જાલને તરબિયત આપનાર સીમુરગ હકીમની માફક (ઝરે દશ્ત આફસાર) જાતે જોઇ

શકેછે. "દેવ દરૂજ તથા ફરોહરની" બારીક બાબત પુરતી સમજી શકેછે. મહેર-પંથી યઝદાની શિખાઉ સાલેક જમણું નસ્કોરૂં બંધ કરી દમ ઉપર ખેંચી મહેર રોજ ૧૬મા રોજ હોવાથી યઝદાંનું નામ "૧૬ વાર" મનમાં બોલતા, પછી બન્ને નસ્કોરાં બંધ કરી દમ ઉપર ખેંચી ચોગણી વાર એટલે ૬૪ વાર તે નામ બોલતા, પછી ૩૨) વખત યઝદાંની યાદ કરી જમણાં નસ્કોરાંમાંથી દમ નિચે ઉતારતા, પણ નજર તો નાકની દાંડી પર બંધ આંખે તાકી રાખતા (દબેસ્તાન). પણ એમ ઉંડા દમે મગજને એજમત ભરેલું (magnetized)કરતાં કે બહુ દમ તાળવે ચઢાવતાં શ્વાસ-ક્રિયા ઉલટી ચલાવવી પડેછે તેથી વખતે નબળાં માણસની હોઝરી ખસી જાયછે જેને સાધારણ રીતે ગાંઠ ખસી કરીને કહીએ છીએ, બાદી, પેટનું ફુગાવું (Dyspepsia), મગજે સરદી ને સળખમ તથા નળ વાયુ થાયછે. * પહેડુમાં આંતરડાં

---

* સલુકની રાહે છુપી રીતે ચાલતા આવી પીડાએ કામેલ મુરસદના ઈલાજ વગર કર્તાના મોટા બાર્મએ ઉમ્મરનું ચાલીશું હજી ગુજાર્યું નહિં એટલામાં તો પોતાનો પ્યારો જાન ૫-૪-૧૮૮૯ના રોજે ખોયો. પ્રથમ તેણે શરાબ તથા ગોસ્તના ખાન પાન હરામ ગણ્યાં, પછી મસાલાના તેજ ખાનપાન તજ્યાં, ને રાવની-એબાદત "નીસ્ત હસ્તી બ-જુઝ યઝદાં" (=નથી હૈયાતી સિવાયે ખોદા) ઇમાનના પહેલા કાયદાના એ બોલો વડે પદ્મ આસને બેસી કરવા માંડી. દિવસે શિક્ષકની નોકરી, રાતે અનેક શાસ્ત્રોના અભ્યાસ તથા આ એબાદતના ઉજાગરાએ તબીયત કબ્જેમાં ન રહી. ફરોહર વિષે પાકું જ્ઞાન મેળવ્યાથી પોતાના ફરોહરની પાકી માટે તેના દિલે એટલી તો અરે હતી કે હરામ ગણાતી ચીજ આરામ માટે પીને તે વડે રવાનનું નૂર બગાડવા કરતાં દીનના રાહે દેહ છોડવો બહેતર ધાર્યો. સાલેક પારકાનું દુઃખ ઝટ મટાડી શકેછે, પણ દિલ હેબતાયાથી સ્વાર્થનું દુઃખ મટતું નથી. ઝરથુસ્તની પવ્યંત ને નાતરેની બે બેરી છોકરાં મુકી મરણ પામી પણ ઝરથુસ્તથી એ આફત દૂર ન થઇ, પણ "લોહરાસ્પ તથા તેના ભાઈ ઝરીરને ફક્ત માંથ્ર ભણી મોતના કાંઠેથી ઝટ ઉડાડયા હતા" (સારેસ્તાન). કારણકે મેઝમેરિઝમ ચલાવનારનો પરમાર્થે પ્રયોગ બરાબર ઉતરેછે, પણ સ્વાર્થે પોતાના તેમજ જેની પર તે પ્રયોગ ચલાવે તેના રવાનનું નર ઝટ બગાડી નાખેછે.

દારડાં જેવાં ઉપસી ફાટ ફાટ થાયછે, ફેફસું તથા કલેજું ચાલતાં ઝૂલા ખાઇ છાતીએ અથડાયછે, ને પેટમાં પવન દોડતો ફરેછે, તેથી તે ઢોલ જેવું લાગેછે. આવી ઘણીક પીડા દમ બાંધતાં ખમવી

એ પીડાનો ઇલાજ

પડેછે. ને તેમને ટાળવાનો ઇલાજ (વિસ્પરદ-૧૦) ઝરથુસ્ત્રને. તેના પાક હોમ (=નર્ઇર્યોસંગે) હોમ પીવાનો બતાવ્યો હતો (વંદીદાદ-૨૦ તથા ૨૨). પીવામાં હોમ ને પહેરવેશમાં સદા પેટ પર ઊનનું કપડું તંગ રાખ્યું હાય તો કે શિલાજીત મેળવી દુધ પીધું હોય તો એ પીડા થતી અટકેછે. નળ વાયુનું જોર પેડુ પર ઊનનું કપડું વિટાળ્યાથી કે તંગ બાંધી રાખ્યાથી મટે છે. કદાચિત એજ હેતુ માટે, "ઇદ્રિસ (Edris) નબી (એટલે હોષંગ) કમર પર પટકો બાંધતો તે પર એવું લખાણ હતું કે આખર તરફ નજર કરવી તેમાં જાન તથા બદનની સલામતી છે" (તઝિ કરત-ઉલ-હુકમા). એવા પટકા યહુદણો સણ તથા ઊનના બનાવતી

યહુદીઓમાં કુસ્તીનીનકલ.

(Proverb-31), અને એલિજાહ, જેરીમિયાહ, તથા જોબ નબી કમરે તે બાંધતા (I. King-18, Jer. -1, Job-38, Luke-12). એ સિવાય તેઓ હલવાનના ચાંમડાંના પટા કમરે બાંધતા. ઇસા પેગમબરની મા મેરી તથા સેંટ ઓગસ્ટીન પણ દીનના રાહે એ પટા બાંધતા (Faiths of the world) સેંટ ઓગસ્ટીનના પંથવાળા કેથલિક ખ્રિસ્તિઓ એવું માનેછે કે આદમ તથા ઇવનું જોડું પણ એવા પટા કમરે બાંધતું. એ પટા નક્ષત્ર-ચક્રની નાડી માટે હોવાથી "હલવાનના" ચાંમડાંના બનાવેલા હતા. એમ એ પટા કુસ્તીનીજ નકલ છે. આવી રીતે યહુદીઓએ તો સુકાં ચાંમડાંને નસો નહીં ગણ્યો.

લટીના ફુમટાં ચિહ્ન માટે.

હવે કુસ્તીના છેડે લટીના તારના પડછા રહેવાને બદલે ફુમટાં રહેછે. હવે તાર જ્યારે ધંબારિયાં માટે છે, ત્યારે દરેક ધંબારિયાંની ૨૫) ચિહ્ન હોવાંથી દરેક તારમાં ૨૫) તાંતણા સમાવા જોઇએ. માટે રાસિ-ચક્રના બારીક ભાગ દેખાડવાને છેડાના તાંતણા પાળિયાંની માફક રાખવામા આવેછે. આ રીતને અનુસરી નજુમી પરેઝગારો પોતાની લાંબીદાઢીના વાળને વળ દઈ લટો પાડતા, ને તેમ હતું તે બહેસ્તુનના ડુંગરા

પર મોઢા દારા પાદશાહની તસ્વીરમાં જોઇએ છિએ.

કુસ્તી વગર ન બોલાય કે ચલાય.

હવે ૪૮) મા પાને દેખાડયા મુજબ (૨૫)નો આંકડો " મૂળ અષો હાલતમાં લાવવાનું સાધન " બતાવે છે. માટે એક ઘડી પણ આટલી ખુબીવંત કુસ્તી વગર આપણાથી, સરોષની દીન મુજબ, ચાર ડગલાં પણ પગે ચલાતું કે મોંથી બોલાઈ શકાતું નથી (વંદીદાદ--૧૮). કુસ્તી તથા ગીરેહબાનમાં મીનોની ખુબી તથા

ગીરેહબાન તથા કુસ્તી દરવંદના હાથમાં ન જાય.

ફરોહરના નૂરનો છાયો રહેછે (જુઓ પાને ૯૨ માં), તેથી સદરો ગાળ્યું થયા છતાં તેમજ કુસ્તી કતરાઇને તુટી ગયલી હોય તે છતાં કુસ્તી તથા ગીરેહબાન દુરવંદના હાથે આપણે જવા દેતા નથી; તેમાં કુસ્તી તો મુતલક નહિં; કારણ કે મેલી વિધ્યા ચલાવનારના હાથમાં આપણાં અંગને અડેલી ચીજ જાયછે તો તે વડે આપણાં ફરોહર પર વશિકરણ સવળતાથી ચલાવી શકેછે. એથી જે વાત તે અડેલી ચીજ હાથમાં રાખી તે માણસ પોતાના દિલમાં ધારે તે વાત આપણાં મનમાં અનુવૃત્તિ (Sympathy) એ પેદા થાય, ને પોતાની મેળે તે આદમીના કહ્યા વગર તેનીજ મરજી મુજબ કરીએ (White and. Black Magio-p. 74). એજ હેતુથી પરેઝગાર કોઇના પહેરેલાં કપડાં પોતે પહેરતો નથી; તેમજ રાત દહાડો પોતાથી વપરાતી તશબીહ કે લાકડી જેવી ચીજ બીજાના હાથમાં જવા દેતો નથી

મૂળ સરોષની દીનની કુસ્તીના મૂળ ભેદ.

મૂળ સરોષની દીનની કુસ્તી નવસેહના પાયે નક્ષત્ર-ચક્રના નમુને હોવાથી તેમાં ૨૭ તાર હોવા જોઇએ. પણ જમશેદ તો ગયો મરદી દીનની કુસ્તીના ૭૨ તાર કાયમ રાખ્યા તે પરથી જણાયછે કે તે મૂળ દીનની કુસ્તી હાલની કુસ્તી જેવીજ ૭૨ તારની ગીરેહબાનના માપની ખુબી પર હતી. (જુઓ પાને ૮૫ માં). ૫૮) મા પાને સમજાવ્યા મુજબ આખાં નક્ષત્ર-ચક્રના પાંચ ભાગ ગણાતા. એ આખું ચક્ર ૧૨૦ નવસેહનું ગણાતું. એ ચક્રના ૩ ભાગને જોડતાં ગીરેહબાનનો આકાર થાયછે, ને એ ત્રણે ભાગમાં ૭૨ નવસેહ સમાયછે-

એમ ગીરેહુબાનની બુઝર્ગી પર કુશ્તીના તારની સંખ્યા રહી. એથી લડ ૭૨ નવસેહુ માટે, લડી ૭૨ દહાડા માટે, ને લટી ૭૨ સેહુ માટે ૨૧ા રહી. એટલું છતાં ખોરાસાનના આપણા

કુશ્તી જોડે જનોઈનો સંબંધ

હમ-વતની હિંદુઓ.૨૭નેજ વળગી રહ્યા, તે પેશદાદી દીનના તથા અહુરમઝદી દીનના દીનદારોની વચગાળે રહેલા ખોરાસાન તરફ મૂળ રહેલા હિંદુની જનોઈ પરથી જોઈ શકીએ, કારણકે આપણે પણ પાદશાહ ખુશરૂ પરવીઝના વખતમાં નજૂમ વડે દીન-દુશ્મનીની અગમચેતી પામી, ખોરાસાનનું આપણું વતન છોડી, અહુરમઝદ બંદરે થોડાંક વરસ રહી દીવ બંદરે ઉતરી ગુજરાતમાં આવી વસ્યા છિયે. સદરા વગર કુશ્તી પહેરાતી નથી, પણ જનોઇતો એટલાજ માટે કોઈ પણ વસ્ત્ર પહેરતાં પહેલાં પહેરવી પડેછે. સૂર્ય-માર્ગની નકલે જનોઈ હોવાથી તે "ડાબાં" ખભાં પરથી છાતી પર થઇ જમણી કેડ તરફ રાખવામાં આવેછે. બ્રાહ્મણ રૂવાણી પરથી નરો રૂ લાવી તેનું સુતર કાંતેછે. પૂણ્યવંતા અધિક માસ વાળાં ચંદ્ર-વરસના ૩૮૪ દહાડાના ચાર દિવસવાળાં ૯૬ ચોકડાંનો મેળ રાખવા એ સુતરની કુકડી બનાવી ચારે આંગળાંના પોંચા પર ૯૬ આંટા વાળી ૩ આંટા વિટાળેછે. વળી દક્ષિણી બ્રાહ્મણ તો "૧૨" આંગળાં લાંબી લાકડાંની પટી કરી તે પર એ સુતરના ૧૮ આંટા લપેટેછે, ને બાકીનું સુતર તોડી નાખેછે. આ બેવડા ૧૮ આંટાએ ૧૨ આંગળિયાં ૩૬ માપ, એટલે ૧૦૮ પોંચા, સુતર થયું. પેશદાદી દીનમાં ગયો મરદી દીનનાં ધંબારિયાંને બદલે દશાવાડયાંની ગણત્રી ચાલતી તેથી અને સૂર્ય-વરસના ૩૬ દશાવાડયાં હોવાથી આ ૩૬ આંટા સુતર રાખવામાં આવેછે. ૩ નખેતરનું એક ચાલીસું, ૩ ચાલીસાંનો એક ચતુર્માસ, ને ૩ ચતુર્માસનું એક વરસ ગણાયાથી, એ સુતરની ૩ તારી દોરી કરેછે. એ દોરીને ત્રેવડી કરેછે; એ ત્રેવડી દોરીના ૩ આંટા કરેછે, અને એક નાકેથી ત્રણ આંટાને ગાંઠદેછે. જમણી તરફ રહેતા એ ગાંઠને બ્રહ્મ--ગાંઠ કે રૂદ્ર-ગાંઠ કહેછે. એ ગાંઠ જમણી તરફ રહેછે, કારણ કે તેમનાં મૂળ વરસના બે છેડા નક્ષત્ર-ચક્રના જમણાં પાસે ગંઠાય છે. આ સઘળી ગોઠવણ મૂળદીનની કુશ્તી

તથા બરશ્નુમના ૩ નવસેહ (9 thirds* ×૩)ને આબેહુબ મળતી છે. ૯૬) મા પાને બતાવેલા દરેક સેહ (term) ના નક્ષત્ર-ચક્ર પર (ઝં- ગ્રિ-ખ્શપર=) રાતથી શરૂ થતા ૩ દહાડા ગણાતા (વંદીદાદ-૯). એ સેહના પાછા ૯ ભાગ નજુમીઓ પાડતા, તેથી એ દરેક ભાગ એક પહોરનો થતો એમ ૩ પહોર (=ગેહ)નો એક રાત-દહાડો ને ૩ રાત-દહાડાનો એક નવ-સેહ ગણાતો. એજ ગણત્રીથી બરશ્નુમની મુદ્દત ૯૭ ગણાયછે. હવે દુનિયામાં મૂળ પાદશાહત આપણી કોમથી ચાલી હતી, તેથી ઇરાનની તમામ સરહદની આજુ બાજુ પણ આર્ય લોકમાં આપણો ધર્મ ફેલાયલો હતો તેથી, તેમજ "૧૩" મહીના વાળાં ચંદ્ર-વરસ તથા ચોકડાંની ગણત્રી પરથી જાણાય છે કે ગુજરાતીઓની જનોઈ સરોષની દીનની હોવી જોઇએ. હિંદુ વિદ્વાનો ઉપલો અંતર-ભેદ ન સમજતાં એવું માને છે કે તે ગાયત્રિના શ્લોકના મેળ મુજબ છે. કુશ્તી ઊનની બને છે, તેમ જનોઈ પણ ઊનની બનાવવાને વૈશ્યને અધિકાર છે (મનુ ધર્મ શાસ્ત્ર- ૨). જમીનમાં જ્યારે નિર્બળ (Negative) વિજળી હોય છે ત્યારે ઉઘાડે પગે ચાલતાં અંગની વિજળી જમીનમાં ઉતરી પડે છે. એથી ચામડાંના જોડા અંગની વિજળી અંગમાં રાખે છે(Do. P. 104)

* એક-તૃત્યાંશ અષોઈ માટે સવળ કુદરતી ભાગ-તબક્કા બતાવે છે, જેમકે આગલો તથા પાછલો પહોર અને રાતનો પહોર મળી ૩ ભાગનો દહાડો (વંદીદાદ-૪), ૩ પહોરની રાત (વંદીદાદ-૧૮), આસ્માનનો એક-તૃત્યાંશ શેતારાના લેબાસવાળો (ફરવરદીન યશ્ત-૧), હોમે અફ્રાસ્યાબને પૃથ્વીના વચલા ત્રીજા ખંડમાં બાંધ્યો (યશ્ન-૧૧), જમશેદે ત્રણ વાર એક-તૃત્યાંશ કરી જમીન વધારી (વંદીદાદ-૨), દાવર દસ્તુર ગુનેહગારની એક-તૃત્યાંશ સજા માફ કરે (વંદીદાદ-૫); આવાં યઝત પાસે હોષંગ પાદશાહે દુઆ માંગી કે ગીલાન તથા માઝીન્દ્રાનના દેવોમાંના ⅓ને મારૂં (આવાં યશ્ત-૬). દુરવંદ જોડે છીનાળું કરનાર તનનું નૂર બગાડી દેછે તેથી તેની બદ નજર પાક પાણી, પાક દરખ્ત, કે પાક આદમી પર પડે છે તો તે તેમની એક-તૃત્યાંશ વૃદ્ધિ તોડેછે(વંદીદાદ-૧૮); રીમન થયલો આદમી વાટમાં જે પહેલો આદમી મળે તેને રીમની ઉતારવા તેડે ને તે ન ઉતારે તો તે આદમી એક-તૃત્યાંશ રીમનીનો શરીકત થાય (વંદીદાદ-૮); ત્રણ ચાલીસાંનુ પુરૂં આયુષ્ય.

કુશ્તીની નકલે જનોઇ છતાં હિંદુમાં સદરો નહિં તેનુ કારણ.

કુશ્તીની નિરંગમાં સમજાવ્યા મુજબ ગાથાના દહાડાની સંખ્યાના બંધારણ પર સદરાનાં ખોખાંની ગોઠવણ છે. ગયો મરદ ગાથાના ૫)દહાડા ગણતો, તેથી તે ૫) કઠકાનો સદરો રવા રાખતો, પણ મૂળ સરોષની દીનમાં તો ગાથાના ૧૪ દહાડા ગણાતા (જુઓ પાને ૫૧માં). માટે મૂળ દીનના સદરામાં ૯ સાંધા ને ૫) કટકા ખોખાંના મળી ૧૪ની ખૂબી રહેતી, ને હજી તેમ જુના પરેઝગારો રાખેછે. હવે હિંદુઓ કંઈ દર વરસ ગાથા જેવા દહાડા ગણતા નથી, તેમજ અધિક માસ વાળાં ૧૩ મહીનાનાં ચંદ્ર–વરસના બંધારણેજ જનોઈ બનાવીછે તેથી તેમને સદરાની ખૂબી પડતી મુકી.

પદાન.

જોડની ખૂબી ઉપર ગીરેહબાન, ગીર્દા, તથા કુશ્તીની માફક પદાન પણ બે પડનું બનાવવામાં આવેછે. પેટમાં પચતા ખોરાકનો બાફ તેમજ અંદરનો સાંચો ચાલતો રહ્યાથી ઘસારાએ નાશ પામતી ચીજોના રજકણો શ્વાસ જોડે બહાર નીકળેછે. પાક આતશની રૂબરૂ રહી બુલંદ અવાજે પઢતાં એ ગલીચ બદબો મોં તથા નાકમાંથી નિકળી અવાજની હવાના ઝપાટા આતશને લાગી બહુ મહેનતે અસલ પાકી પર લવાયલા તે આતશની પાકી ન તોડે તે માટે નાક પર પરેઝગાર પદાન બાંધતા. હાલ જોકે મોબેદ સિવાય કોઈ પણ બહેદીન પરેઝગાર પદાન બાંધતા નથી, તોય જમશેદે અથોરનાનને બહેદીનથી જુદા પાડી તેમનો જુદોજ વર્ગ કીધો તેની અગાઉ બહેદીન કે મોબેદ પરેઝગાર એકજ સરખા હતા, માટે તેમની રીતે હાલ પણ સેઆવમાં પદાન ઈજાવીએ છીએ, અને પદાનીઓ રવાનને પદાન બાંધે છે.

પેતાવા.

રેશમની માફક ચામડું નસામાંથી પેદા થયલું હોવાને લીધે પાક ક્રિયામાં ચામડાંના જોડા નહિં પણ લુગડાંના પેતાવા ઈજારવા પડે છે. સુકું લાકડું તથા સગુતું કપડું થોડી ઘણી અંગની વિજળી

જોડા ચામડાંના રવા કેમ.

ચુસે છે, પણ સુકું ચામડું તે ચુસી શકતું નથી (Chambers' Electricity, p. 29) એથી ચામડાંનાં માઝર વગર લાકડાંની ખડાંઉ પહેરવી ના–રવા ગણાય છે. આપણાં અંગમાં પ્રબળ (Positive). વિજળી રહેછે ને

પાક ક્રિયા કરતાં મોબેદ જોડાને બદલે લોઢાની ખડાઉ પહેરે છે. લોઢું જો કે અંગની વિજળી ચુસી લેછે ને ચામડું તેમ કરતુ નથી, તોય લોઢાંથી પાકી વધારે રહે છે. એથી બલાગતથો તે પહેરનાર પાક મરદની અડાસે અવાઈ શકાતુ નથી (મવાસ પાનું-૨૦૩). દાઝખી રવાનો બદ ઓમાંજ રહી તથા પોષાઇ શકે છે (યશ્ન-૩૧ તથા ૪૮). ધોયલા પગથી, ખરાબ જમીન પર ચાલી જવાથી, અને બીજી રીતે જોડાના ચામડાંના રેષામાં થોડી ઘણી ગલીચી પેસ થઇ શકેછે માટે એ ગલીચી પર તેમને ઉતરવું સવળ પડે છે, તે ટાળવા માટે લોઢાંની ખડાઉ પહેરવામાં આવે છે, અને લુગડાંના પેતાવા સેઆવમાં મુકવામાં આવે છે.

હવે મરદ પરેઝગારના સેઆવના વાગામાં મુકાતા બાકીનાં વસ્ત્ર જામો-પીછોડી, ટોપી (-પાઘડી), લેગો, તથા રૂમાલ છે.

જામો-પીછોડી. જામો મીનો અલબરૂઝના નમુને છે, અને પીછોડી રાશિ-ચક્રના નમુને છે. આ સબબે હઝારી પંથવાળા દીનદાર દાવરો કમરે પીછોડી બાંધતા તે રાશિઓના ચિતારવાળી બાંધતા. જે નેમ સુદરેહ-કુસ્તીમાં રહીછે, તેજ નેમ જામા પીછોડીમાં જણાય છે.

સેઆવનાં બીજાં વાના. બેવડ જોડની ખૂબી પર, દીલ પર સુદરેહ-કુસ્તી પહેરેલી છતાં, જામો-પીછોડી પરેઝગારોને પહેરવી પડે છે. (વંદીદાદ-૧૮). એ માટે કુસ્તી કરતાં હાથ મોં ધોઈ સફેદ રૂમાલ વડે એ પરેઝગાર પોતાના મોં હાથ નુછતો કે પઢતાં પોતાના માથા પર મુકતો તે રૂમાલ, પાક આતશની ન્યાયશ કરતાં પાઘડી તથા અંદર સફેદ ટોપી પહેરતો તે, અને ફરઝયાત બંદગીઓ પઢી રહી ખોરશેદની સામે (યશ્ન-૫૭) ઉભો રહી અહુર મઝદ પાસે ગુનાહની માફી માગતો (શાહઝાદ દસ્તૂરની સદ દર-૪૯), તથા કમીના તરીકે ખાકસારીનું નિશાન દેખાડવા પાક આતશના સામા સવળતાથી, ગયો મરદની બેડકની નકલે, ગુડણે પડી તથા પાક ખાક કપાળે લગાડી (યશ્ન-૩૯, તથા વંદીદાદ-૧૮માં કહેલી) દુઆ માગી શકાય તેવો નેમથી ઢીલો પાચ-જામો યાને લેગો પહેરતો તે, સઘળાં વસ્ત્ર તે પરેઝગારની નૈયતે ઈજાવવાં પડે છે. વાગા (=ઝ. વઙ્હુન) ના નામે બોલાતાં આ સઘળાં નવાં કોરાં કપડાં ઈજાવતાં અગાઉ તેમને નવ-સેહની ખૂબી પર "ત્રણ પાણીએ"

મોબેદ પહેલાં ધોઇ વણાટમાં દીધેલા ખાશનો પટ તેમજ હારની અંદરની કે બીજી નજીસો જે દિલના પરસેવા સાથે મળી લોહીને બગાડે તેવી હોય તે કાઢી નાખી પાક કરેછે (વંદીદાદ-૧૨) તેથી તેને પાઝંદ એટલે જુની ફારસી ભાષામાં "સે-આવ" (=સેહ=ત્રણ આવ=પાણી) એટલે ત્રણ પાણીવાળાં. ત્રણ પાણીએ ધોયલાંનો વાગો કહેછે. આ સેઆવ ૮૪) મા પાને સમજાવ્યા મુજબ

સેઆવ ૧૩ કે ૯ વસ્ત્રનો કેમ.

અરોષની દીનમાં કપડાંના "૧૩ નંગનો "હતો, ને તે મુજબ ચેહારમના સેઆવમાં પાઘડી તથા પટકો ઇજાવી, ૧૩નો મેળ હજી કરીએ છીએ પણ દાહેકાના સેઆવમાં તો "૯ કપડાંજ" ઇજાવીએ છીએ. આ કપડાં સાલેકને આસન પર બેસતાં દિલ પર સહેલથી રહી શકે એવાં હલકાં, નરમ, ને ઢીલાં છે. આ સેઆવના વસ્ત્રમાં અહુરમઝદી દી-

બચ્ચાંનો સેઆવ.

નની અગાડીના ઇસનો પરેઝગારોએ કેટલી ખૂબી જોઇ હશે કે જાનની પાકી સાચવવા માટે ૧૩ દશાવાડયાં સુધી ગર્ભમાં રહેલાં એક છોકરાંથી (શાહપૂર ભરૂચીની રવાયત) તે સવા સાત (=૮૭=૨૯×૩)મહીનાના છોકરાં માટે (સદ દર-૧૩) પણ તેઓએ સેઆવનું "આંગલુ" ઇજાવવાની ફરજ મુકી છે!

લાખ યથા પઢાવવા.

અષો પરેઝગાર પીળાં ઉનના ગોળ ચાકળા પર બેસી બહેશ્તના પંથની ૧૩ કે દરેક ૧૩ હજાર હાસરની મંજલની યાદમાં રહી ફેરખાની તશબીહ વડે પોતાની નવરાસનો વખત યથાના બોલોની ૧૩ કે ૧૧ જોડ પઢયા કરવામાં કાઢતો. એ માટે તેની નૈયતે બામદાદના વખતે જ્યારે મોબેદનું દિલ સાફ હોય છે

યથા લાખજ કેમ.

ત્યારે યથા પઢાવીએ છિયે, ને એવા યથાનો મેળ લાખ થાય ત્યાં સુધી આખું વરસ ભણાવીએ છિયે. લાખજ કેમ તેની ખૂબી યથાના ૧૧મા પ્રકરણમાં સમજાવી છે.

રવાનના કાલ્બુતની સાબિતી.

આપણાં બદનનાં ખોળિયાંમાં રવાનનું કાલ્બુત હાથે હાથ, પગે પગ, માથે માથું, કાને કાન, આંખે આંખ પોરવાઇ રહ્યું છે. એની સાબિતી મેઝમેરિઝમના પ્રયોગમાં જણાય છે. જે આદમી પર પ્રયોગ ચલાવવામાં

આવે છે તેની અંદર રહેલાં કાલ્બુતના આંખ તથા કાનના સ્થાન અનુવૃત્તિ (Sympathy) થતાં ફરી જાય છે. તેના કાનમાં કહે તો તે સાંભળતો નથી, પણ તેના પેટ આગળ કે હાથના આંગળાંનાં ટેરવાં આગળ વાત કરતાં તે ઝટ સાંભળે છે. તેને વાંચવાનું આપતાં તે માથાં પર કે પગ તળે કે પેટ પર રાખી વાંચેછે, પણઆંખે દેખતો નથી.

મુઆંને સેઆવ શા ખપનો.

સેઆવ તરીકે ઇજાતો પોશાક કે જે તે પરેઝગાર હ્યાં પહેરતો તેજ પોશાકમાં તેના પાક રવાનવાળાં કાલ્બુતને અષો દિલ વડે ખોઆબમાં પાક મનશ્નીનું આદમી જોઈ શકે છે. (પ્રવાસ પાનું ૧૪૬) ત્યારે તે મીનોઈ પોશાક કેમ ના ગણાય? હઝરતના દેખાવમાં જીવતાંનાં તેમજ મુએલાંનાં ફરોહરો પોતાના હમેશના પોશાકમાંજ નજરે પડે છે. વળી તે સિવાય, સાલેક એકકે વખતે પોતાના કાલ્બુત તથા ફરોહરને ઘણી જગાએ ફરવી શકે છે. એ ફરોહર સાલેકનાજ પોશાકે બધાં માણસોને મળે છે, ને સામો આદમી એમજ સમજે છે કે તે ખુદ સાલેક છે. જ્યારે આ પોશાકે જીવતાંનું કાલ્બુત દેખાય તો ગુજરેલાં માણસનાં રવાનનો એ પોશાક કેમ ન હોય? ગુજરેલા સંત પુરૂષો તથા ઇસ્લામી પરેઝગારોનાં રવાન પોતાની હૈયાતી વખતની એબાદત ગાહમાં કેટલીક વાર એકાંતમાં એબાદત કરતાં આપણને પાકી વડે નજર પડેછે તે વખત તેમના દિલ પર પણ તેમના પાક પહેરવેશના ધોતાં કપડાં દેખીએ છિએ. એમ સેઆવના બદલામાં પાક રવાનને મીનોઈ જહાનમાં મીનો પોશાક મળેછે, ને તે આપનાર ગાથા છે (યસ્ન–૫૪). દાદાર, મીનો, અમષાસ્પંદ, તથા યઝત જેવા ચઢતા ઉતરતા દરજ્જાની મીનો પેદાયશ હૈયાત છે, ને તે પેદાયશ માણસના જાનના દરજ્જાથી ઉંચા દરજ્જાવાળી છે, ને પાકી વડે ચઢતી પંકિત ધરાવે છે. મીનોચેહર તથા ગુસ્તાસ્પ પાદશાહે ફરેસ્તાના દિલ પર પાક પહેરવેશ નજરે જોયો હતો તો પછી હલકા દરજ્જાવાળો આદમીનો જાન પાકીએ રહ્યાથી તેવા પોશાકમાં મીનોઈમાં પણ રહે તેમાં શું નવાઈ!

ખાસ યઝતની મદદની સાબેતી

યઝતો આપણા રવાનના પાસ્બાન છે. જે યઝતને આપણે રોજ આરાધીએ તેજ યઝતના રોજને દહાડે તેને ખાસ આરાધવો જોઇએ. માટે તે દહાડે તેની ખાસ આરાધના કરવા જતાં કંઇને કંઇ હરકત આવી નડેછે. હેરેમન તેની ખાસ

મદદ છોડાવવાને એમ કોશિશ કરેછે તે આપણે દખીતું જોઇએ છિએ.

પરેઝગારી વડે અગમ ખબર

હવે ઉપર કહેલી પરેઝગારી દીનદારને પોતાના રવાનની પાકી માટે ખરેખરી જરૂરની છે, કારણકે જે જે વસ્તુ તથા જે માણસને, તેઓમાંથી ઝરતાં ખરાબ નૂરને લીધે, અડકવાને પરેઝગારોને મનાઇ છે તે ચીજ યા માણસ અજાણતાં દિલે લાગેછે. અને તે લાગ્યાની ખબર એ દીનદાર કશી જાણતો નથી તો તે દખાવ, ખાબ એ. જાનની એક હુલકી કુદરતી સમાધિ હોવાથી, ખોઆબમાં આબેહુબ તેનું રવાન જોયછે ને પછી બહુ કમકમેછે. વળી પઢતાં કદી ભૂલ થાય ને રોજની ગણત્રી ચુકેછે તો તેનું પાક રવાન ખરા રોજનો દખાવ આબેહુબ ખોઆબમાં જુએછે (Job-33). આદર રોજ હોયતો પાક આતશનો સેઝદો કરતાં, આવાં હોયતો અર્દુઇસુરને નમાઝ કરતાં, ખોરશેદ હોયતો ખોરશેદની ન્યાયશ કરતાં, મહોર હોયતો માહની સેતાયશ કરતાં પાક રવાનો નજરે પડેછે, કે પોતેજ તેમ કરેછે. બાજ, ધંબાર, તથા જશનની ક્રિયા તથા ચાશ્નીમાં, પોતે તે વિષે તદન અજાણ છતાં, તેમાં પોતાનું રવાન સામેલ થયલું તે ખોઆબમાં દખેછે. પાદશાહ નોશીરવાન આદેલ જે ઇ. સ.

તેની સાબેતીનો દાખલો

૫૩૧-૫૭૯માં રાજ કરી ગયો તેણે પોતાની મુળ ફરજનું સવાબ હાંસલ કરવા દએ માહવાળો મોટો ધંબાર કીધો. તેજ મુજબ તેના દૂરના મુલકના લાચાર બહેદીન મરઝબાને ઘરનો દરવાજો વેચી એક લંગડા મોબેદને ખભે બેસાડી લાવી તેની પાસે એ ધંબાર ઇજાવ્યો. તેના સવાબનો મોટો ખજાનો એ પાદશાહે ખોઆબમાં જોયો, ને તેની સાથે એ માણસનું નામ ઠામ પણ નેક રવાનોએ તેને બતાવ્યું (ફરઝયાત નામું). દસ્તુર આઝર કએવાન સલુકના રાહે ચાલવા માંડયો ત્યારે યુનાન, હિંદુસ્તાન, તથા ઈરાનના મોટા કાબેલ લોકનાં ફરોહર તેના ખાબમાં આવીને તરેહ તરેહની દાનાઇ, ઈલમ, તથા અક્કલ શિખવીને સોંપી ગયા (શારેસ્તાન). સરોષવાળી મઝદ-યશ્ની, ગયો મરદ વાળી આહુરી, પેશદાદી, તથા જમશેદના વખતની અહુરમઝદી દીનની ઉપર કહેલી અંતર ખૂબી જોઈ શાણો વાંચનાર એવો આદમીના ખાલમાં કહેશેજ કે એવો રવાનની મૂળ ક્રિયા "આંખમાં

ધાલીન" કરીશ; કારણ કે ધંબાર, ફરવરદેગાન (=મુકતાદ), ગેઝગાર,

માણસની મૂળ ૭ ફરજ.

રોજ ત્રણ વારની ખુરશેદ-મહેરની ન્યાયશ, મહીનામાં ૩ વખત એટલે કે ચાંદરાત પુનમ તથા અમાસના આગલા દહાડે પઢાતી માહ બોખ્તાર ન્યાયશ, તથા રપિથ્વન ઇજાવવી એ હરેક માણસની મૂળ ૭ ફરજ છે (દા.પા.નું ફરઝયાત નામું) ને તે સઘળી મીનો પંથને લગતી છે.

રવાની ઇલમે પુરી પરેઝગારી.

આજની વિધાને અનુસરતો પેલી જહાનના રવાનનો હેવાલ જ્યારે વાંચનાર પુરેપુરો સમજશે ત્યારે પોતાના દીલથી ઉસ્તવાર રહી મક્કમ ઠરાવ પોતાના જીવ સાથે કરશે કે હું પણ ત્યારે પાદશાહ દારા, દારાબ, બહમન, અસ્પન્દયાર, લોહરાસ્પ જેવા સલુકવાળી હોષંગી દીનના પરેઝગારો; તેમજ જમશેદ, ફરેદુન, મીનો ચેહર, કએ-ખુશરો, ગુસ્તાસ્પ, અરદેશર, શાહપર, નોશીરવાન જેવા શહેનશાહો; અને જમશેદ પાદશાહના બાપ વિવંઘાન, ફરેદુનના બાપ આથ્વિયાન, કેરેસાસ્પના બાપ થ્રિત, તેમજ હોમ, સ્પેન્તમાન, પોરૂશસ્પ જેવા કદીમ ઇરાની પરેઝગારો જેઓ પઓર્યો-દકએષાન તથા બસ્ત-કુસ્તીયાન કહેવાડવામાં વડાઇ માનતા, અને અષો સરોષ યઝતને પાક પેદાયશનો ઉપરી તથા પોતાના રવાનનો પાસ્બાન (સરોષ યશ્ત વડીની નિરંગ) એકીનથી માની મઝદ-યશ્ની નામે બોલાતી જુનામાં જુની દીન પર ચુસ્ત રહી તેની ફિલસુફી ભરેલી અંતર ખુબીવાળી પરેઝગારી પાળતા, તેમને પગલે રહી બરતર અષોઇ કેજે ઝરથુસ્તે જુની દીનો તાળવી પોતાના હોશની પાકી વડે અહુરમઝદને પુછપુરછ કરી (યશ્ન-૧૩) પૂરી ખાત્રી કરીને (વંદીદાદ-૧૮) દેખાડીછે (જસ મે અવંઘહ) તે અષોઇ પાળવાને, તેમજ સારા તોય મીનો જહાનની ખુબી સમાવનારો પહેર વેશ પહેરવાને માટે કદીમ ફિલસુફી ભર્યા પરેઝગારોની મગરૂરી ધરાવીશ.

ચાલવું કયી દીન મુજબ.

રએ શહેરના હોષંગી યાને માહ-આબાદી, મહેર પરસ્તેશવાળી પેશદાદી, તથા અહુર મઝદી દિનના દીનદારોમાં જન્મ્યા છતાં ખરી પરેઝગારીનો ઇલમ ઝરથુસ્ત ઇરાન વેજમાં જઇ સરોષ વાળી મઝદ-યશ્ની દીન પાળનાર હોમ પરેઝગાર પાસે શિખ્યા, અને ગયો મરદે પાળેલી અંદરથી તેમજ બહારથી પાકી તથા અષોઇ રખાવનાર સરોષની દીન (યશ્ન-૧૯,

ઝરથુસ્ત નામું) બુઝર્ગ ગણી, અને નજુમના ઇલમમાં સુધારો તથા વધારો થયાથી જુના મત ફર્યા છતાં, તે કદીમ મતની ખૂબી પર ચાલતી આવતી દીનની ક્રીયા એકીનથી માની, તો આપણે પણ માઝદયસ્ની નામે બોલાતી એજ ઉત્તમ દીનને બરતર ગણી તેના ફરમાન મુજબ ચાલવું (વંદીદાદ-૮) ઘટારત છે. પ્રથમ દીન ચલાવનારામાં ગયો મરદ, પેશ્દાદ, કે હોષંગ પાદશાહ નહિ પણ જમશેદ પાદશાહનું નામ અષો ઝરથુસ્ત દેખાડે છે (વંદીદાદ-૨), કારણ કે જમશેદ ખરો ઇરાની હતો, અને ગયો મરદ, પેશ્દાદ, તથા હોષંગ તો મીડિયા યાને ઇરાક અજમીના વતની હતા. એમ ઇરાની દીન એમણે પસંદ કરી છે. ઇરિાન વેજના દીનદારોની ફિલ્સુફી આજે પણ ખરી માલમ પડે છે. મહેર પંથના મત બહુ તકી શકતા નથી. તે હઝારા, અને ખુરશેદ તથા મહેર ન્યાયશના ભેદ સમજતાં વાંચનાર જોઇ શકશે.

" આ જે છે તે મારાથી થયું છે. અહુર મઝદની
મહેરબાનીથી એ બધુ બના લાવવા મેં
દિલ લગાડયું હતું........."

દારા પાદશાહનો બહેસ્તુન ડુંગરા
પરનો લેખ.

સમાપ્ત.

દોહરો.

ગ્નાન પેલી જહાનનું, મેળવી થયો નિરાંત;
કરાર મળ્યો જાનને, જીવ રહેછે શાંત.

શુદ્ધિ પત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૫	બધવા.	બંધવા.
	૧૪	બિદુ.	બિંદુ.
૩	૨૬	રેક.	દરેક.
	૨૯	ચરન.	ચાર દરાન.
૬	૨૫	જાતન.	જાતના
૭	૪	માસ.	૮ માસ.
	૧૨	ભર.	ભાર.
		કુતર.	કુતરા.
	૧૪	હોમ.	અહર્યમ
૮	૯	અખરી.	આખરી
૧૧	૯	સરોપની	પિશાબની
૧૨	૨૬	બતાવ છે.	બતાવે છે.
૧૫	૪	શહર.	શહેર.
૧૭	૨૯	નૃહ.	નૂહ.
૧૮	૩૩	બતાવછે	બતાવે છે.
૧૯	૧૧	મેટાં	મોટાં.
૨૦	૨૪	અરકુ	આરકું
૨૧	૧૫	સવલ	સવાલ.
૨૨	૩૪	તથા	૧૨)મા, તથા
૨૪	૭	બવકું	એવકું
૨૬	૧૬	આયુંષ્યા	આયુષ્ય
૩૦		બ્રહ્મ-અંડ	બ્રહ્મ-અંડ
૩૬	૧	ઢડી	ઢંડી.
	૭	તરફન.	તરફના.
	૩૦	વોહુમને	વોહુમનો
૩૭	૮૫	નરે	નૂરે.
૩૯	૧	દસાતાર	દસાતીર.
૪૦	૩૨	ગયોમ રદ	ગયો મરદ
૪૧	૫	એક ફલાંગના	૧૨૬ અંશના.
૫૦	૧૬	મસ્તા.	મસ્તા.
૫૭	૭	ખબી.	ખૂબી.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫૮	૯	મળ	મૂળ.
	૧૧	પેવદ	પેવંદ.
		પોલો	પોલા.
	૧૯	પેવદ	પેવંદ.
	૨૯	પરચન	પચ્યન્.
૫૯	૨૩	ઝદ.	ઝંદ.
૬૦	૬	અગોઢા.	અંગોઢા.
૬૨	૧૬	યઝદાનઓ	યઝદાનીઓ
	૨૮	પનીર.	દરૂન.
૬૩	૩	દરૂન.	પનીર.
	૨૨	બદગી	બંદગી.
૬૫	૫	ઝમ	ઝુમ.
૭૩	૨૩	રહાથી	રહ્યાથી.
૭૪	૨૩	હાં.	હ્યાં.
૭૬	૨	ખબી.	ખૂબી.
૮૨	૨	તેનું	તેનું.
૮૫	૨૯	ગીર્દામાં	ગીર્દામાં.
૮૬	૩૦	ગાંડ.	ગાંદ.
૮૭	૨૨	પહલો.	પહેલો.
૮૮	૧૪	પેશદાદા	પેશ્દાદી.
૯૦	૨૨	બાદીને	બાદાને.
૯૩	૨૬	પ્રત્ય.	પ્રત્યગ
૯૪	૩૧	નર.	નૂર.
૯૮	૨૨	પૃથ્વી	પૃથ્વિ.
૧૦૧	૧૫	સવા-સાત	સવાસાતવરસ એટલે
	૨૪	લાખજ ... સમજાવેછે	એ બોલ કાઢી નાખવા
૧૦૪	૧૨	શાહપર	શાહપૂર.